અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

22 JANUARY-2026 THURSDAY | Vol. : 17 | Issue : 201 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886




3 'ગુંડાગીરી નહીં, સન્માનની ભાષા સમજીએ છીએ': USની ફ્રેન્ચ વાઈન પર 200%ની ધમકી પછી ફ્રાન્સના રાષ્ટ્રપતિ....



4 ધીરજ રાખતા શીખો કારણકે જ્યારે તમારો સમય આવશે, ત્યારે તમને પૂછ્યા વગર બધું જ મળી જશે



6 હાંડે અર્સેલ 'કિંગ'નો વીડિયો લેતાં પકડાઈ ગઈ, ભોઠી પડતાં અહંકારી નિવેદન આપ્યું



7 સોનું પહેલીવાર ₹1.5 લાખ પાર, ₹7795 વધ્યું: 21 દિવસમાં 22 હજાર મોંઘું થયું, ચાંદી 10 હજાર વધીને ₹3.20 લાખ પર પહોંચી

## અરાવલીમાં પ્રતિબંધ પછી પણ ગેરકાયદેસર ખનન : સુપ્રીમ કોર્ટ

### આનાથી એવી પરિસ્થિતિઓ સર્જાશે, જેને સુધારી શકાશે નહીં, રોકવા માટે નિષ્ણાત સમિતિ બનાવીશું

**જયપુર, તા.21**

સુપ્રીમ કોર્ટમાં બુધવારે અરવલ્લીની ટેકરીઓ પર સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું કે પ્રતિબંધ હોવા છતાં ગેરકાયદેસર ખનન ચાલી રહ્યું છે. આનાથી એવી પરિસ્થિતિઓ ઊભી થશે જેને સુધારી શકાશે નહીં.

CJI સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વિપુલ એમ પંચોલીની બેન્ચે કહ્યું કે ખનન રોકવા માટે નિષ્ણાતોની એક નિષ્ણાત સમિતિની રચના કરવામાં આવશે. કોર્ટે રાજસ્થાન સરકાર પાસેથી ગેરંટી લીધી કે અરવલ્લી વિસ્તારમાં કોઈપણ પ્રકારનું ખનન





થવા દેવામાં આવશે નહીં.

કોર્ટે પહેલા નાની ટેકરીઓ પર ખનનનો આદેશ આપ્યો હતો, પછી પાછો ખેંચી લીધો હતો સુપ્રીમ કોર્ટે 20 નવેમ્બરના રોજ જારી કરેલા આદેશમાં 100 મીટરથી નાની ટેકરીઓ પર ખનનનો આદેશ આપ્યો હતો. જેના કારણે સમગ્ર દેશમાં 100 મીટરની વ્યાખ્યાને લઈને વિવાદ ઊભો થયો હતો.

29 નવેમ્બરે પોતાના જ આદેશ પર રોક લગાવી દીધી હતી. કેસની તપાસ માટે નિષ્ણાત સમિતિની રચના કરવાનો નિર્દેશ આપતા કેન્દ્ર અને અરવલ્લીના ચાર રાજ્યો (રાજસ્થાન, ગુજરાત, દિલ્હી અને હરિયાણા)ને પણ નોટિસ જારી કરીને આ મુદ્દે જવાબ માગ્યો હતો.

અરવલ્લી પર્વતમાળાનું સંરક્ષણ કરવું મહત્વપૂર્ણ સુનાવણી દરમિયાન બેન્ચે કહ્યું- આ કોઈ પ્રતિસ્પર્ધી મુકદ્દમો નથી, પરંતુ અરવલ્લી પર્વતમાળાનું સંરક્ષણ કરવું એ ઉદ્દેશ્ય છે. બેન્ચે કહ્યું- 29 ડિસેમ્બર 2025ના આદેશમાં સ્વતઃ સંજ્ઞાન લઈને જે મુદ્દાઓને રેખાંકિત કર્યા હતા. તેમને જોતા અરવલ્લીની વ્યાખ્યા સાથે સંકળાયેલા વૈજ્ઞાનિક, પર્યાવરણીય, ભૂસ્તરશાસ્ત્રીય અને કાનૂની પાસાઓની પુનઃ સમીક્ષા માટે સ્વતંત્ર નિષ્ણાત સંસ્થાની જરૂર પડી શકે છે.

## ઈરાનમાં ફસાયેલા ભારતીઓની બીજી બેચ ભારત પરત ફરી

### અત્યાર સુધીમાં 200 થી વધુ સુરક્ષિત પહોંચ્યા, ઈરાન હિંસામાં 3 હજારથી વધુ મોત થયા

**શ્રીનગર, તા.21**

ઈરાનમાં ફસાયેલા ભારતીય વિદ્યાર્થીઓની બીજી બેચ મંગળવારે રાત્રે સુરક્ષિત રીતે ભારત પરત ફરી છે. જમ્મુ-કાશ્મીર સ્ટુડન્ટ્સ એસોસિએશન (JKSA) અનુસાર, વર્તમાન પરિસ્થિતિ વચ્ચે આ વાપસી વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો માટે મોટી રાહત લઈને આવી છે.



JKSA એ જણાવ્યું કે વિદ્યાર્થીઓ દુબઈ અને શારજાહ થઈને એર ઈન્ડિયાની ફ્લાઈટ AI-996 અને AI-930 દ્વારા દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પહોંચ્યા. તમામ વિદ્યાર્થીઓ પોતાના ખર્ચે ભારત પરત ફર્યા છે. અત્યાર સુધીમાં 200 થી વધુ ભારતીય વિદ્યાર્થીઓ ઈરાનથી ભારત પરત ફર્યા છે, જેમાં જમ્મુ-કાશ્મીરના વિદ્યાર્થીઓની મોટી સંખ્યા છે.

JKSA એ જણાવ્યું કે અઝરબૈજાન અને મસ્કત થઈને જતી કનેક્ટિંગ ફ્લાઈટ્સ સહિતની સિવિલ એવિએશન સેવાઓ પહેલા રદ થવાને કારણે ઘણા વિદ્યાર્થીઓ સમયસર પાછા આવી શક્યા ન હતા. આ પહેલા 17 જાન્યુઆરીએ પણ ભારતીય વિદ્યાર્થીઓ ઈરાનથી પરત ફર્યા હતા.

ઈરાનમાં ત્યાંની કરન્સી 'રિયાલ' ઐતિહાસિક રીતે નીચે ગગડવા અને મોંઘવારીના વિરોધમાં 28 ડિસેમ્બર 2025માં પ્રદર્શનો શરૂ થયા હતા. દેશના તમામ 31 પ્રાંતોમાં હિંસા ફેલાઈ ગઈ છે. આમાં 3 હજારથી વધુ લોકોના મોત થયા છે. મોટાભાગના લોકો ગોળી વાગવાથી માર્યા ગયા છે.

## અવિમુક્તેશ્વરાનંદની ચેતવણી- નોટિસ પાછી ખેંચો

### પ્રયાગરાજ તંત્રએ પૂછ્યું હતું, 24 કલાકમાં જણાવો કે તમે પોતાને શંકરાચાર્ય કેવી રીતે ઘોષિત કર્યા

**પ્રયાગરાજ, તા.21**

પ્રયાગરાજમાં મૌની અમાસ પર સ્નાનને લઈને પ્રશાસન અને સ્વામી અવિમુક્તેશ્વરાનંદ વચ્ચે શરૂ થયેલો વિવાદ હવે શંકરાચાર્યના પદ સુધી પહોંચી ગયો છે. અવિમુક્તેશ્વરાનંદે 24 કલાકમાં મેળા પ્રશાસનને 8 પાનાંનો જવાબ ઈ-મેલથી મોકલ્યો છે. નોટિસને મનસ્વી, દૂષિત અને ગેરબંધારણીય ગણાવી.



અવિમુક્તેશ્વરાનંદે કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટે એવો કોઈ આદેશ આપ્યો નથી, જેનાથી અવિમુક્તેશ્વરાનંદને શંકરાચાર્ય પદ પર રહેવાથી રોકવામાં આવ્યા હોય. મામલો કોર્ટમાં વિચારણા હેઠળ છે, તેથી કોઈપણ ત્રીજા પક્ષને ટિપ્પણી કરવાનો કે રોક લગાવવાનો અધિકાર નથી.

તેમણે પ્રશાસનને નોટિસ પાછી ખેંચવાની ચેતવણી પણ આપી છે અને કહ્યું હતં કે જો આમ કરવામાં નહીં આવે તો માનહાનિ અને કોર્ટના અવમાનના સહિત અન્ય કાનૂની કાર્યવાહી કરશે. તેમનું કહેવું છે કે આનાથી શંકરાચાર્યની છબિ ખરાબ થઈ રહી છે.

હકીકતમાં મંગળવારે મેળા પ્રશાસને સુપ્રીમ કોર્ટના 14 ઓક્ટોબર 2022ના એક આદેશનો હવાલો આપતાં નોટિસ જારી કરીને પૂછ્યું હતું કે તેમણે પોતાને શંકરાચાર્ય કેવી રીતે ઘોષિત કરી દીધા. આ મામલો સુપ્રીમ કોર્ટમાં ચાલી રહ્યો છે. જ્યાં સુધી આ કેસનો નિર્ણય ન આવે ત્યાં સુધી કોઈને પણ શંકરાચાર્ય ઘોષિત કરી શકાય નહીં.

કોર્ટે આ પદ પર કોઈને બેસાડવા પર રોક લગાવી છે. તેમ છતાં, અવિમુક્તેશ્વરાનંદે શિબિરમાં લાગેલા બોર્ડ પર પોતાને "જ્યોતિષપીઠના શંકરાચાર્ય" લખ્યા છે. આ કૃત્યથી કોર્ટના આદેશનું ઉલ્લંઘન થયું.

## NASAમાંથી સુનીતા વિલિયમ્સ રિટાયર થઈ: અંતરીક્ષમાં 600 દિવસથી વધુ સમય વિતાવ્યો

**નવી દિલ્હી, તા.21**

અમેરિકી સ્પેસ એજન્સી NASAના એસ્ટ્રોનોટ સુનીતા વિલિયમ્સે નિવૃત્તિ લઈ લીધી છે. ભારતીય મૂળના સુનીતા વિલિયમ્સે અંતરિક્ષમાં એવા અનેક રેકોર્ડ બનાવ્યા છે જે દરેક ભારતીયને ગૌરવ અપાવે છે. પછી તે સ્પેસમાં 9 વાર વોક કરવાનું હોય કે અંતરિક્ષમાં 600 થી વધુ દિવસ વિતાવવા હોય. ગયા વર્ષે, સુનીતા વિલિયમ્સ મહિનાઓ સુધી સ્પેસમાં ફસાયેલા રહેવાને કારણે ચર્ચામાં આવ્યા હતા, તેમના પૃથ્વી પર સુરક્ષિત પરત ફરવા બદલ અમેરિકાથી ભારત સુધી ખુશીઓ મનાવવામાં આવી હતી. જાણો સુનીતા વિલિયમ્સના નામે કયા મોટા રેકોર્ડ છે.

સૌથી વધુ સ્પેસવોક: સુનીતા વિલિયમ્સના નામે એક મહિલા તરીકે સૌથી વધુ સમય સુધી સ્પેસવોક કરવાનો રેકોર્ડ છે. તેઓ 9 વાર સ્પેસવોક કરી ચૂક્યા છે, જેમાં તેમનો કુલ સમય 62 કલાક 6 મિનિટથી વધુ રહ્યો છે.

અંતરિક્ષમાં રોકાણ: તેમણે પોતાની કારકિર્દીમાં કુલ 608 દિવસ અંતરિક્ષમાં વિતાવ્યા છે. આ સમય સુનીતા વિલિયમ્સે 3 મિશન દરમિયાન મેળવ્યો હતો. વૈજ્ઞાનિક પ્રયોગો: તેઓ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) પર અનેક મહત્વપૂર્ણ વૈજ્ઞાનિક પ્રયોગો અને જાળવણીના કાર્યોમાં સામેલ રહ્યા છે. અંતરિક્ષ યાત્રાનો પ્રારંભ: સુનીતા વિલિયમ્સને 1998માં નાસા દ્વારા અવકાશયાત્રી તરીકે પસંદ કરવામાં



આવ્યા હતા. તેઓ 3 સ્પેસ મિશન (એક્સપિડિશન 14/15, 32/33 અને 71/72)માં સામેલ રહ્યા હતા. મુખ્ય સન્માન: તેમને DSSM (2), લિજન ઓફ મેરિટ, નેવી કમેન્ડેશન મેડલ (2), નેવી એન્ડ મરીન કોર્પ્સ અચીવમેન્ટ મેડલ, હ્યુમેનિટેરિયન સર્વિસ મેડલ અને અન્ય અનેક સેવા પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા છે.

ભારતીય મૂળના અમેરિકન અવકાશયાત્રી સુનીતા વિલિયમ્સે મંગળવારે જણાવ્યું હતું કે દુનિયામાં એક નવી સ્પેસ રેસ ચોક્કસ ચાલી રહી છે, પરંતુ હેતુ એ હોવો જોઈએ કે માનવતા ટકાઉ, ઉત્પાદક અને લોકતાંત્રિક રીતે ચંદ્ર પર પહોંચે. વિલિયમ્સે કહ્યું કે ભારત આવવું તેમને ઘર વાપસી જેવું લાગે છે, કારણ કે તેમના પિતા ગુજરાતના મહેસાણા જિલ્લાના ઝુલાસણ ગામના હતા. દિલ્હીમાં એક કાર્યક્રમમાં તેમણે કહ્યું- એક સ્પેસ રેસ ચાલી રહી છે, પરંતુ આ એ વાતની રેસ છે કે આપણે ચંદ્ર પર કઈ રીતે પાછા ફરીએ છીએ. આપણે ત્યાં ટકાઉ રીતે જવું જોઈએ, જેથી જોડાણના નિયમો નક્કી થાય અને અલગ-અલગ દેશો મળીને કામ કરી શકે. બિલકુલ એન્ટાર્કટિકાની જેમ. વિલિયમ્સે કહ્યું કે સ્પેસ ટ્રાવેલ એક ટીમ સ્પોર્ટ છે અને દેશોને મળીને કામ કરવાની જરૂર છે. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો કે અવકાશનું વ્યાપારીકરણ જરૂરી છે, કારણ કે તેનાથી નવી ટેકનોલોજી, સેટેલાઈટ, સ્પેસ એક્સપેરિમેન્ટ અને 3D પ્રિન્ટિંગ જેવા ક્ષેત્રોમાં રોજગાર અને નવીનતાની તકો વધે છે. એનડીટીવી સાથે વાત કરતા, તેમણે ચંદ્ર પર જવાના પ્રશ્ન પર હસતા કહ્યું- હું ચંદ્ર પર જવા માંગુ છું, પણ મારા પતિ મને મારી નાખશે. ઘરે પાછા ફરવાનો સમય આવી ગયો છે. મશાલ સોંપવાનો પણ સમય આવી ગયો છે. અવકાશ સંશોધકોની આગામી પેઢીએ ઈતિહાસમાં પોતાનું સ્થાન બનાવવું પડશે.

## આ છે આર્મીના અનોખા 'સિપાહી': પરેડમાં પહેલીવાર જોવા મળશે બે ખૂંધવાળા ઊંટ

**નવી દિલ્હી, તા.21**

26 જાન્યુઆરીએ પરેડમાં અલગ અલગ બટાલિયન, ફ્લોટ, આર્મીની તાકાતનો પરિચય થાય છે, પણ આ વખતે પહેલીવાર આર્મીના અનોખા 'સિપાહી' ગણાતાં પ્રાણી ને પક્ષી પણ જોવા મળશે. આ વખતની પરેડમાં બેક્ટ્રિયન ઊંટ, ઝાંસ્કર પોની (નાના કદના ઘોડા), અલગ અલગ બ્રીડના આર્મી ડોગ અને શાતિર નજર રાખનારાં બાજપક્ષી આકર્ષણનું કેન્દ્ર બનશે. આર્મીના જવાનો સાથે કદમ સાથે કદમ મિલાવીને દુર્ગમ જગ્યાઓમાં સાથ આપનારાં આ જાનવરોની વિશેષતા પણ જાણવા જેવી છે.

માઈનસ 40 ડિગ્રીમાં પહાડ ચડી શકે છે બેક્ટ્રિયન ઊંટ પહેલા વાત કરીએ બે ખૂંધવાળા ઊંટની, જેને બેક્ટ્રિયન કેમલ અથવા મંગોલિયન ઊંટ પણ કહે છે. હકીકતમાં તેની બે ખૂંધ એ કડક ચરબી છે. એની અંદર પાણી, ખોરાકનો સંગ્રહ કરી શકે છે અને ચઢાણવાળા રસ્તે લાંબો સમય ખોરાક, પાણી વગર રહી શકે છે. જે જગ્યાએ ખોરાક-પાણીની અછત હોય ત્યાં પણ એ લાંબો સમય ટકી રહે છે. એના શરીર પરના લાંબા, જાડા વાળ એને અતિશય ઠંડીથી રક્ષણ આપે છે. એ માઈનસ 40 ડિગ્રી તાપમાન સુધી સહન કરી શકે છે. એના નાકનાં છિદ્રો ધૂળને રોકવા માટે સીલ કરી શકાય એવાં હોય છે, જ્યારે તેમના પહોળા પગ કુદરતી સ્નોશૂઝ જેવું કામ કરે છે.

રસપ્રદ વાત એ છે કે માનો કે ખોરાક, પાણી ખતમ થઈ ગયાં હોય તોપણ બેક્ટ્રિયન ઊંટ બરફ ખાઈને પણ જીવી શકે છે. હવે આ બેક્ટ્રિયન ઊંટ ભારતીય સેનાનો ભાગ છે. એ દુર્ગમ પહાડોમાં જવા માટે ભારતીય સેનાને મદદ કરે છે. આ ઊંટ 15 હજાર ફૂટની ઊંચાઈએ ચઢી શકે છે અને 250 કિલો વજન સાથે લઈ જઈ શકે છે. એની હાજરીએ ચીન સરહદ પર સેનાની લૉજિસ્ટિક્સ ક્ષમતાઓને નોંધપાત્ર રીતે મજબૂત બનાવી છે.

પોતાની રીતે ડિસિશન લેનારા ડોગ આર્મીમાં કામ કરે છે ભારતીય આર્મીમાં શ્વાનો ઈન્ડિ કેનાઈન હીરો તરીકે ઊભરી આવ્યાં છે. પોલીસના ડોગ વિશે તો આપણને ખબર છે, પણ ઈન્ડિયન આર્મીના ડોગનું કામ વધારે અઘરું છે. સેનામાં રિમાઉન્ટ વેટરિનરી કોર્પ્સ, મુધોલ હાઉન્ડ, રામપુર હાઉન્ડ, રાજપલયમ, કોમ્બાઈ અને ચિપ્પીપરાઈ ડોગ બ્રિડ જોવા મળશે, જેમાં ચિપ્પીપરાઈ ડોગ એક્સપ્લોસિવ શોધવામાં માહેર હોય છે. આમાંથી એક છે સાઉથ ઈન્ડિયન બ્રિડનો મુધોલ હાઉન્ડ ડોગ છે. એ દોડવામાં ચિતા જેવો પાવરધો છે તો બેલ્જિયન શેફર્ડ ડોગ (જર્મન શેફર્ડને મળતા આવે) એ સૌથી ચાલાક અને ચતુર ડોગ છે. એક સૈનિક જેવું કામ કરે છે. સ્થળ પર સૈનિકોના આદેશની રાહ જોયા વગર ડિસિશન પોતે જ લઈ લે છે. સાઈકોલોજી લેવલે તમામ ડોગને સાયન્ટિફિક ટ્રેનિંગ અપાઈ રહી છે. આવા 10 ડોગને પહેલીવાર પરેડમાં બતાવશે. આર્મીના ડોગ માટે 'કેનાઈન' શબ્દ વપરાય છે. ભારતીય સેના પાસે 1 હજારથી વધારે ટ્રેઈન્ડ ડોગ્સ છે. આર્મી ડોગની મુખ્ય ભૂમિકા સર્ચ અને ડિફેન્સ છે. તેઓ લેન્ડમાઈન અને બોમ્બ શોધવામાં મદદ કરે છે. આ બહાદુર કૂતરા સૈનિકોના જીવ બચાવે છે. આર્મી ડોગની ટ્રેનિંગ પણ આર્મી જવાન જેવી જ હોય છે.

## MP-રાજસ્થાન સહિત 6 રાજ્યોમાં વાવાઝોડા સાથે વરસાદની સંભાવના

### બિહારમાં ધૂમ્મસના કારણે 5 ટ્રેનો મોડી, ઉત્તરાખંડમાં ઝરણાં થીજી ગયા, હિમવર્ષાનું એલર્ટ

**નવી દિલ્હી, તા.21**

રાજસ્થાન, મધ્યપ્રદેશ, બિહાર, યુપી, ઉત્તરાખંડ અને હરિયાણામાં બે દિવસ પછી વરસાદની સંભાવના છે. રાજસ્થાનમાં 22 જાન્યુઆરીએ 6 જિલ્લાઓ અને 23 જાન્યુઆરીએ 10 જિલ્લાઓમાં વાવાઝોડા સાથે વરસાદ પડી શકે છે. કરા પણ પડી શકે છે.

મધ્યપ્રદેશમાં 23 અને 24 જાન્યુઆરીએ ગ્વાલિયર-રીવા સહિત 10 જિલ્લાઓમાં વરસાદનું



એલર્ટ છે. આ દરમિયાન ધુમ્મસ પણ છવાયેલું રહેશે.

બિહારના અરરિયા, પૂર્ણિયા સહિત 5 જિલ્લાઓમાં ધુમ્મસ છવાયેલું રહેશે. સવારે વિઝિબિલિટી ઓછી હોવાને કારણે 5 ટ્રેનો મોડી ચાલી રહી છે. ઔરંગાબાદ સહિત ઘણા શહેરોમાં સવારથી વાદળો છવાયેલા છે.

જ્યારે, ઉત્તરાખંડમાં સૌથી વધુ ઠંડી આદિ કૈલાશ (પિથોરાગઢ) અને કેદારનાથ ધામમાં નોંધાઈ હતી. અહીં લઘુત્તમ તાપમાન -21 ડિગ્રી સેલ્સિયસ હતું.

હિમાચલ પ્રદેશમાં વરસાદ-બરફવર્ષા પહેલા 5 જિલ્લાઓમાં શીતલહેર ચાલશે. સવારે અને રાત્રે કડકડતી ઠંડીનો અંદાજ છે.




# AMCના અધિકારીઓનું ભોપાળું, 18 મીટરના રોડને 9 મીટરનો બનાવી દીધો

## નવરંગપુરામાં ફૂટપાથ, યુટિલિટી ને પાર્કિંગ બનાવી રોડ નાનો કર્યો, સ્ટેન્ડિંગ ચેરમેને કામગીરી બંધ કરાવી





**અમદાવાદ, તા.21**

અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં સરદાર પટેલ સેવા સમાજ પાસે રોડ બનાવવાની કામગીરીને લઈને વિવાદ સામે આવ્યો છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના ભાજપના પદાધિકારીઓએ આજે(21 જાન્યુઆરી) ઘટનાસ્થળે પહોંચી રોડ પ્રોજેક્ટ વિભાગના અધિકારીઓને ખખડાવ્યા છે. ભાજપના સત્તાધીશોએ મ્યુનિસિપલ કોર્પોરેશનના રોડ પ્રોજેક્ટ વિભાગ દ્વારા 18 મીટરના રોડને ફૂટપાથ અને પાર્કિંગ વગેરે કરી 9 મીટર જેટલો રોડ બની જાય અને ટ્રાફિકની સમસ્યા ઉદભવે એવા રોડ બનાવવાની કામગીરી કરતા ભાજપના પદાધિકારીઓ દ્વારા રોડ બનાવવાની કામગીરીને બંધ કરાવવામાં આવી છે. આ સમગ્ર મામલે કમિશનર અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને સ્થળ પર નિરીક્ષણ કરી હયાત રોડ પર ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તેને લઈ કામગીરી કરવા સૂચના આપી છે. સીજી રોડ અને લો-ગાર્ડનને જોડતા વિસ્તારોને ડેવલોપમેન્ટ કરવા માટે રૂ. 100 કરોડનો કોન્ટ્રાક્ટ સ્કાય વે ઈન્ફ્રા પ્રાઈવેટ લિમિટેડ નામના કોન્ટ્રાક્ટરને આપવામાં આવ્યો છે. મીઠાખળીથી ગિરીશ કોલ્ડ્રિંક્સ તરફ 500 મીટરનો રોડ જે છે તેને ડેવલપમેન્ટ કરવા માટે 6.5 કરોડનો ખર્ચ થશે. આ રોડ ડેવલોપમેન્ટ થતા તેમાં 9 મીટરનો ટ્રાફિક માટેનો રોડ રહેશે.

શહેરમાં અનેક જગ્યાએ રોડ પ્રોજેક્ટ વિભાગ દ્વારા કામગીરી કરવામાં આવે છે જેમાં કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓ દ્વારા કામગીરી થતી હોય છે. ભાજપના નેતાઓ દ્વારા રોડ કમિટીમાં રોડ મંજૂર કરાવી દેવામાં આવે છે, પરંતુ ત્યારબાદ કેવો રોડ બનશે તે અંગે કોઈ યોગ્ય ચકાસણી થતી નથી. ત્યારે ભાજપના નેતાઓએ યોગ્ય રીતે કામગીરી ન થતી હોવાનો સવાલ ઊભા કરી હાલમાં રોડ પ્રોજેક્ટ વિભાગ દ્વારા જે રોડ બનાવવાની કામગીરી કરવામાં આવી રહી છે તેના ઉપર બ્રેક લગાવી દીધી છે. મીઠાખળી છ રસ્તાથી સીજી રોડ તરફ જવાનો 18 મીટરનો રોડ છે. જેમાં ફૂટપાથ ત્યારબાદ ગટરની ડક અને પાર્કિંગ બનાવતા રોડ ખૂબ નાનો થઈ ગયો છે. કોન્ટ્રાક્ટર અને પીએમસી તેમજ અધિકારીઓ દ્વારા બનાવવામાં આવેલી આ સમગ્ર ડિઝાઈનને લઈને મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણી ઘટનાસ્થળ પર પહોંચ્યા હતા અને તાત્કાલિક ધોરણે રોડ પ્રોજેક્ટ વિભાગના અધિકારીઓને આ સમગ્ર મામલે મ્યુનિસિપલ કમિશનર અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને જાણ કરી છે હાલ તાત્કાલિક ધોરણે રોડ બનાવવાની કામગીરી બંધ કરાવવામાં આવી છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે ડેપ્યુટી મેયર જતીન પટેલની સાથે સીજી રોડ નજીક આવેલા ગિરીશ કોલ્ડ્રિંક્સ પાસેથી મીઠાખળી તરફ જતા રોડ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે રોડ પ્રોજેક્ટ વિભાગ દ્વારા સ્માર્ટ રોડ બનાવવાની કામગીરી ચાલી રહી હતી જેમાં હાલ હયાત 18 મીટરનો રોડ છે ત્યાં જે કામગીરી ચાલી રહી હતી તેનું નિરીક્ષણ કર્યું હતું. અત્યારે હાલમાં ટ્રાફિકની સમસ્યા ઉદ્ભવી રહી છે ત્યારે રોડ બનાવવાની કામગીરી ચાલી રહી છે જેમાં ફૂટપાથ અને પાર્કિંગ માટે પેવર બ્લોક નાખવામાં આવ્યા છે જેથી હયાત રોડ 18 મીટરની જગ્યાએ અડધો એટલે કે 9 મીટર જેવો થઈ જતો હતો.

બપોરે કમિશનર અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર સહિતના અધિકારીઓ આ સ્થળ ઉપર રાઉન્ડ લેશે. 18 મીટરનો હયાત રોડ રહે તેના માટે જરૂરી સૂચના આપવામાં આવી છે. અત્યારે હાલમાં આ કામગીરી બંધ કરી દેવામાં આવી છે. કમિશનરના રાઉન્ડ પછી આ રોડ મામલે જરૂરી કાર્યવાહી થશે.

ઈજનેર રોડ પ્રોજેક્ટ દ્વારા પશ્ચિમ ઝોનના નવરંગપુરા વોર્ડમાં સીજી રોડને જોડતા તથા લો ગાર્ડનની આસપાસના રસ્તાઓને સી.જી.રોડની ડિઝાઈનની જેમ લો ગાર્ડન પ્રિસિંક્ટ એરીયાના રોડ ડેવલપ કરવાનું કામ મંજૂર થયું છે.

જે મુજબ મીઠાખળી તથા લો ગાર્ડન પ્રિસિંક્ટ એરીયાને ડેવલપ કરવાના કામ અંતર્ગત મીઠાખળી જંકશનથી ગિરીશ કોલ્ડ્રીંક્સથી વાઘ બકરી ટી લોન્જ સુધી 18 મીટર રોડ ટી.પી. રસ્તાને ડેવલપ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. હયાત પરિસ્થિતિએ રોડનો ઈફેક્ટિવ કેરેજ વે 9થી 10 મીટર પહોળાઈમાં છે. રોડ પર બંને બાજુ 2.5 મીટર પહોળાઈમાં ખાલી રહેલી જગ્યામાં ઓન સ્ટ્રીટ પાર્કિંગ થતું હતું તથા 1 મીટર પહોળાઈમાં જર્જરિત અવસ્થામાં ફૂટપાથ આવેલી હતી. જેમાં મીઠાખળી જંકશનથી સરદાર પટેલ સેવા સમાજ ચાર રસ્તા સુધી રોડની જમણી બાજુએ 2.3 મીટર ઓનસ્ટ્રીટ પાર્કિંગ + 9.0 મીટરની પહોળાઈમાં કેરેજ વે + 1.2 મીટર મલ્ટી યુટિલિટી ઝોન તથા 2.0 મીટર ઓછી વત્તી પહોળાઈમાં ફૂટપાથ ડેવલપ કરવા ડિઝાઈન કરવામાં આવી છે.

# PSI-LRD બનવાનું પૂરું કરવા દોડ્યા ઉમેદવારો, ગુજરાતમાં 15 ગ્રાઉન્ડ પર ફિઝિકલ ટેસ્ટ કરાયો



**અમદાવાદ, તા.21**

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) અને લોકરક્ષક દળ (LRD) ની કુલ 13,591 જગ્યાઓ માટેની ભરતી પ્રક્રિયાના પ્રથમ તબક્કાનો 21મી જાન્યુઆરીથી પ્રારંભ થયો છે. ત્યારે આજે રાજ્યના 15 નિર્ધારિત ગ્રાઉન્ડ્સ પર શારીરિક ક્ષમતા કસોટી (PET) શરૂ થઈ હતી.

અમદાવાદના શાહીબાગ સ્થિત પોલીસ હેડક્વાર્ટરના જે.ડી. નગરવાલા ગ્રાઉન્ડ ખાતે વહેલી સવારથી જ ઉમેદવારોનો ઉત્સાહ જોવા મળ્યો હતો. અમદાવાદમાં ખાસ કરીને મહિલા ઉમેદવારો માટે વ્યવસ્થા કરવામાં આવી છે. અહીં રાજકોટ, અમરેલી, બનાસકાંઠા અને આણંદ સહિતના વિવિધ જિલ્લાઓમાંથી મહિલા ઉમેદવારો શારીરિક કસોટી આપવા માટે આવ્યા હતા.

રાજકોટના નિર્ધારિત કેન્દ્ર પર પણ વહેલી સવારના ઉમેદવારોની લાઈનો જોવા મળી હતી. અહીં જૂનાગઢ અને મોરબી જિલ્લાના ઉમેદવારોની શારીરિક કસોટી યોજાઈ રહી છે. ઠંડીના માહોલ વચ્ચે પણ ઉમેદવારોમાં ખાખી વર્દી મેળવવાનો જોશ જોવા મળી રહ્યો છે. આ ભરતી અંતર્ગત ઉમેદવારોને રાજ્યના 15 નિર્ધારિત શહેરો, જિલ્લાઓ, SRP જૂથો અને તાલીમ કેન્દ્રોમાં શારીરિક ક્ષમતા કસોટી (PET) અને શારીરિક માપ કસોટી (PST) માટે 21 જાન્યુઆરીથી શરૂ થઈ હતી. પુરુષ ઉમેદવારોની શારીરિક કસોટી 11 ગ્રાઉન્ડ ખાતે 13 માર્ચ 2026 સુધી યોજાશે, જ્યારે મહિલા અને માજી સૈનિક ઉમેદવારો માટે 4 ગ્રાઉન્ડ ખાતે 21 જાન્યુઆરીથી 6 માર્ચ 2026 સુધી કસોટી યોજાશે.

તમામ ગ્રાઉન્ડ પર સીસીટીવી કેમેરા અને આધુનિક ચિપ ટેકનોલોજી દ્વારા દોડની સમયમર્યાદા માપવામાં આવી રહી છે, જેથી પ્રક્રિયામાં સંપૂર્ણ પારદર્શિતા જળવાઈ રહે. પોલીસ ભરતી બોર્ડ દ્વારા ઉમેદવારો માટે પીવાનું પાણી, મેડિકલ ટીમ અને બેસવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થનાર ઉમેદવારો બીજા તબક્કાની લેખિત પરીક્ષા માટે પાત્ર ગણાશે. 13 માર્ચ સુધી ચાલનારી આ કસોટીમાં રાજ્યના લાખો યુવાનો પોતાના નસીબ અજમાવશે.

# મ્યુનિસિપલ કમિશનરે ગાર્ડન ખાતાના 140 કરોડના કામની ફાઈલ સ્કુટીની માટે મોકલી

## આ ફાઈલોમાં પુરતા ડોકયુમેન્ટ રજુ કરવામા નહીં આવતા સ્કુટીની થઈ ના શકી



**અમદાવાદ, તા.21**

મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ ગાર્ડન વિભાગના રુપિયા ૧૪૦ કરોડના કામની ફાઈલ સ્કુટીની માટે જોઈન્ટ ડાયરેકટર મિકેનીકલને મોકલી આપી હતી.જો કે આ ફાઈલોમાં પુરતા ડોકયુમેન્ટ રજુ કરવામા નહીં આવતા સ્કુટીની થઈ શકી નથી. કમિશનરે કરોડો રુપિયાની આ ફાઈલો પણ સ્કુટીની માટે મોકલી આપતા આ કામો સામે પણ મ્યુનિ. વર્તુળોમાં શંકા વ્યકત કરવામા આવી રહી છે.

ગાર્ડન વિભાગ દ્વારા થોડા સમય પહેલા ટ્રેકટર ટ્રોલી સપ્લાય અને ગાર્ડન લેબર સપ્લાયની એજન્સી એમ પેનલ કરવા બે જુદા જુદા ટેન્ડર કરાયા હતા.જેમા ત્રણ વર્ષની મુદત અને બે વર્ષનો વધારો કરી શકાય તેવી જોગવાઈ કરવામા આવી હતી.ત્રણ વર્ષ માટેના બે ટેન્ડરોની રકમ રુપિયા ૧૪૦.૨૨ કરોડ અને પાંચ વર્ષ માટે બે ટેન્ડરની રકમ રુપિયા ૨૩૫.૭૦ કરોડ નકકી કરવામા આવી છે.જો કે આ બે ટેન્ડરોમાં ખોટી રીતે એજન્સીઓને કવોલીફાય કરી ભ્રષ્ટાચાર આચરવામા આવ્યો હોવાની રજુઆત જુદા જુદા કોન્ટ્રાકટરો દ્વારા મ્યુનિસિપલ કમિશનનરને લેખિતમા કરાઈ છે.વિજિલન્સ તપાસની પણ માંગ કરાઈ હતી.પરંતુ વિજિલન્સ તપાસ હજુ સુધી કરાઈ નથી.સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ, મ્યુનિસિપલ કોર્પોરેશનની વર્તમાન ટર્મ પુરી થવા તરફ છે.આ પરિસ્થિતિમા ગાર્ડન વિભાગના અધિકારીઓ કરોડો રુપિયાના ટેન્ડરોને મંજુર કરાવવા ઉતાવળ કરે છે.બીજી તરફ કેટલાક હોદ્દેદારો પણ તમામ કામોની દરખાસ્ત ઝડપથી સ્ટેન્ડિંગ કમિટીની મંજુરી માટે મુકવામા આવે તેવુ દબાણ કરી રહયા છે.

# ચાર વર્ષથી ફરાર લુટેરી દુલ્હનની ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી

## લગ્નના 4 જ દિવસમાં દાગીના-રોકડ રકમ લઈને રફુચક્કર થઈ જતી, ઉંમરલાયક છોકરાને કરતી ટાર્ગેટ કરતી



**અમદાવાદ, તા.21**

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે લગ્નના નામે છેતરપિંડી કરીને ફરાર રહેતી લુટેરી દુલ્હનને ઝડપી લઈને મોટી સફળતા મેળવી છે. મૂળ રાજસ્થાનના ઉદયપુરની વતની માનવીની ક્રાઈમ બ્રાન્ચે લાલ દરવાજા વિસ્તારમાં આવેલી આઈપી મિશન ચર્ચ પાસેથી ધરપકડ કરી છે.

છેલ્લા ચાર વર્ષથી પોલીસને ચકમો આપી ફરાર રહેલી આ આરોપી લગ્ન માટે ઉંમરલાયક પરંતુ લગ્ન ન થતા હોય એવા યુવકોને ટાર્ગેટ બનાવીને છેતરપિંડી કરતી હતી. લગ્નના માત્ર ચાર જ દિવસમાં માનવી દાગીના અને રોકડ રકમ લઈને રફુચક્કર થઈ જતી હતી. અગાઉ માનવીના પિતા સૂરજમલ મીણા, માતા રાજારાણી અને અન્ય એક સાથીદાર યોગેશ પરમારની ધરપકડ કરવામાં આવી હતી. માનવી લગ્નની વાત નક્કી કરી યુવક અને તેના પરિવારનો વિશ્વાસ જીતતી હતી. ત્યારબાદ લગ્ન દરમિયાન રોકડ રકમ અને દાગીના લઈ થોડા જ દિવસોમાં ફરાર થઈ જતી. આવા જ એક કેસમાં વર્ષ 2022માં માધુપુરા પોલીસ સ્ટેશનમાં ચિરાગભાઈ નામના વ્યક્તિએ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. આરોપી માનવીએ ચિરાગભાઈ સાથે લગ્ન કર્યા હતા. લગ્ન માટે આરોપીઓએ 1.50 લાખ રોકડા અને અંદાજે 30,000ના દાગીના લીધા હતા. જોકે લગ્નના માત્ર ચાર દિવસમાં જ માનવી દાગીના અને રોકડ રકમ લઈને અચાનક ગાયબ થઈ ગઈ હતી. જેથી માધુપુરા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન ખુલ્યું હતું કે, આ છેતરપિંડી પાછળ માત્ર માનવી નહીં પરંતુ આખું એક ટોળકી સક્રિય હતી. પોલીસે અગાઉ આ કેસમાં માનવીના પિતા સૂરજમલ મીણા, માતા રાજારાણી તથા એક સાથીદાર યોગેશ પરમારની ધરપકડ કરી હતી. જોકે મુખ્ય આરોપી માનવી મીણા લાંબા સમયથી ફરાર હોવાથી પોલીસ માટે તેને પકડવું પડકારરૂપ બન્યું હતું. જેથી પોલીસે દ્વારા તેની શોધખોળ શરૂ કરવામાં આવી હતી.

લાંબા સમય સુધી અલગ-અલગ શહેરોમાં રહીને પોલીસથી બચતી રહેલી માનવી અંગે ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી. જેના આધારે ક્રાઈમ બ્રાન્ચે ટીમ બનાવી લાલ દરવાજા વિસ્તારમાં વોચ ગોઠવી હતી. જે દરમિયાન આઈપી મિશન ચર્ચ પાસેમાંથી માનવીને ઝડપી લેવામાં આવી છે. ધરપકડ બાદ તેને આગળની કાર્યવાહી માટે માધુપુરા પોલીસને સોંપવામાં આવી છે. આ ટોળકીએ માત્ર આ એક કેસમાં નહીં પરંતુ અન્ય અનેક નિર્દોષ લોકોને પણ લગ્નના નામે છેતરપિંડીનો શિકાર બનાવ્યા હોવાની શંકા છે. જેથી આરોપીની વધુ પૂછપરછ શરૂ કરવામાં આવી છે. તેના અગાઉના સંપર્કો, ફોન ડેટા તેમજ આર્થિક લેવડદેવડની તપાસ હાથ ધરવામાં આવી છે. તપાસમાં નવા ભોગ બનેલા લોકો અને અન્ય સાગરીતોના નામો સામે આવે તેવી શક્યતા છે.

# ગુજરાત હાઈકોર્ટનું કડક અવલોકન: ત્રાસ આપતા પતિની સજા માફ, આશરો ન આપનાર માતા-પિતા ગુનાને પાત્ર



**ગાંધીનગર, તા.21**

પરિણીત મહિલાઓ દ્વારા સાસરિયાના ત્રાસથી કંટાળીને સંતાનો સાથે આપઘાત કરવાના વધતા કિસ્સાઓ પર ગુજરાત હાઈકોર્ટે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. એક ચુકાદા દરમિયાન જસ્ટિસ ગીતા ગોપીએ અવલોકન કર્યું હતું કે, 'જે માતા-પિતા પોતાની દીકરીને સાસરિયામાં ક્રૂરતા સહન કરવા મજબૂર કરે છે અથવા પિયરમાં આશરો આપવાનો ઈન્કાર કરે છે, તેઓ પણ દીકરીના આપઘાત માટે જવાબદાર ગણી શકાય.'

એક પરિણીતાએ તેના દારૂડિયા પતિના ત્રાસ અને મારથી કંટાળીને પોતાના એક વર્ષના માસૂમ બાળક સાથે ટ્રેન નીચે કૂદીને આપઘાત કરી લીધો હતો. આ કેસમાં ટ્રાયલ કોર્ટે પતિને 7 વર્ષની સજા ફટકારી હતી. જો કે, હાઈકોર્ટે પુરાવાના અભાવે પતિને નિર્દોષ જાહેર કર્યો છે અને પિયર પક્ષની ભૂમિકા અંગે આકરા સવાલો ઊઠાવ્યા હતા.

ગુજરાત હાઈકોર્ટે ચુકાદામાં જણાવ્યું હતું કે, ઘણીવાર દીકરી સાસરિયામાં સહન ન કરી શકતા પિયર પાસે મદદ માંગે છે, પરંતુ માતા-પિતા કે જ્ઞાતિના વડાઓ તેને સમજાવીને કે દબાણ કરીને પાછી સાસરે મોકલે છે. જે માતા-પિતા દીકરીને આશરો ન આપીને તેને ઘાતક પરિસ્થિતિમાં પાછી મોકલે છે, તેમની સામે 'આપઘાત માટે મજબૂર કરવા'ના આરોપ હેઠળ કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ.

કોર્ટે સ્પષ્ટ કર્યું કે, માતા-પિતા ગમે તેટલી મુશ્કેલ સ્થિતિમાં હોય, પણ તેમને તેમના માસૂમ બાળકોનું જીવન છીનવી લેવાનો કોઈ અધિકાર નથી.

જસ્ટિસ ગીતા ગોપીએ ભાર મૂક્યો હતો કે, સમાજમાં માતા-પિતાને એ બાબતે શિક્ષિત કરવા જોઈએ કે દીકરી માટે પિયરના દરવાજા હંમેશા ખુલ્લા રહેવા જોઈએ. ન્યાય માટે પોલીસની મદદથી એક રચનાત્મક અને સંવેદનશીલ અભિગમ હોવો જરૂરી છે. જો આશરો ન આપનાર માતા-પિતા સામે કાર્યવાહી શરૂ થાય, તો પરિણીત મહિલાઓના આપઘાતના દરમાં મોટો ઘટાડો લાવી શકાય તેમ છે.

કોર્ટે અંતમાં જણાવ્યું હતું કે દીકરીઓને મરવા માટે મજબૂર કરતા સાસરિયાઓ જેટલા જવાબદાર છે, તેટલા જ જવાબદાર એ માતા-પિતા પણ છે જેઓ મુસીબતના સમયે દીકરીનો હાથ છોડી દે છે. સમાજમાં પરિવર્તન લાવવા માટે આ એક સીમાચિહ્નરૂપ અવલોકન સાબિત થઈ શકે છે.

# શાહપુરના 8 ફૂટ સાંકડા રોડ પર બાઈક અને મોપેડ સામ સામે ભટકાતા બંને ચાલકના મોત



**આણંદ, તા.21**

પેટલાદ તાલુકાના શાહપુર ગામ નજીકના 8 ફૂટ સાંકડા રોડ પર બાઈક અને મોપેડ સામ-સામે ભટકાતા બે ચાલકના મોત નીપજ્યા હતા, જ્યારે મોપેડ પર પાછળ બેઠેલા યુવકને ગંભીર ઈજા પહોંચી હતી. આ અંગે પેટલાદ ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, પેટલાદ તાલુકાના શાહપુર ગામે રામદેવ ચોક વિસ્તારમાં ચિરાગભાઈ મણીભાઈ પટેલ રહે છે. સોમવારે તેઓને કામ હોય તેઓ કામ અર્થે પેટલાદ શહેરમાં ગયા હતા. દરમિયાન, પેટલાદનું કામ પતાવીને પરત પોતાના ઘરે શાહપુર ગામે આવવા માટે નીકળ્યા હતા. સાંજે સવા સાત વાગ્યે તેઓ પેટલાદ શાહપુર જવાના રોડ પર આવેલી નિર્મેશભાઈ પટેલની ખરી નજીકથી પસાર થતા હતા. આ વખતે સામેથી પુરઝડપે આવી ચઢેલા મોપેડ સાથે તેમનું બાઈક અથડાયું હતું. જેને પગલે બંનેના ચાલકને ગંભીર ઈજા પહોંચી હતી. તપાસમાં મોપેડ પર અલ્પેશભાઈ તળપદા અને તેમની પાછળ ગોરેલ ગામના જીતુભાઈ ભાનુભાઈ બેઠા હતા. આ અકસ્માતમાં ત્રણેયને ગંભીર ઈજા પહોંચી હતી. જેને પગલે 108 મારફતે ઈજાગ્રસ્ત ચિરાગભાઈ મણીભાઈ પટેલ, અલ્પેશભાઈ કનુભાઈ અને જીતુભાઈ ભાનુભાઈને તાત્કાલીક સારવાર અર્થે પેટલાદ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બાઈક ચાલક ચિરાગભાઈ પટેલ અને મોપેડ ચાલક અલ્પેશભાઈને ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા.

# BMW બાઈકચાલકે મજૂરને જોરદાર ટક્કર મારી: કર્ણાવતી યુનિવર્સિટીના વિદ્યાર્થીએ શ્રમિકને અડફેટે લેતા મોત, ગુનો નોંધાયો




**અમદાવાદ, તા.21**

સાઉથ બોપલ વિસ્તારમાં રોડ ક્રોસ કરી રહેલા મજૂરનું અકસ્માત થતા મોત નિપજ્યું છે. પુરઝડપે આવી રહેલી કર્ણાવતી યુનિવર્સિટીમાં અભ્યાસ કરનાર bmw બાઈક ચાલકે મજૂરને અડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં બાઈકચાલકને પણ ઈજાઓ થતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. બોપલ પોલીસે બાઈકચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

મૂળ બિહારના અને હાલ સાઉથ બોપલમાં રહેતા 40 વર્ષીય સુરેન્દ્ર શહાની મજૂરી કામ કરતા હતાં. સોમવારે સવારે તેઓ સેવન ક્લબ રોડ પર આવેલી ધ ગેલેક્સી સાઈટ પર કામ કરવા ગયા હતા. બપોરે આશરે ચાર વાગ્યાની આસપાસ કામ પૂર્ણ કર્યા બાદ તેઓ રેઈન ફોરેસ્ટની સામે આવેલા વીઆઈપી રોડ પર કોલોની તરફ જવા માટે રોડ ક્રોસ કરી રહ્યા હતા. તે દરમિયાન પુરઝડપે આવી રહેલી બીએમડબલ્યુ બાઈકે તેમને જોરદાર ટક્કર મારી હતી.

ટક્કરના કારણે સુરેન્દ્ર શહાની ફંગોળાઈને રોડ પર પટકાયા હતા અને ગંભીર ઈજાઓના કારણે ઘટનાસ્થળે જ તેમનું મોત નિપજ્યું હતું. અકસ્માત બાદ આસપાસના લોકો એકત્ર થયા હતા અને ઈજાગ્રસ્ત બાઈકચાલકને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ સમગ્ર મામલે મૃતકના ભાઈની ફરિયાદના આધારે બોપલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી બાઈકચાલકનું નામ વેદ નીરવકુમાર ભાવસાર છે, તેની ઉંમર 18 વર્ષ છે અને તે સનાથળ તાલુકાના સાણંદમાં આવેલી ગોકુલધામ સોસાયટીમાં રહે છે. આરોપી કર્ણાવતી યુનિવર્સિટીમાં બી.ટેકનો અભ્યાસ કરે છે અને તેના પિતા સોફ્ટવેર બનાવવાનું કામ કરે છે. બોપલ પોલીસે અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# કપડવંજમાં જુગારધામ પર SMCનો દરોડો: સ્થાનિક પોલીસની રહેમનજર હેઠળ ચાલતા અડ્ડા પર 16 જુગારી ઝડપાયા....



**નડિયાદ, તા.21**

ખેડા જિલ્લાના કપડવંજમાં માતરીયા તળાવ પાસે ચાલતા એક મોટા જુગારધામ પર ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલ (SMC) દ્વારા દરોડો પાડવામાં આવ્યો છે. મધરાતે કરાયેલી આ કાર્યવાહીમાં 16 જુગારીઓને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. ઘટનાસ્થળેથી લાખોની રોકડ સહિત કુલ 4 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

આ જુગારધામ કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશનની હદમાં સ્થાનિક પોલીસની રહેમનજર હેઠળ ધમધમતું હોવાનું સામે આવ્યું છે. સુરેશ હિમ્મતભાઈ પરમાર અને સજ્જુભાઈ ઉર્ફે મુર્તુજા સૈયદ દ્વારા માતરીયા તળાવ પાસે લાંબા સમયથી આ અડ્ડો ચલાવવામાં આવતો હતો. સ્થાનિક પોલીસને આ પ્રવૃત્તિની જાણ ન હોવી, જ્યારે ગાંધીનગર SMCને ચોક્કસ બાતમી મળવી, તે કપડવંજ પોલીસની કાર્યશૈલી પર ગંભીર સવાલો ઉભા કરે છે.

આ દરોડા બાદ સ્થાનિક પોલીસની ભૂમિકા અંગે અનેક ચર્ચાઓ શરૂ થઈ છે. એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે કપડવંજ પોલીસ કદાચ 'હપ્તાખોરી'ને કારણે આ ગેરકાયદેસર પ્રવૃત્તિ પ્રત્યે આંખ આડા કાન કરી રહી હતી. વહીવટદારો અને પોલીસની મિલીભગત વગર આટલા મોટા પાયે જુગારનો અડ્ડો ચલાવવો શક્ય નથી, તેવી લોકચર્ચાએ જોર પકડ્યું છે.

SMC દ્વારા દરોડા પાડવામાં આવ્યા ત્યારે 16 શખ્સોને જુગાર રમતા ઝડપી લેવાયા હતા, પરંતુ મુખ્ય સૂત્રધારો સહિત 5થી 7 શખ્સો સ્થળ પરથી નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. આ ઘટનાથી સવાલો ઉભા થયા છે કે શું તેમને દરોડાની અગાઉથી જાણ કરવામાં આવી હતી? મુખ્ય આરોપીઓનું ભાગી જવું એ પોલીસ વિભાગમાં સંભવિત 'બાતમીદારો'ની ભૂમિકા તરફ ઈશારો કરે છે.

SMC ની ટીમે સ્થળ પરથી 1.37 લાખની રોકડ, 15 મોબાઈલ ફોન , 12 ટુ-વ્હીલર અને એક સીએનજી રિક્ષા સહિત કુલ રૂ.4 લાખ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પકડાયેલા આરોપીઓમાં સ્થાનિક અગ્રણીઓ અને અન્ય જિલ્લાના શખ્સોનો પણ સમાવેશ થાય છે, જે દર્શાવે છે કે આ અડ્ડો કેટલો મોટો અને વ્યવસ્થિત રીતે ચાલતો હતો. આ સફળ ઓપરેશન બાદ હવે સ્થાનિક પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં લેવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠી છે.

અંતે, આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે કપડવંજ ટાઉન પોલીસ માત્ર કાગળ પર જ પેટ્રોલિંગ કરી રહી છે. પોલીસની નિષ્ક્રિયતા અને સંભવિત હપ્તાખોરીને કારણે ગુનાખોરી બેફામ બની છે. જો સ્થાનિક પોલીસ સતર્ક હોત તો SMC ને છેક ગાંધીનગરથી અહીં આવવાની જરૂર પડત નહીં. રાજ્ય સરકાર અને પોલીસ વડા દ્વારા આવા બેદરકાર પોલીસ કર્મચારીઓ સામે દાખલારૂપ કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે, જેથી ભવિષ્યમાં કોઈ પોલીસ કર્મચારી પોતાની ફરજમાં આવી ગંભીર બેદરકારી દાખવતા પહેલા સો વાર વિચાર કરે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# સ્વિટ્ઝર્લેન્ડ જવા રવાના થયેલા ટ્રમ્પના પ્લેનમાં ખામી: વચ્ચેથી પરત ફર્યા, બીજા પ્લેનમાં બેસીને તરત જ દાવોસમાં 7 ભારતીય બિઝનેસમેનને મળવા રવાના....

**જીનિવા, તા.21**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું પ્લેન દાવોસ જતી વખતે ટેક-ઓફના થોડા સમય પછી જ વોશિંગ્ટન પરત ફર્યું. વ્હાઈટ હાઉસ મુજબ વિમાનમાં ટેક્નિકલ ખામી આવી હતી. પ્રેસ સેક્રેટરી કેરોલિન લિવિટે જણાવ્યું હતું કે ટેક-ઓફ પછી ક્રૂને પ્લેનમાં એક નાની ઈલેક્ટ્રિકલ ખામી ધ્યાનમાં આવી. આ પછી સાવચેતીના ભાગરૂપે પ્લેનને પરત લાવવાનો નિર્ણય કરવામાં આવ્યો, જોકે ટ્રમ્પ થોડીવાર પછી બીજા પ્લેનથી રવાના થયા. ટ્રમ્પ આજે સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF)માં ભાગ લેશે. તેઓ આજે ગ્રીનલેન્ડનું ભવિષ્ય નક્કી કરવાના એજન્ડા સાથે બુધવારે સાંજે લગભગ 7 વાગ્યે દુનિયાને સંબોધિત કરશે.

મીડિયા રિપોર્ટ્સ મુજબ, ટ્રમ્પનું આ ભાષણ એવા સમયે થઈ રહ્યું છે, જ્યારે દુનિયાભરમાં રાજકીય તણાવ, વ્યાપાર યુદ્ધ અને સુરક્ષા સંબંધિત મુદ્દાઓ ઝડપથી ગંભીર બની રહ્યા છે. આ જ કારણ છે કે દાવોસમાં ટ્રમ્પની હાજરી અને તેમના દરેક નિવેદન પર આખી દુનિયાની નજર ટકેલી છે.

ડોનાલ્ડ ટ્રમ્પ WEFમાં ભાષણ આપ્યા પછી એક ખાસ ઉચ્ચસ્તરીય કાર્યક્રમની યજમાની પણ કરશે. આ કાર્યક્રમમાં ભારતના 7 મોટા વેપારી નેતાઓને આમંત્રિત કર્યા છે. ટ્રમ્પની સત્તાવાર મુલાકાતો માટે જે બે વિમાનનો એર ફોર્સ વન તરીકે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે એ અંદાજે ચાર દાયકા જૂનું છે. અમેરિકન વિમાન ઉત્પાદક કંપની બોઈંગ તેમના નવા વિકલ્પો તૈયાર કરી રહી છે, પરંતુ આ પ્રોજેક્ટ સતત વિલંબનો શિકાર બની રહ્યો છે. ગયા વર્ષે કતારના શાહી પરિવારે ટ્રમ્પને એક લક્ઝરી બોઈંગ 747-8 જમ્બો જેટ ભેટમાં આપ્યું હતું, જેને એર ફોર્સ વન કાફલામાં સામેલ કરવામાં આવશે. આ નિર્ણય પર ઘણા સવાલો ઊઠ્યા હતા. હાલમાં એ વિમાનને સુરક્ષાના માપદંડો મુજબ તૈયાર કરવામાં આવી રહ્યું છે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પ આજે ગ્રીનલેન્ડનું ભવિષ્ય નક્કી કરવાના એજન્ડા સાથે બુધવારે સાંજે અંદાજે 7 વાગ્યે દુનિયાને સંબોધિત કરશે.

મીડિયા રિપોર્ટ્સ મુજબ, ટ્રમ્પનું આ ભાષણ એવા સમયે થઈ રહ્યું છે, જ્યારે સમગ્ર વિશ્વમાં રાજકીય તણાવ, વેપાર યુદ્ધ અને સુરક્ષા સંબંધિત મુદ્દાઓ ઝડપથી ઘેરાઈ રહ્યા છે. આ જ કારણ છે કે દાવોસ (WEF)માં ટ્રમ્પની હાજરી અને તેમના દરેક નિવેદન પર આખી દુનિયાની નજર ટકેલી છે.

ડોનાલ્ડ ટ્રમ્પ WEF (વર્લ્ડ ઈકોનોમિક ફોરમ)માં ભાષણ આપ્યા બાદ એક ખાસ ઉચ્ચ સ્તરીય કાર્યક્રમની યજમાની પણ કરશે. આ કાર્યક્રમમાં ભારતના 7 મોટા બિઝનેસ લીડર્સને આમંત્રિત કરવામાં આવ્યા છે, જેમાં ટાટા સન્સના એન. ચંદ્રશેખરન અને ભારતી એન્ટરપ્રાઈઝના સુનીલ ભારતી મિત્તલ જેવા દિગ્ગજો સામેલ છે.

ડોનાલ્ડ ટ્રમ્પ પોતાની સાથે અમેરિકાની અત્યારસુધીની સૌથી મોટી ટીમ લઈને આવી રહ્યા છે, જેમાં પાંચ કેબિનેટ મંત્રી સામેલ છે.

દાવોસમાં પહેલીવાર અમેરિકા માટે એક અલગ 'USA હાઉસ' બનાવવામાં આવ્યું છે.

વર્લ્ડ ઈકોનોમિક ફોરમ અનુસાર, ઓછામાં ઓછા 64 દેશના રાષ્ટ્રાધ્યક્ષ અથવા સરકાર પ્રમુખ આ બેઠકમાં સામેલ થશે.

પાકિસ્તાન પહેલીવાર દાવોસમાં 'સૂફી નાઈટ'નું આયોજન કરશે, જેમાં સિંધુ ઘાટીના પરંપરાગત ભોજન પીરસવામાં આવશે. આ વર્ષે 130થી વધુ દેશોના 3,000થી વધુ વેપારીઓ બેઠકમાં ભાગ લઈ રહ્યા છે. આમાં 1,700થી વધુ ઉદ્યોગપતિઓ છે, જેમાંથી અડધાથી વધુ CEO અથવા ચેરમેન છે.

લગભગ 400 મોટા રાજકીય નેતાઓ પણ આ બેઠકમાં હાજર રહેશે. આમાં 30થી વધુ વિદેશમંત્રીઓ, 60થી વધુ નાણામંત્રીઓ અને 30થી વધુ વેપારમંત્રીઓ છે.

ભારતમાંથી ચાર કેન્દ્રીય મંત્રીઓ અને છ રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ બેઠકમાં ભાગ લેશે. 100થી વધુ ભારતીય ઉદ્યોગપતિઓ પણ દાવોસમાં હાજર રહેશે.

દુનિયાની સરકારો અને કંપનીઓ સપ્લાય ચેઈન,



ટેકનોલોજી અને રોકાણ પર નવેસરથી નિર્ણયો લઈ રહી છે. આ દરમિયાન અમેરિકા-ભારત વચ્ચે નવા વેપાર કરાર પર વાતચીત ચાલી રહી છે, તેથી ટ્રમ્પના કાર્યક્રમોમાં ભારતીય કંપનીઓની હાજરી પર સૌની નજર છે.

ડોનાલ્ડ ટ્રમ્પ લગભગ છ વર્ષ પછી દાવોસ પાછા ફર્યા છે. આ પહેલાં તેમણે તેમના પ્રથમ કાર્યકાળમાં 21 જાન્યુઆરી 2020ના રોજ દાવોસમાં ભાષણ આપ્યું હતું. આ વખતે તેમની મુલાકાત વધુ મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે, કારણ કે અમેરિકાની વિદેશ અને વેપાર નીતિમાં આક્રમક ફેરફારો સ્પષ્ટપણે દેખાઈ રહ્યા છે.

ટ્રમ્પના સલાહકારોનું કહેવું છે કે તેઓ દાવોસમાં સ્પષ્ટ કરી દેશે કે અમેરિકા હવે જૂની વૈશ્વિક પ્રણાલી અને નિયમોથી આગળ વધી ગયું છે. ગ્રીનલેન્ડને લઈને ટ્રમ્પનું વલણ સતત કડક થતું જાય છે. ટ્રમ્પ એને અમેરિકાની સુરક્ષા અને વ્યૂહાત્મક શક્તિ સાથે જોડીને જોઈ રહ્યા છે. તેમનું માનવું છે કે આર્કટિક ક્ષેત્રમાં વધતી ગતિવિધિઓ, ખનિજ સંસાધનો અને સૈન્ય મહત્ત્વને કારણે ગ્રીનલેન્ડ પર અમેરિકાનો પ્રભાવ હોવો જરૂરી છે.

ટ્રમ્પે મંગળવારે સોશિયલ મીડિયા પર એક નકશો શેર કર્યો હતો, જેમાં ગ્રીનલેન્ડ, કેનેડા અને વેનેઝુએલાને અમેરિકાનો ભાગ બતાવવામાં આવ્યો હતો.

ગ્રીનલેન્ડ વિવાદની સાથે-સાથે ટ્રમ્પે યુરોપ અને બાકીની દુનિયાને ટેરિફને લઈને પણ સ્પષ્ટ ચેતવણી આપી છે. અમેરિકાએ ડેનમાર્ક, બ્રિટન, ફ્રાન્સ અને જર્મની સહિત આઠ યુરોપિયન દેશો પર 10% ટેરિફ લગાવ્યો છે.

અમેરિકી પ્રશાસને સંકેત આપ્યા છે કે જો વિરોધ ચાલુ રહેશે તો આ ટેરિફ 25% સુધી વધારી શકાય છે. ટ્રમ્પની નીતિ સ્પષ્ટ છે કે વેપારને હવે કૂટનીતિ અને દબાણ બનાવવાના હથિયાર તરીકે ઉપયોગ કરવામાં આવશે.

ટ્રમ્પ NATO દેશો પર પણ સતત દબાણ બનાવી રહ્યા છે. તેમનું કહેવું છે કે અમેરિકા એકલા વૈશ્વિક સુરક્ષાનો ખર્ચ ઉઠાવી શકે નહીં. તેઓ ઈચ્છે છે કે યુરોપિયન દેશો પોતાના સંરક્ષણ બજેટમાં વધારો કરે. દાવોસમાં ટ્રમ્પ આ સંદેશ પુનરાવર્તિત કરી શકે છે કે સહયોગ ત્યારે જ મળશે જ્યારે જવાબદારી સમાન હશે.

ચીન અને રશિયાને લઈને પણ ટ્રમ્પનું વલણ ખૂબ જ કડક છે. અમેરિકા ચીનને વેપાર, ટેકનોલોજી અને વૈશ્વિક પ્રભાવના મામલે સૌથી મોટો હરીફ માને છે. જ્યારે રશિયાને લઈને પણ અમેરિકાની નીતિ ટકરાવવાળી બની રહી છે. દાવોસમાં ટ્રમ્પનું ભાષણ આ બંને દેશો માટે પણ મહત્ત્વનું માનવામાં આવી રહ્યું છે.

સાઉથ અમેરિકામાં અમેરિકાની વધતી દખલગીરી પણ દુનિયાની ચિંતાનો વિષય બની રહી છે. તાજેતરમાં વેનેઝુએલામાં અમેરિકી સૈન્ય કાર્યવાહીએ સમગ્ર લેટિન અમેરિકામાં અસ્થિરતા વધારી દીધી છે. ટ્રમ્પ પ્રશાસન તેને ક્ષેત્રીય સુરક્ષા માટે જરૂરી પગલું ગણાવી રહ્યું છે, પરંતુ ઘણા દેશો એને અમેરિકાની દબંગ નીતિ માની રહ્યા છે. યુરોપિયન નેતાઓની પ્રતિક્રિયા પણ સતત તીખી થતી જઈ રહી છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સહિત ઘણા નેતાઓએ ટ્રમ્પની નીતિઓ પર સવાલ ઉઠાવ્યા છે. તેમનું કહેવું છે કે આ પ્રકારની નીતિઓ વૈશ્વિક સ્થિરતાને નુકસાન પહોંચાડી શકે છે. આમ છતાં ટ્રમ્પ પોતાના નિર્ણયો પર અડગ છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ બધાની સીધી અસર ગ્લોબલ માર્કેટ અને રોકાણ પર પડી રહી છે. દાવોસ પહોંચેલા વેપારી નેતાઓનું માનવું છે કે હવે ભૂ-રાજનીતિ માત્ર બેકગ્રાઉન્ડ રિસ્ક નથી રહી, પરંતુ રોકાણ અને બિઝનેસના નિર્ણયોનું સૌથી મોટું પરિબળ બની ગઈ છે. સપ્લાય ચેઈન, ટેકનોલોજી પાર્ટનરશિપ અને નવા રોકાણ અંગેના નિર્ણયો હવે રાજકારણને ધ્યાનમાં રાખીને લેવામાં આવી રહ્યા છે.

વર્લ્ડ ઈકોનોમિક ફોરમ 2026નું આયોજન 19થી 23 જાન્યુઆરી સુધી સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં થઈ રહ્યું છે. આ વર્ષની બેઠકની થીમ છે 'A Spirit of Dialogue' એટલે કે 'સંવાદની ભાવના'.

આ બેઠકમાં 130થી વધુ દેશોના લગભગ 3,000 પ્રતિનિધિ ભાગ લઈ રહ્યા છે. એમાં 60થી વધુ દેશોના રાષ્ટ્રાધ્યક્ષો અને સરકારના વડાઓ, G7 દેશોના નેતાઓ, લગભગ 850 મોટા CEOs અને આંતરરાષ્ટ્રીય સંગઠનોના વડાઓનો સમાવેશ થાય છે.

આ વર્ષે WEFની ચર્ચા એટલા માટે વધુ છે, કારણ કે દુનિયા એકસાથે અનેક સંકટોમાંથી પસાર થઈ રહી છે. યુદ્ધ, ટેરિફવોર, વૈશ્વિક મંદીની આશંકા, જળવાયુ સંકટ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા તકનીકી બદલાવોએ સરકારો અને કંપનીઓ બંનેને નવા નિર્ણયો લેવા મજબૂર કર્યા છે.

દાવોસને એટલા માટે મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે, કારણ કે અહીં થતી વાતચીત અને બેઠકોની અસર આવનારાં વર્ષોની વૈશ્વિક નીતિ અને બજારો પર સ્પષ્ટપણે દેખાય છે.

ભારત અને ગ્લોબલ સાઉથ દેશો માટે પણ આ મંચ ખૂબ જ જરૂરી છે, કારણ કે અહીં રોકાણ, સપ્લાય ચેઈન અને વિકાસ સંબંધિત મોટા નિર્ણયો પર ચર્ચા થાય છે. દાવોસમાં ભારતની વધતી હાજરી એ દર્શાવે છે કે વૈશ્વિક શક્તિનું સંતુલન ધીમે ધીમે બદલાઈ રહ્યું છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, વર્લ્ડ ઈકોનોમિક ફોરમ 2026 ભારત માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આ મંચ પર ભારત પોતાની મજબૂત અર્થવ્યવસ્થા, રોકાણની તકો અને ભવિષ્યની યોજનાઓને દુનિયા સમક્ષ રજૂ કરી રહ્યું છે. સરકાર અને ઉદ્યોગજગતના મોટા નેતાઓ અહીં એકસાથે પહોંચીને ભારતને રોકાણ અને ભાગીદારી માટે આકર્ષક દેશ તરીકે રજૂ કરી રહ્યા છે.

WEF 2026માં ભારતનું મોટું પ્રતિનિધિમંડળ જોડાઈ રહ્યું છે. ભારતમાંથી 80થી વધુ મોટા ઉદ્યોગપતિઓ, સીઈઓ અને વરિષ્ઠ નેતાઓ દાવોસ પહોંચ્યા છે. ભારત રોકાણ, મેન્યુફેક્ચરિંગ, ટેકનોલોજી અને ડિજિટલ વિકાસ પર ભાર મૂકી રહ્યું છે. વિદેશી કંપનીઓ અને રોકાણકારો સાથે ભારત ભાગીદારી વધારવાનો પ્રયાસ કરી રહ્યું છે. ભારત તેની ઝડપી આર્થિક વૃદ્ધિ અને ભવિષ્યની યોજનાઓને વૈશ્વિક મંચ પર રજૂ કરી રહ્યું છે.

# ભારત-પાકિસ્તાન સહિત 10 મહિનામાં 8 યુદ્ધ અટકાવ્યા: ટ્રમ્પે કહ્યું- દુનિયાને ન્યુક્લિયર યુદ્ધથી બચાવ્યા, મને નોબેલ શાંતિ પુરસ્કાર મળવો જોઈતો હતો

**વોશિંગ્ટન, તા.21**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે રાત્રે કહ્યું કે તેમણે 10 મહિનામાં ભારત અને પાકિસ્તાન સહિત આઠ યુદ્ધો સમાપ્ત કરાવ્યા છે.

તેમણે કહ્યું કે ભારત અને પાકિસ્તાનની પરિસ્થિતિ ખૂબ જ ગંભીર હતી અને પરિસ્થિતિ પરમાણુ યુદ્ધ સુધી જઈ શકતી હતી, પરંતુ દુનિયા એક મોટા, અહીં સુધી કે ન્યુક્લિયર વોરથી બચી ગઈ.

આંતરરાષ્ટ્રીય સંઘર્ષોને રોકવાનો દાવો કરતા ટ્રમ્પે કહ્યું કે તેમને દરેક યુદ્ધ રોકવા માટે નોબેલ શાંતિ પુરસ્કાર મળવો જોઈતો હતો. પોતાના બીજા કાર્યકાળના એક વર્ષ પૂરા થવા પર ટ્રમ્પે કહ્યું કે તેમના નિર્ણયોથી અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા મજબૂત થઈ અને દુનિયા મોટા યુદ્ધોથી બચી.

ટ્રમ્પના બીજા કાર્યકાળનું એક વર્ષ પૂરું થવા પર અમેરિકાના ઘણા શહેરોમાં તેમના વિરુદ્ધ પ્રદર્શનો થયા. કાર્યકર્તાઓ અને સામાન્ય લોકો તેમની અલગ-અલગ નીતિઓથી નારાજ દેખાયા.

પ્રદર્શનકારીઓનું કહેવું હતું કે



ટ્રમ્પની નીતિઓએ દુનિયાભરમાં અમેરિકાની વર્ષોથી બનેલી સારી છબી અને વિશ્વાસને નુકસાન પહોંચાડ્યું છે. લોકોએ પોસ્ટર, પૂતળાં અને સૂત્રોચ્ચાર દ્વારા પોતાનો વિરોધ નોંધાવ્યો.

તેમાં અન્ય દેશોને ટેરિફ લગાવવાની ધમકી આપવી, ગેરકાયદેસર પ્રવાસીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી માટે ICEનો ખુલ્લેઆમ ઉપયોગ કરવો અને અમેરિકાને WTO, UN અને NATO જેવા મોટા આંતરરાષ્ટ્રીય સંગઠનોથી દૂર કરવું સામેલ છે.

પ્રદર્શનકારીઓનું માનવું છે કે આ નીતિઓ અમેરિકાને વધુ અલગ-થલગ કરી રહી છે. ઈરાન અને વેનેઝુએલાની પરમાણુ ક્ષમતાઓને ખતમ કરી દેવામાં આવી. તેમણે ઈરાની જનરલ કાસિમ સુલેમાની અને ISIS પ્રમુખ અબુ બક્ર અલ-બગદાદીને ઠાર મારવાની કાર્યવાહીનો પણ ઉલ્લેખ કર્યો.

મને દરેક યુદ્ધ રોકવા માટે નોબેલ શાંતિ પુરસ્કાર મળવો જોઈતો હતો. પુરસ્કાર પ્રક્રિયા પર નોર્વેનો પ્રભાવ છે, જોકે નોર્વે સરકારે પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું છે કે નોબેલ પુરસ્કાર એક સ્વતંત્ર સમિતિ નક્કી કરે છે.

સંયુક્ત રાષ્ટ્ર (UN) પોતાની ક્ષમતા અનુસાર કામ કરી શક્યું નથી, પરંતુ તેની સંભાવનાઓ ખૂબ મોટી છે અને તેને ચાલુ રાખવું જોઈએ.

નાટો (NATO) માટે મારાથી વધુ કોઈએ કર્યું નથી. શું જરૂર પડ્યે નાટો દેશો અમેરિકાની મદદ કરશે? આ જ કારણોસર અમેરિકાએ 'બોર્ડ ઓફ પીસ' નામથી એક નવું મંચ બનાવ્યું છે. અમે કંઈક એવું કરીશું જેનાથી નાટો (NATO) ખૂબ ખુશ થશે અને અમે પણ ખૂબ ખુશ થઈશું. પરંતુ અમને સુરક્ષા માટે તેની જરૂર છે. અમને રાષ્ટ્રીય સુરક્ષા અને દુનિયાની સુરક્ષા માટે પણ તેની જરૂર છે. આ ખૂબ જ જરૂરી છે.

મને ખબર નથી કે ટેરિફ સંબંધિત મામલામાં સુપ્રીમ કોર્ટ શું નિર્ણય આપશે. ટેરિફથી અમેરિકાએ સેંકડો અબજ ડોલર કમાયા છે. જો સરકાર કેસ હારે છે અને રકમ પરત કરવી પડે, તો તેનાથી સામાન્ય લોકોને નુકસાન થઈ શકે છે. ટેરિફ રાષ્ટ્રીય સુરક્ષા માટે જરૂરી છે.

ગ્રીનલેન્ડનું શું થશે તે તમને ખબર પડી જશે. કંઈક એવું થવાનું છે જે બધા માટે ખૂબ સારું હશે.

પનામા કેનાલને પાછી લેવાના મુદ્દે કંઈ કહેવા માંગતો નથી. આ પહેલા ટ્રમ્પ એવો દાવો કરી ચૂક્યા છે કે પનામા કેનાલ પર ચીનનો પ્રભાવ છે અને અમેરિકા સાથે શિપિંગ ચાર્જને લઈને યોગ્ય વ્યવહાર કરવામાં આવી રહ્યો નથી, પરંતુ હવે આ મામલે તેમનો વલણ ટાળવાવાળો જોવા મળ્યો.

ટ્રમ્પે કહ્યું કે પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે યુદ્ધ રોકાવવા બદલ તેમનો આભાર માન્યો. ટ્રમ્પના મતે શાહબાઝે તેમને કહ્યું કે તમારા હસ્તક્ષેપથી લાખો લોકોનો જીવ બચ્યો.

ભારતે કોઈપણ ત્રીજા પક્ષની મધ્યસ્થીનો ઈનકાર કર્યો છે. ભારતીય અધિકારીઓ અનુસાર, પહેલગામ આતંકી હુમલા બાદ શરૂ કરાયેલા ઓપરેશન સિંદૂર પછી 10 મેના રોજ પાકિસ્તાનના DGMOએ ભારતનો સંપર્ક કરીને સીઝફાયરની પહેલ કરી હતી.

## વિશ્વભરમાં પાકિસ્તાનની આબરૂના ધજાગરા ઊડ્યા: રક્ષામંત્રીએ જેનું ઉદ્ઘાટન કર્યું એ 'પિત્ઝા હટ' જ નકલી નીકળ્યું

**ઈસ્લામાબાદ, તા.21**

પાકિસ્તાનના રક્ષામંત્રી ખ્વાજા આસિફ એક વિચિત્ર વિવાદમાં ફસાયા છે. તેમણે સિયાલકોટ કેન્ટોનમેન્ટમાં પિત્ઝા હટ બ્રાન્ડવાળા એક આઉટલેટનું ઉદ્ઘાટન કર્યું, પરંતુ થોડા જ કલાકો પછી પિત્ઝા હટ કંપનીએ આ આઉટલેટને નકલી ગણાવ્યું.

સોશિયલ મીડિયા પર ઉદ્ઘાટનની તસવીરો અને વીડિયો વાઈરલ થયા પછી પિત્ઝા હટ વિશે પાકિસ્તાને નિવેદન જારી કરીને સ્પષ્ટ કર્યું કે આ આઉટલેટ સાથે તેનો કોઈ સંબંધ નથી.

વાઈરલ તસવીરો અને વીડિયોમાં ખ્વાજા આસિફ સિયાલકોટ કેન્ટોનમેન્ટમાં બનેલા આઉટલેટનું રિબન કાપતા જોવા મળી રહ્યા છે. તેમણે હાથમાં કાતર લઈને કેમેરા સામે પોઝ પણ આપ્યો.

પિત્ઝા હટે કહ્યું હતું કે સિયાલકોટ કેન્ટોનમેન્ટમાં ખૂલેલી આ રેસ્ટોરન્ટ પિત્ઝા હટના નામ અને બ્રાન્ડનો ખોટો ઉપયોગ કરી રહી છે.

કંપનીએ એ પણ જણાવ્યું કે તેણે



તેના ટ્રેડમાર્કના દુરુપયોગને રોકવા માટે સંબંધિત અધિકારીઓ પાસે ઔપચારિક ફરિયાદ નોંધાવી છે અને તેના પર તાત્કાલિક કાર્યવાહીની માગ કરી છે.

કંપનીના મતે, પાકિસ્તાનમાં હાલમાં તેના કુલ 16 ઑફિશિયલ આઉટલેટ છે. આમાંથી 14 લાહોરમાં અને બે ઈસ્લામાબાદમાં છે.

આ મામલો સામે આવતાં જ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લોકોએ તેમની મજાક ઉડાવવાનું શરૂ કરી દીધું. એક યુઝરે લખ્યું, "રક્ષામંત્રી ખ્વાજા આસિફે સિયાલકોટમાં એક નકલી પિત્ઝા હટ ફ્રેન્ચાઈઝીનું ઉદ્ઘાટન કર્યું. આ મૂર્ખ વૃદ્ધ લોકો આપણા પર થોપવામાં આવ્યા છે."

અન્ય એક યુઝરે મજાક કરતાં લખ્યું, "જ્યારે પિત્ઝા હટ પોતે જ કહી દે કે આ અમારી સ્લાઈસ નથી."

દુનિયાની જાણીતી ફૂડ ચેઈન પિત્ઝા હટ એક ઈન્ટરનેશનલ પિત્ઝા રેસ્ટોરન્ટ બ્રાન્ડ છે. આ બ્રાન્ડ પિત્ઝા, પાસ્તાં અને ફાસ્ટ ફૂડ આઈટમ્સ માટે જાણીતી છે અને દુનિયાના 100થી વધુ દેશોમાં એના આઉટલેટ છે.

પિત્ઝા હટની શરૂઆત વર્ષ 1958માં અમેરિકાના કેન્સાસ રાજ્યમાં થઈ હતી. તેને બે ભાઈઓ ડેન કાર્ની અને ફ્રેન્ક કાર્નીએ એક નાના પિત્ઝા સ્ટોર તરીકે શરૂ કર્યો હતો, જે પાછળથી ગ્લોબલ બ્રાન્ડ બની ગઈ.

પિત્ઝા હટ અમેરિકાની મોટી ફૂડ કંપની યમ બ્રાન્ડ્સ હેઠળ આવે છે. યમ બ્રાન્ડ્સ પાસે KFC અને ટેકો બેલ જેવી મોટી બ્રાન્ડ્સ પણ છે.

# કેનેડિયન PM બોલ્યા- અમેરિકી પ્રભુત્વવાળી વ્યવસ્થાનો અંત આવ્યો

### જૂની સિસ્ટમ હવે પાછી નહીં આવે, ટેરિફને હથિયાર બનાવવાનો આરોપ લગાવ્યો

**દાવોસ, તા.21**

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ કહ્યું છે કે અમેરિકાના પ્રભુત્વવાળી વૈશ્વિક વ્યવસ્થા હવે સમાપ્ત થઈ ગઈ છે. તેમણે મંગળવારે સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં યોજાઈ રહેલા વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) માં આ વાત કહી.

તેમણે કહ્યું, "દુનિયા કોઈ બદલાવ તરફ નહીં, પરંતુ તૂટવા તરફ આગળ વધી રહી છે. હવે જૂની સિસ્ટમ પાછી ફરવાની નથી."

કાર્નીએ કહ્યું કે નિયમો અને આંતરરાષ્ટ્રીય કાયદાઓ અનુસાર ચાલતી દુનિયાની જે વાત કરવામાં આવે છે, તે ખરેખર ક્યારેય સંપૂર્ણપણે સાચી રહી નથી. દુનિયા હંમેશાથી તાકાત અને પોતાના હિતો અનુસાર ચાલી છે.

કાર્નીએ સ્વીકાર્યું કે જૂની વૈશ્વિક સિસ્ટમથી કેનેડાને ફાયદો થયો. પરંતુ તેમના મતે હવે આ વ્યવસ્થા ટકાઉ રહી નથી. કાર્નીએ કહ્યું કે નવી વાસ્તવિકતા એ છે કે શક્તિશાળી દેશો પોતાના હિતો સાધવા માટે આર્થિક સંબંધોનો



ઉપયોગ દબાણ બનાવવા માટે કરી રહ્યા છે. તેમના મતે, ટેરિફને હથિયાર બનાવીને દબાણ બનાવવામાં આવી રહ્યું છે, નાણાકીય સિસ્ટમ દ્વારા દેશોને મજબૂર કરવામાં આવી રહ્યા છે અને સપ્લાય ચેઈનની નબળાઈઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. કાર્નીએ કહ્યું કે તાજેતરના વર્ષોમાં આવેલા આર્થિક અને રાજકીય સંકટોએ દર્શાવ્યું છે કે જરૂરિયાત કરતાં વધુ વૈશ્વિક નિર્ભરતા કોઈપણ દેશ માટે ખતરનાક બની શકે છે. કાર્નીએ ચેતવણી આપી હતી કે હવે એવું માની લેવું ખોટું છે કે માત્ર જૂના ગઠબંધનો જ સુરક્ષા અને સમૃદ્ધિની ગેરંટી છે. તેમણે કહ્યું, "જ્યારે પરસ્પર જોડાણ જ તમને બીજાના દબાણમાં લાવી દે, ત્યારે તમે પરસ્પર ફાયદાના જૂઠાણામાં રહી શકતા નથી." કાર્નીએ કહ્યું કે કેનેડાએ એવી નીતિ અપનાવવી પડશે, જે સિદ્ધાંતો પર પણ આધારિત હોય અને જમીન પર કામ પણ કરે. આ અંતર્ગત, ઘરેલું ક્ષમતાઓને મજબૂત કરવા અને કોઈ એક દેશ પર નિર્ભરતા ઘટાડવા માટે વ્યાપારી ભાગીદારોમાં વિવિધતા લાવવા પર ભાર મૂકવામાં આવ્યો. કાર્નીએ કહ્યું કે વિશ્વ વેપાર સંગઠન અને સંયુક્ત રાષ્ટ્ર જેવી બહુપક્ષીય સંસ્થાઓ નબળી પડી છે. આવી સ્થિતિમાં, દેશોએ હવે પોતાની સુરક્ષા, ઊર્જા અને ખાદ્ય જરૂરિયાતો માટે પોતે જ તૈયાર રહેવું પડશે. તેમણે કહ્યું, "જે દેશ પોતાને ખવડાવી શકતો નથી, ઊર્જા આપી શકતો નથી અને પોતાનો બચાવ કરી શકતો નથી, તેની પાસે બહુ ઓછા વિકલ્પો હોય છે." આ પહેલાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને પણ મંગળવારે વર્લ્ડ ઈકોનોમિક ફોરમની બેઠકને સંબોધિત કરી હતી.

# 'ગુંડાગીરી નહીં, સન્માનની ભાષા સમજીએ છીએ': USની ફ્રેન્ચ વાઈન પર 200%ની ધમકી પછી ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોને ટ્રમ્પને ટોણો માર્યો

**વોશિંગ્ટન, તા.21**

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને મંગળવારે ટ્રમ્પ દ્વારા ફ્રેન્ચ વાઈન પર 200% ટેરિફ લગાવવાની ધમકી પર જવાબ આપ્યો. તેમણે કહ્યું હતું કે ફ્રાન્સ ધમકીમાં નહીં, સન્માનમાં વિશ્વાસ રાખે છે. મેક્રોન સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં ભાષણ આપી રહ્યા હતા.

આ દરમિયાન તેમણે ગ્રીનલેન્ડ સાથે જોડાયેલા વિવાદનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે યુરોપ પર વધુ પ્રતિબંધો લગાવવાની ધમકી આપવી ખોટું છે. ખાસ કરીને ત્યારે, જ્યારે એનો ઉપયોગ કોઈ દેશની જમીન અને આઝાદી પર દબાણ બનાવવા માટે કરવામાં આવે. આને કોઈપણ ભોગે સ્વીકારવામાં આવશે નહીં. ફ્રેન્ચ રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે એવી દુનિયા ખતરનાક છે, જ્યાં આંતરરાષ્ટ્રીય કાયદાનું કોઈ મહત્ત્વ રહેતું નથી. જ્યાં શક્તિશાળી દેશો જે ઈચ્છે એ કરે છે અને નબળા દેશોને મજબૂરીમાં બધું સહન કરવું પડે છે.

મેક્રોને કહ્યું, 'આ સમય શાંતિ, સ્થિરતા અને વિશ્વાસનો હોવો જોઈએ.' આના પર હોલમાં હાજર લોકો હસી પડ્યા. આ પછી મેક્રોને પણ સ્વીકાર્યું કે વાસ્તવિકતા આનાથી બિલકુલ વિપરીત છે.

તેમણે કહ્યું હતું કે આજે દુનિયા અસ્થિર થતી જઈ રહી છે. સુરક્ષાના મામલે પણ અને અર્થતંત્રના મામલે પણ. 2024માં દુનિયાના ઘણા ભાગોમાં યુદ્ધ ચાલી રહ્યાં છે અને ઘણા દેશોમાં લોકશાહી નબળી પડીને તાનાશાહી તરફ આગળ વધી રહી છે.

મેક્રોનએ વેપાર અને ટેરિફનો પણ મુદ્દો ઉઠાવ્યો. તેમણે નામ લીધા વિના અમેરિકા પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું હતું કે કેટલાક દેશો એવા વેપાર કરારો કરી રહ્યા છે, જે યુરોપના કારોબારને નુકસાન પહોંચાડે છે, વધુ શરતો લાદે છે અને યુરોપને નબળું પાડવાનો પ્રયાસ કરે છે.

તેમણે કહ્યું હતું કે સતત નવા-નવા ટેક્સ લગાવવામાં આવી રહ્યા છે અને આ વાત બિલકુલ મંજૂર કરી શકાય નહીં, ખાસ કરીને ત્યારે જ્યારે આ ટેક્સનો ઉપયોગ કોઈ



દેશની જમીન અને સાર્વભૌમત્વ પર દબાણ બનાવવા માટે કરવામાં આવે.

તેમણે આગળ કહ્યું હતું કે તેઓ પોતાની આઝાદી અને સાર્વભૌમત્વને લઈને સંપૂર્ણપણે ગંભીર છે. આ કોઈ જૂની વિચારસરણી નથી, પરંતુ બીજા વિશ્વયુદ્ધમાંથી મળેલા શીખને યાદ રાખવાનો એક માર્ગ છે, સાથે જ તેમણે એમ પણ કહ્યું હતું કે સહયોગ જરૂરી છે અને દેશો એકબીજા સાથે મળીને જ આગળ વધી શકે છે.

આ જ વાત સમજાવતાં મેક્રોને જણાવ્યું હતું કે ફ્રાન્સે ગ્રીનલેન્ડમાં થનારા સૈન્ય અભ્યાસમાં ભાગ લીધો છે. તેમણે સ્પષ્ટ કર્યું કે એનો હેતુ કોઈને ધમકાવવાનો નથી, પરંતુ પોતાના એક યુરોપિયન મિત્ર દેશ ડેનમાર્કની સાથે ઊભા રહેવાનો છે. આ પહેલાં અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે ફ્રાન્સના વાઈન અને શેમ્પેન પર 200% ટેરિફ લગાવવાની ધમકી આપી હતી. તેમણે સોમવારે આ ચેતવણી ફ્રાન્સના ગાઝા પીસ બોર્ડમાં સામેલ થવાનો ઈનકાર કરવાના વિરોધમાં આપી હતી.

ટ્રમ્પે નારાજગી વ્યક્ત કરતાં કહ્યું હતું કે અમે ફ્રેન્ચ રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનને સામેલ કરવા પણ નથી માગતા, કારણ કે ખૂબ જ જલદી તેમની ખુરસી છીનવાઈ જવાની છે. તેમણે કહ્યું-

ખરેખર ટ્રમ્પે ગાઝાના વહીવટને ચલાવવા અને એને ફરીથી વસાવવા માટે નેશનલ કમિટી ફોર ધ એડમિનિસ્ટ્રેશન ઓફ ગાઝા (NCAG)ની રચનાની જાહેરાત કરી છે. ટ્રમ્પે આ કમિટીમાં સામેલ થવા માટે 60 દેશને આમંત્રણ મોકલ્યું છે.

એક મત સુધી પહોંચવા માટે મેક્રોને એક ઔપચારિક બેઠકનો પ્રસ્તાવ મૂક્યો. મેક્રોને કહ્યું, 'હું પેરિસમાં G7ની બેઠક બોલાવી શકું છું. હું યુક્રેન, ડેનમાર્ક, સિરિયા અને રશિયાને પણ તેમાં આમંત્રિત કરી શકું છું.' મેક્રોને અમેરિકા પાછા ફરતાં પહેલાં ટ્રમ્પને સાથે ડિનર કરવાનું પણ આમંત્રણ આપ્યું.

આ વિવાદ ત્યારે વધુ તીવ્ર બન્યો જ્યારે ફ્રાન્સે ટ્રમ્પના ગ્રીનલેન્ડ પર કબજો કરવાના પ્રયાસની ટીકા કરી. અમેરિકી ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે ટ્રમ્પની ગ્રીનલેન્ડ નીતિનો બચાવ કરતાં કહ્યું હતું કે ભવિષ્યમાં રશિયાથી ગ્રીનલેન્ડમાં ખતરો થઈ શકે છે.

તેમણે કહ્યું હતું કે જો રશિયા કે અન્ય કોઈ દ્વારા ગ્રીનલેન્ડ પર હુમલો થાય છે, તો અમે NATO હેઠળ આ યુદ્ધમાં સામેલ થઈશું. ફ્રાન્સે આ નિવેદનની મજાક ઉડાવી હતી. ફ્રાન્સના યુરોપ અને વિદેશી બાબતોના મંત્રાલયના સત્તાવાર X એકાઉન્ટ પર પોસ્ટ કરીને કહેવામાં આવ્યું કે બેસેન્ટનો તર્ક એવો છે કે જો ક્યારેય ઘરમાં આગ લાગવાનો ખતરો હોય તો સારું છે કે ઘરને અત્યારે જ સળગાવી દો. ફ્રેન્ચ વાઈન અને શેમ્પેન વિશ્વભરમાં ખૂબ પ્રખ્યાત છે. ફ્રાન્સની વાઈન સંસ્કૃતિનો મહત્ત્વપૂર્ણ ભાગ માનવામાં આવે છે.

તંત્રી લેખ

# હિન્દુ મતદારો માટે વિકાસ, મુસ્લિમ માટે ઘૂસણખોરી-હિન્દુત્વ

હુગલીના રત્નપુરના રહેવાસી મોમિતા 18 જાન્યુઆરીએ પીએમ મોદીની રેલીમાં સિંગુર આવ્યા હતા. મોમિતાને આશા હતી કે પીએમ ટાટાના પ્લાન્ટ વિશે કંઈક બોલશે, પરંતુ તેમણે આ બાબતે કંઈ કહ્યું નહીં. આ એ જ સિંગુર અને ટાટાનો પ્લાન્ટ છે, જેના વિરુદ્ધ 2008માં આંદોલન કરીને મમતા બેનર્જી મુખ્યમંત્રી બન્યાં હતાં. ભાજપના પ્રદેશ પ્રમુખ સામિક ભટ્ટાચાર્યએ સિંગુરમાં ટાટાની વાપસી કરાવવાનું વચન આપ્યું છે. આના પરથી એવું માનવામાં આવે છે કે માર્ચ-એપ્રિલમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં ભાજપ આ મુદ્દો ઉઠાવવાની છે. પીએમ મોદી છેલ્લા એક મહિનામાં બેવાર પશ્ચિમ બંગાળ આવી ચૂક્યા છે. સિંગુરમાં જ્યાં નોકરી અને વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું ત્યાં માલદા દ્વારા નોર્થ દિનાજપુર અને મુર્શિદાબાદ સુધી ઘૂસણખોરી અને હિન્દુત્વનો સંદેશ આપવામાં આવ્યો હતો. સિંગુર અને માલદા દ્વારા ભાજપે હુગલી, માલદા, મુર્શિદાબાદ અને નોર્થ દિનાજપુરની 59 વિધાનસભા બેઠક પર દાવ ખેલ્યો છે. પીએમ મોદીની જનસભામાંથી શું હાંસલ થયું, સિંગુર પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતાથી આશરે 40 કિમી દૂર છે. 2006માં મુખ્યમંત્રી બુદ્ધદેવ ભટ્ટાચાર્યની સરકારે ટાટા ગ્રુપને નેનો કાર બનાવવા માટે 1 હજાર એકર જમીન આપી હતી. આના વિરુદ્ધ ખેડૂતોએ વિરોધ કર્યો. મમતા બેનર્જી ત્યારે વિપક્ષમાં હતાં. તેમણે સરકારના નિર્ણય વિરુદ્ધ 21 દિવસની ભૂખહડતાળ કરી અને આંદોલનનો ચહેરો બની ગયાં. બે વર્ષ ચાલેલા સંઘર્ષ બાદ 2008માં ટાટા મોટર્સે પોતાની ફેક્ટરી સિંગુરથી ગુજરાતના સાણંદમાં શિફ્ટ કરી દીધી. હવે BJPએ સિંગુરમાં ટાટાની વાપસીના વાયદા કરવાના શરૂ કરી દીધા છે. પાર્ટીના પશ્ચિમ બંગાળ અધ્યક્ષ સામિક ભટ્ટાચાર્યએ PMની રેલીના બીજા દિવસે સિંગુરની એક જનસભામાં કહ્યું, 'સિંગુરમાં ટાટાએ જે જમીન કાર ફેક્ટરી માટે લીધી હતી ત્યાં જ ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રી બનાવવામાં આવશે.' મોદીની રેલીમાં ચંદ્રપુરથી સિંગુર આવેલી મોમિતાને ટાટાના વિરોધવાળો જૂનો સમય યાદ છે. તેઓ પતિ અને દીકરી સાથે પીએમને સાંભળવા આવ્યાં હતાં. તેમને આશા છે કે BJPની સરકાર આવવાથી સિંગુરમાં ઈન્ડસ્ટ્રી લાગશે. આનાથી રોજગાર મળશે અને બિઝનેસ પણ શરૂ થઈ જશે. 2006નો ઉલ્લેખ કરતાં મોમિતા કહે છે, 'અહીં ઘણા દિવસો સુધી ધરણાં ચાલ્યાં હતાં. આનાથી સિંગુરના લોકોનું ખૂબ નુકસાન થયું. પ્લાન્ટ બની રહ્યો હતો, તેથી ઘણા લોકો બહારથી આવ્યા હતા. અમે લોકોએ ઘર ભાડે આપ્યા હતા. નેનોનો પ્રોજેક્ટ જવાથી તે લોકો પણ ચાલ્યા ગયા. અમારી કમાણી ખતમ થઈ ગઈ. 'વડાપ્રધાને આખા રાજ્ય માટે ઈન્ડસ્ટ્રી શરૂ કરવા, રોજગાર આપવા, ભ્રષ્ટાચાર અને જંગલરાજ ખતમ કરવાની વાત કહી છે. તેમણે કહ્યું હતું કે બંગાળમાં ઈન્ડસ્ટ્રી અને ઈન્વેસ્ટમેન્ટ ત્યારે જ આવશે, જ્યારે કાયદો વ્યવસ્થા સારી હશે.

# નવી દિલ્હી ખાતે ત્રિદિવસીય IICDEM-2026 કોન્ફરન્સનો પ્રારંભ

ભારતના ચૂંટણી પંચ (ECI) દ્વારા આયોજિત 3-દિવસીય 'ભારત આંતરરાષ્ટ્રીય લોકશાહી અને ચૂંટણી વ્યવસ્થાપન પરિષદ' (IICDEM) 2026 નો આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે પ્રારંભ થયો. મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) શ્રી જ્ઞાનેશ કુમાર અને ચૂંટણી કમિશનરો (ECs) ડૉ. સુખબીર સિંહ સંધુ અને ડૉ. વિવેક જોશીએ આશરે 60 આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓનું ઔપચારિક સ્વાગત કર્યું. આ ભવ્ય ઉદઘાટન સત્રમાં 42 ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થાઓ (EMBs) ના પ્રતિનિધિઓ, 27 દેશોના રાજદૂતો/હાઈ કમિશનરો, 70 થી વધુ રાષ્ટ્રીય સંસ્થાઓના નિષ્ણાતો અને ભારતના 36 મુખ્ય નિર્વાચન અધિકારીઓ (CEOs) સહિત આશરે 1,000 આમંત્રિત મહેમાનોએ હાજરી આપી હતી. આ પ્રસંગે મુખ્ય ચૂંટણી કમિશ્નર શ્રી જ્ઞાનેશ કુમારે જણાવ્યું હતું કે, છેલ્લા દાયકાઓમાં ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થાઓની કામગીરીમાં મોટું પરિવર્તન આવ્યું છે. ભારત, વિશ્વની સૌથી મોટી લોકશાહી તરીકે, 1.5 અબજની વસ્તી અને 28 રાજ્યો તથા 8 કેન્દ્રશાસિત પ્રદેશોમાં અભૂતપૂર્વ સ્તરે ચૂંટણીઓનું સંચાલન કરે છે. ચૂંટણી કમિશ્નર ડૉ. સુખબીર સિંહ સંધુએ નાગરિકોના વિશ્વાસને અમૂલ્ય ગણાવતા કહ્યું કે દરેક ચૂંટણીના કેન્દ્રમાં નાગરિક હોય છે. નાગરિકોની પસંદગીનું સન્માન જળવાય તે જોવાની સામૂહિક જવાબદારી ચૂંટણી સંસ્થાઓની છે. જ્યારે ચૂંટણી કમિશ્નર ડૉ. વિવેક જોશીએ પોતાના સંબોધનમાં ઉમેર્યું હતું કે, IICDEM-2026 ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા અને યોગદાન આપનારા સંશોધકો, વિદ્યાર્થીઓ અને નિષ્ણાતોને એક મંચ પર લાવવાનું માધ્યમ બની છે. આ અવસરે IIIDEMના DG શ્રી રાકેશ વર્માએ થીમ 'સર્વસમાવેશક, શાંતિપૂર્ણ, મક્કમ અને ટકાઉ વિશ્વ માટે લોકશાહી' પર પ્રકાશ પાડીને 21મી સદીમાં લોકશાહીના વ્યાપક અને બહુપરિમાણીય ઉદ્દેશ્યો સ્પષ્ટ કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન વોર્નર બ્રધર્સ ડિસ્કવરીના સહયોગથી નિર્મિત ડોક્યુસિરીઝ 'ઈન્ડિયા ડિસાઈડ્સ' ની ઝલક દર્શાવવામાં આવી હતી. વોર્નર બ્રધર્સ ડિસ્કવરીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અર્જુન નોહવારે જણાવ્યું હતું કે, આ ડોક્યુસિરીઝ વિશ્વના સૌથી જટિલ મેન્ડેટ ધરાવતી સંસ્થાની કામગીરી અને સામાન્ય ચૂંટણીઓને દ્રશ્યોના માધ્યમથી રજૂ કરે છે. ચૂંટણી કમિશ્નર ડૉ. સુખબીર સિંહ સંધુએ નાગરિકોના વિશ્વાસને અમૂલ્ય ગણાવતા કહ્યું કે દરેક ચૂંટણીના કેન્દ્રમાં નાગરિક હોય છે. નાગરિકોની પસંદગીનું સન્માન જળવાય તે જોવાની સામૂહિક જવાબદારી ચૂંટણી સંસ્થાઓની છે. જ્યારે ચૂંટણી કમિશ્નર ડૉ. વિવેક જોશીએ પોતાના સંબોધનમાં ઉમેર્યું હતું કે, IICDEM-2026 ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા અને યોગદાન આપનારા સંશોધકો, વિદ્યાર્થીઓ અને નિષ્ણાતોને એક મંચ પર લાવવાનું માધ્યમ બની છે. આ અવસરે IIIDEMના DG શ્રી રાકેશ વર્માએ થીમ 'સર્વસમાવેશક, શાંતિપૂર્ણ, મક્કમ અને ટકાઉ વિશ્વ માટે લોકશાહી' પર પ્રકાશ પાડીને 21મી સદીમાં લોકશાહીના વ્યાપક અને બહુપરિમાણીય ઉદ્દેશ્યો સ્પષ્ટ કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન વોર્નર બ્રધર્સ ડિસ્કવરીના સહયોગથી નિર્મિત ડોક્યુસિરીઝ 'ઈન્ડિયા ડિસાઈડ્સ' ની ઝલક દર્શાવવામાં આવી હતી. વોર્નર બ્રધર્સ ડિસ્કવરીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અર્જુન નોહવારે જણાવ્યું હતું કે, આ ડોક્યુસિરીઝ વિશ્વના સૌથી જટિલ મેન્ડેટ ધરાવતી સંસ્થાની કામગીરી અને સામાન્ય ચૂંટણીઓને દ્રશ્યોના માધ્યમથી રજૂ કરે છે.

# આપણી સંસ્કૃતિમાં ઘરમાં ઉંબર રાખવાનું અને એને પૂજવાનું પ્રયોજન શું હતું?



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ આ ગુપ્ત નવરાત્રિમાં શક્તિનાં દુર ઉપયોગને કારણે આપણે શક્તિનાં દિવ્ય સ્વરૂપને આત્મસાત નથી કરી શકતાં, એ વિશે વાત કરી રહ્યા છીએ! હજી એક એવું પાસું છે, જે કાળ પ્રભાવના બહાનાં તળે સતત પૃષ્ઠ થઈ રહ્યું છે, અને એ છે માનવીમાં પોતાનાં સ્વરૂપ કરતાં રુપનો મદ વધી રહ્યો છે, અને એને કારણે એનું જીવન સતત સ્વ કેન્દ્રિત બની ગયું. સતયુગનાં એ સમયે મહિષાસુરનો ત્રાસ પૃથ્વી પર વધી ગયો હોવાથી, બ્રહ્મા વિષ્ણુ અને મહેશે પોતાનો અંશ આપીને દેવીને પ્રગટ કર્યા, અને દેવીએ ષષ્ઠી તું નારાયણી બની મહિષાસુરનો વધ કર્યો. મહિષાસુર એટલે રુપનો મદ! માની આરાધના કરી આપણે આપણા રૂપનાં મદ રૂપી મહિષાસુને મારવાનો છે, પરંતુ આપણી તકલીફ ત્યાં છે કે આપણે મહિષાસુરને બહાર શોધી એને મારવાની કોશિશ કરતા હોઈએ છીએ. હકીકતમાં એ આપણી અંદર વિસ્તાર વધારતો જાય છે, અને એને કારણે આપણું જીવન બરબાદ થતું જાય છે, આટલી સમજણ વિકસાવીને બંને જણા પોત પોતાના મદ એટલે કે અહંકારનો નાશ કરી, અને 'મારું' નહીં પણ 'આપણું ઘર' એ નીતિથી ગૃહસ્થીમાં જોડાય તો જ ઘર બને છે, નહીં તો મહાભારતનું મેદાન. જૂની પેઢીના લોકો એવું સમજતાં હતાં કે સ્ત્રીઓની કમાણી કરવાની જીદને કારણે જ ઘર વીખરાઈ જાય છે, પણ મોંઘવારી દિવસેને દિવસે વધતી જાય છે, ત્યારે પોતાના બુદ્ધિ ચાતુર્યનો ઉપયોગ કરી, બે ચાર પૈસા કમાઈને પોતાનાં પતિ પરિવાર માટે અથવા સંતાનોના ઉજ્જવળ ભવિષ્ય માટે કંઈક કરવું, એવો ભાવ આવકાર્ય હોવો જોઈએ,અને એટલે આવી પરિસ્થિતિમાં સમય, સંબંધ, અને નાણાં સાચવીને બંને પક્ષે જો જીવાય તો જ એકબીજાનાં મન ગૃહસ્થી પર સ્થિર રહે. પોતાની નહીં પણ એકબીજાની જરૂરતો માટે થઈને આવાં યુગલોને રુપિયા તો જોઈએ, અને તેથી એ બંને પોતાના જીવન મંગલ માટે મહાલક્ષ્મીનાં ચરણે જાય છે. દેવીને આરાધવા માટે આપણે ત્યાં શ્રી સુકતમનું સ્તોત્ર એક પવિત્ર છે, અને એ દેવી શ્રીને એટલે કે લક્ષ્મી સંબોધીને છે. દેવીના રૂપ સ્વરૂપ અને ગુણની મહત્તા વર્ણવી ને વેદના ઋષિઓ પોતાની પર ધન ઐશ્વર્ય, સત્તા સંપત્તિ અને સમૃદ્ધિની માંગ કરે છે. આ સ્તોત્ર ઋગ્વેદમાં આવેલ છે. દેવીને બધી સંપત્તિ અને વિપુલતાના સ્ત્રોત તરીકે વર્ણવે છે. સ્તોત્રમાં શ્રી એટલે કે લક્ષ્મીના લક્ષણો, સુંદરતા,તેજ અને ફળદ્રુપતાની મૂર્ત સ્વરૂપ તરીકે રજૂ કરવામાં આવી છે, પણ પ્રથમ ચાર શ્લોકમાં લક્ષ્મીના શુદ્ધ સ્વરૂપનું દર્શન છે, માટે આજે ગુરુવાર એટલે કે પ્રાર્થનામાં આપણાં અસ્તિત્વને ટકાવી રાખવા માટેનાં શ્રી સુક્તમનાં પ્રથમ ચાર શ્લોક દ્વારા અર્થ એવમ ધનની મહત્તા સમજીએ.

*શ્રી સુકતમ સ્તોત્ર*

ૐ || હિરણ્યવર્ણાં હરિણીં સુવર્ણરજતસ્રજામ્ |
ચંદ્રાં હિરણમયીં લક્ષ્મીં જાતવેદો મ આવહ || ૧ ||

હે ભગવાન અગ્નિ, હું સોનેરી રંગવાળા, હરણ જેવાં, સોના અને ચાંદીના માળાથી સુશોભિત, ચંદ્રની જેમ ચમકતી, સુવર્ણ રંગવાળી દેવી લક્ષ્મીનું આહ્વાન કરું છું. દેવી લક્ષ્મી તેમના આશીર્વાદથી મારા પર કૃપા કરે

તાં મ આવહ જાતવેદો લક્ષ્મીમનપગામિની'મ્ |
યસ્યાં હિરણ્યં વિંદેયં ગામશ્વં પુરુષાનહમ્ || ૨ ||

હે ભગવાન અગ્નિ, મને દેવી લક્ષ્મી આપો જે ક્યારેય છોડતી નથી. જો તે પ્રસન્ન થાય તો મને સોનું, ગાય, ઘોડા અને સેવકો મળે.

અશ્વપૂર્વાં રથમધ્યાં હસ્તિના'દપ્રબોધિનીમ્ |
શ્રિયં દેવીમુપહ્વયે શ્રીર્મા' દેવીજુષતામ્ || ૩ ||

હું શ્રીદેવીનું આહ્વાન કરું છું, કે જેની સામે ઘોડો છે, મધ્યમાં રથ છે, જે હાથીના અવાજથી પ્રસન્ન થાય છે, જેનું તેજ બધાને પ્રકાશિત કરે છે, અને આશીર્વાદ આપે છે. તે પ્રતાપી શ્રી દેવી અમારા પર પ્રસન્ન થાઓ

કાં સોસ્મિતાં હિરણ્યપ્રાકારામાર્દ્રાં જ્વલંતીં તૃપ્તાં તર્પયંતીમ્ |
પદ્મે સ્થિતાં પદ્મવર્ણાં તામિહોપહ્વયે શ્રિયમ્ || ૪ ||

મનમોહક સ્મિત ધરાવનાર, સુવર્ણ જેવા તેજસ્વી રંગની તૃપ્તિથી પ્રસરતી, નિત્ય સંતુષ્ટ અને ભક્તોની મનોકામનાઓ પૂર્ણ કરનાર, કમળ પર બિરાજમાન અને કમળનો રંગ ધરાવનાર શુભ દેવી શ્રીનું હું આહ્વાન કરું છું.

યુગ પરિવર્તનના કારણે ઘણા ઘણાં પરિવર્તનો થઈ રહ્યાં છે, અને એને કારણે પતિ પત્ની ઘર ગૃહસ્થી કરતાં અન્ય વાતને વધુ મહત્વ આપવા લાગ્યા છે, અને એમ સમજોને કે નીતિ અનીતિ જેવું બહુ રહ્યું નથી. આજકાલ તો ઘરમાં હવે ઉંબરા પણ જોવા મળતા નથી! અને એને કારણે બે રોકટોક ઘરમાં બધી જ વસ્તુઓ પ્રવેશી જાય છે. ઉંબરામાં મહાલક્ષ્મીનો વાસ છે, એવી આપણે ત્યાં એક માન્યતા છે, અને એટલે જ ઘરની ગૃહલક્ષ્મી રોજ ઉંબરે પૂજા કરીને એટલે સ્વસ્તિ કરીને મહાલક્ષ્મીને પ્રાર્થના કરે છે કે, હે મા તું લક્ષ્મી સ્વરૂપે જ મારા ઘરમાં પ્રવેશ કરજે, એટલે કે નીતિનું ધન મારા ઘરમાં આવે અને એને કારણે અમારી સુખ શાંતિ યથાવત રહે!આ ઉપરાંત સ્વસ્તિકનો અર્થ ચારે દિશામાંથી આવનારું, ધન ચારે દિશામાં એટલે કે સૌના મંગલ માટે વપરાય એવી પણ એક મંગળકામના હોય છે. સમય આગળ આગળ ચાલતો ગયો અને આ બધા જ મૂલ્યો ધોવાઈ ગયાં. આદ્યતન આર્કિટેક કલ્ચરને કારણે મોટા મોટા ઉંબર ગયા એ તો સમજી શકાય છે, પણ મનમાંથી આ ભાવ પણ ગયો, એટલે કે નીતિના રૂપિયા જ સુખ શાંતિ આપી શકે, એ ભાવ જવાથી મૂળમાં ઘર ગૃહસ્થી વિખરાઈ ગઈ.આજનાં સમયમાં સારી રીતે જીવવા બેશક રૂપિયા એટલે કે ધન જોઈએ! પણ એ આવનારું ધન આપણને કેટલી હદે સુખ શાંતિ આપી શકે છે, એ વિચારવું પણ એટલું જ આવશ્યક છે. એટલે કે કોઈ વાર એવું થતું હોય કે આપણી પાસે ધન પર્યાપ્ત હોય, પણ હજી વધુની આપણી ખોટી જીદને કારણે પણ ઘર તૂટતાં હોય. અથવા તો એનું પણ ઘર છે! એણે પણ બે જવાબદારી સ્વીકારવી જોઈએ, હું એક જ શું કામ દર વખતે જતું કરું! એવી અન્યોન્યની માનસિકતા પણ ઘર તોડે છે. તો માત્ર રૂપિયાથી સુખ શાંતિ અને સંતોષ મળતા હોય તો, આજના યુવાનો તો ઢગલા મોઢે રૂપિયા કમાય છે! અને ભૌતિક રીતે સાધન સંપન્ન પણ છે. રૂપિયા ભૌતિક સુખ સગવડ કે સાધન સંપન્નતા વધારી શકે, પરંતુ એનાથી સંતોષ નામનો પારસમણી પ્રાપ્ત થતો નથી, એ તો દરેક વખતે નીતિનો અમલ કરીને સમય, સંબંધ, અને સંજોગ સાથે ડગલાં ભર્યા હોય તો જ, આ સંસાર નામના ત્રણેય ખૂણા સંતુલિત રહે. એટલે કે ધનની ઈચ્છા સાથે સાથે એ ધન આપણાં નૈતિક મૂલ્યોની જવાબદારી જાળવી રાખે તો એ લક્ષ્મીનું શુદ્ધ સ્વરૂપ છે, અને એનાથી આપણું તથા અન્યનું મંગલ જ થાય ! આવી 'સર્વમંગલ માંગલ્યે શિવે સર્વાર્થ સાધિકે', જેવી ભાવના જ આપણી ધનની કમીને પૂરી કરી શકે છે, એ વાત યાદ રાખવી. જીવનમાં નૈતિકતા ધોવાઈ જાય નહીં, અને ઉગતા સૂરજની જેમ આપણું જીવન પણ રોજ અવનવી રીતે ક્રાંતિ કરે, અને આવનારો સમય આપણી તેમજ અન્ય માટે હજી પણ વધુ શુભદાયી અને સુખાકારી હોય એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે એ જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# ધીરજ રાખતા શીખો કારણકે જ્યારે તમારો સમય આવશે, ત્યારે તમને પૂછ્યા વગર બધું જ મળી જશે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)



તમારા વિચારોને ખુલ્લા થવા દો,બોક્સ ની બહાર વિચારો,અને સમજો કે જો દરેક સમસ્યાનો ઉકેલ હોય, તો મારી સમસ્યાનો ઉકેલચોક્કસ હશે.જ્યારે તમે આવું વિચારવાનું શરૂકરશો,ત્યારે મારા પર વિશ્વાસ કરો, તમે તમારી સમસ્યાઓના ઉકેલો શોધવાનું શરૂ કરશો.આજે આપણે ચિંતનાત્મક લેખમાં જોઈએ તો પ્રાચીન સમયમાં, એક વેપારીએ એક ધનવાન શાહુકાર પાસેથી વ્યાજે પૈસા ઉછીના લીધા હતા, પરંતુ તેના ધંધામાં થયેલા નુકસાન ને કારણે, તે પૈસા ચૂકવી શક્યો નહીં. વેપારીને એક ખૂબ જ સુંદર પુત્રી હતી.શાહુકાર ખૂબ જ ચાલાક હતો.તેણે વિચાર્યું કે વેપારી પૈસા ચૂકવી શકતો ન હોવાથી, પરિસ્થિતિનો લાભ કેમ ન લેવો? તેણે સૂચન કર્યું કે જો તે તેની પુત્રીના લગ્ન શાહુકાર સાથે કરાવે, તો તે તેનું આખું દેવું માફ કરી દેશે ગરીબ વેપારી,મદદ માટે તરસ્યો, તેની પુત્રીને બધું કહી દીધું; સમસ્યા નોંધપાત્ર હતી.શાહુકાર એક કદરૂપો મધ્યમ વયનો માણસ હતો. હવે, પુત્રી પાસે ફક્ત બે જ વિકલ્પો હતા: પ્રથમ શાહુકાર સાથે લગ્ન કરવાનો ઈનકાર કરવો અને તેના પિતાને દેવાના બોજ હેઠળ દબાવી દેવા. બીજું,શાહુકાર સાથે ખુશીથી લગ્ન કરવા.જેથી તેના પિતા મુક્ત પણે જીવી શકે.મિત્રો, ઘણીવાર આપણા જીવનમાં પણ આવા વળાંક આવે છે જ્યારે આપણે એવું માનવા લાગીએ છીએ કે કોઈ રસ્તો નથી અને હવે આપણે ખરાબ રીતે ફસાઈ ગયા છીએ. આપણે અખબારોમાં સાંભળીએ છીએ કે લોકો આત્મહત્યા પણ કરેછે,પરંતુ તમારા મનને પાણીની જેમ રાખો, શું તમે બિલકુલ શુદ્ધ, શાંત અને વહેતું પાણી જોયું છે?પાણી દરેક જગ્યાએથી પોતાનો રસ્તો શોધી કાઢેછે,બસ આવા જ બની જાઓ આગળ જુઓ છોકરીએ શું નિર્ણય લીધો-છોકરી એ શાહુકાર સમક્ષ એક શરત મૂકી કે શાહુકાર એક થેલી લાવે અને તેમાં બે ગોળીઓ નાખે,એક સફેદ અને બીજી કાળી.આ પછી છોકરી આંખો બંધ કરીને તે થેલી માંથી એકગોળી કાઢશે. જો ગોળી કાળી નીકળશે,તો છોકરી શાહુ કાર સાથે લગ્ન કરશે અને તેના પિતાનું દેવું માફ કરવામાં આવશે ઉપરાંત,જો ગોળી સફેદ નીકળશે તો પિતાનું દેવું માફ કરવામાં આવશે પરંતુ છોકરી શાહુકાર સાથે લગ્ન કરશે નહીં.શાહુકારો તરત જ સંમત થયા અને તરત એક થેલી લાવ્યા હવે,જ્યારે તે ગોળીઓ થેલીમાં મૂકી રહ્યો હતો ત્યારે છોકરીએ જોયું કે શાહુકારે ચાલાકીપૂર્વક બંનેગોળીઓ કાળી તરીકે બેગ માં મૂકી દીધી હતી. હવે છોકરી ચિંતામાં પડી ગઈ કે તેણે શું કરવું જોઈએ,જો તે શાહુ કારનો પર્દાફાશ કરશે,તો પણ તે ચોક્કસ પણે તેમને કોઈ બીજી યુક્તિમાં ફસાવશે.છોકરીએ થોડી વાર વિચાર્યા પછી આગળ વધીને તેના થેલામાંથી એક ગોળી કાઢી. તેને બહાર કાઢતા જ તેનાહાથમાં થી ગોળી પડી ગઈ, જેના કારણે તે ગટરમાં પડી ગઈ.છોકરીએ કહ્યું,'માફ કરશો,ગોળી મારા હાથમાંથી સરકી ગઈ,પણ ચિંતા કરવાની કોઈ જરૂર નથી. થેલામાં બીજીગોળી હોવી જોઈએ.ચાલો તપાસ કરીએ.જો ગોળી કાળી નીકળે, તો મેં સફેદ ગોળી ઉપાડી હશે. અને જો ગોળી સફેદ નીકળે તો મેં કાળી ગોળી ઉપાડી હશે.' વેપારીએ થેલામાં હાથ ફેરવ્યો અને કાળી ગોળી જોઈ.વેપારીએ કહ્યું,'આહ, દીકરી, થેલામાં ફક્ત એક જ કાળી ગોળી બાકી છે. એનો અર્થ એ કે તેં સફેદ ગોળી ઉપાડી લીધી 'બિચારો શાહુકાર શું કહી શકે? જો તેણે કહ્યું હોત, તો ચોરીનો ખુલાસો થયો હોત. આમ,પિતાનું દેવું માફ થયું,અને પુત્રીએ પોતાને બચાવી લીધી!જ્યાં સુધી તમે સમસ્યાઓના ઉકેલો વિશે નહીં વિચારો, ત્યાં સુધી તમે તેમાં અટવાયેલા રહેશો.

સંતોના જીવનને જોઇએ તો જણાશે કે,સંતોએ બહુ દુઃખ ભોગવ્યું છે. સંતો દુઃખી થાય છે તો પણ તેમના મન ઉપર દુઃખની અસર થતી નથી. નરસિંહ મહેતા નાં પત્ની મરણ પામ્યાં તો મહેતા જીએ ગાયું,"ભલું થયું ભાંગી જંજાળ,સુખે ભજશું શ્રી ગોપાળ વૃંદાવનમાં ઘણા સાધુઓ નંદ મહોત્સવના અઢાર શ્લોકનો રોજ પાઠ કરે છે અને રોજ નંદ મહોત્સવ કરે છે.મનથી ભાવના કરવાની અને મનથી વૃંદાવન જવાનું.શરીર ગમે ત્યાં હોય,પણ ભાવના કરો કે,હું નંદબાબાના મહેલમાં છું. યશોદાની ગોદમાં કનૈયો બેઠો છે,ગાયો કૂદાકૂદ કરે છે, ગોપીઓ થૈ થૈ નાચે છે. એના સ્મરણથી આખો દહાડો આનંદ માં જશે.એક સ્વરૂપનું ધ્યાન કરવાનું ન બને.શ્રીકૃષ્ણલીલાનું કીર્તન કરો.નંદબાબાનું ગોકુળ પ્રેમભૂમિ છે.હું સુખી થાઉં અને બીજાને સુખી ન કરું એવી ભાવના હશે તો સુખ તમારો ત્યાગ કરશે, પરંતુ બીજાને સુખી કરવાની ઈચ્છા કરવાવાળો કોઈ દિવસ દુઃખી થતો નથી. નવમીના દિવસે સવારે ચાર વાગે ગોકુળમાં આનંદમહોત્સવ થયો હતો,તેથી નંદમહોત્સવ બ્રાહ્મ મુહૂર્તમાં કરવાનો.પ્રાતઃ કાળમાં વહેલા ઊઠી અડધો કલાક ધ્યાન કરો, ઈશ્વર સાથે એક બનો.બાર વર્ષ નિયમપૂર્વક આ પ્રમાણે કરો તો અનુભવ થશે.પ્રાતઃકાળમાં ધ્યાન પ્રાર્થના કર્યાંહશે,તો આખો દિવસ માં આનંદમાં જશે.કંઈ ન બને તો આંખો બંધ કરો.આ નંદમહોત્સવ નું ધ્યાન કરજો,તેથીમન શુદ્ધ થશે શ્રાવણ વદી દ્વાદશીના દિવસે ભગવાન શંકર ગોકુળમાં પધાર્યા. શંકર યોગીશ્વર અને શ્રીકૃષ્ણ યોગેશ્વર છે.ભગવાન શંકરનિવૃત્તિ ધર્મનો આદર્શ બતાવે છે, શ્રીકૃષ્ણ પ્રવૃત્તિ ધર્મનો આદર્શ બતાવે છે. બધી પ્રવૃત્તિ કરે છે, છતાં કોઈ પ્રવૃત્તિમાં આસક્તિ નથી. પ્રવૃત્તિ કરે છે તે પ્રવૃત્તિ નિવૃત્તિ સમાન છે.ભગવાન શંકર કહે છે કે, જેને બ્રહ્માનંદ લેવો છે તેને થોડી નિવૃત્તિ લેવી જ પડશે.

શિવજી ગામમાં પણ વધારે વખત રહેતા નથી, સ્મશાનમાં રહે છે. શિવજી કહે છે ધ્યાનાનંદ.ભજના નંદ લેવો હોય તો થોડી પ્રવૃત્તિ ઓછી કરો.એક ખેડૂતને બે કન્યાઓ. તેમાંથી એક કુંભારને આપેલી અને બીજી ખેડૂતને આપેલી. પિતાએ જે કન્યા ખેડૂત ને આપેલી તેના ઘરે આવ્યા. કન્યાને પૂછ્યું,કેમ બહેન કેમ છે?કન્યાએ કહ્યુંકે,આ વરસાદ પડતો નથી. વરસાદ પડે તો લીલાલહેર છે.તે પછી કુંભારને આપેલી કન્યાને ઘરે આવ્યા અને કન્યાને કુશળ સમાચાર પૂછ્યા.તે કન્યાએકહ્યું,માટીનાં વાસણતૈયાર કર્યાં છે. તેના માટે ભઠ્ઠી ચડાવવી છે.એકવાર વાસણતૈયાર થઈ જાય પછી વરસાદ પડે તો સારું! આ બાપ-દીકરીઓની કથા નથી. જીવ માત્રની પ્રવૃત્તિ અને નિવૃત્તિ એ બે કન્યાઓ છે.આ બે કન્યાઓ એક સાથે રહી શકે નહીં એક દુઃખી થશે ત્યારે બીજી સુખી થશે. નિવૃત્તિનો આનંદ લેવો હોય તો પ્રવૃત્તિનો મનથી ત્યાગ કરો. શરીરમાં શક્તિ હોય ત્યારે વિવેક થી ધીરે ધીરે પ્રવૃત્તિ ઓછી કરો, પ્રભુ માટે થોડો સમય કાઢો. વાતો બ્રહ્મજ્ઞાનની કરે અને પ્રેમ પૈસા-સ્ત્રી સાથે કરે,સંસારના જડ પદાર્થ સાથે કરે છે એને કોઈ દિવસ બ્રહ્મજ્ઞાન પચે નહીં જગત ખોટું છે એમ બોલવામાં લાભ નથી, પણ જગત ખોટું છે એમ માની જગતમાં રહેવાનું છે. વ્યવહાર ખોટો છે તેમ માની વ્યવહાર કરો.યોગીશ્વર અને યોગેશ્વરનું આ મિલન છે. ભગવાન શંકર એકલા શ્રાવણ શ્રીકૃષ્ણ દ્વાદશીને દિવસે શ્રીકૃષ્ણ નાં દર્શન કરવા જાય છે,ત્યારે તેમના ખાસગણ શ્રૃંગીશ્રૃંગી કહેછે કે,અમે પણ તમારી સાથે આવીશું ભજન અને દર્શન એકલાં કરવાં, કારણ કે બીજા સાથે હોય તો બીજાના રજોગુણ આપણામાં આવે છે. દર્શન એકચિત્તે કરો. દર્શન કરી મંદિરમાં ઓટલે બેસવાનું અને ચિંતન કરવાનું કે, ઠાકોરજીનું જે સ્વરૂપ જોયું તે બીજા દિવસ સુધી આંખમાંથી અને મનમાંથી ખસે નહીં.દર્શન કર્યા પછી ઠાકોરજીને ઘરે લઈ જાય એનાં દર્શન સાચાં.ઈશ્વર સિવાય કોઈનો પણ સાથ રાખવો નહીં. જીવ દગાખોર છે.જીવ અભિમાની છે.સંતની દૃષ્ટિ પરમાત્માનાં કોઈ સ્વરૂપમાં ઠરેલી જ હોય છે. બાહ્ય દૃષ્ટિ નીચી જ હોય છે. શંકરની દૃષ્ટિ બ્રહ્મમાં જ હતી.શ્રૃંગીએ અને ભૃંગીએ સાથે થવા કહ્યું, ત્યારે શંકરે ના પાડી. કહે કે તમે સાથે આવો તો મારાં દર્શન-ધ્યાનમાં વિક્ષેપ પડશે. વાચક ચાહક મિત્રો, આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# ભારતીયડાકવિભાગકરશે55મીયુનિવર્સલપોસ્ટલયુનિયનઆંતરરાષ્ટ્રીય પત્ર લેખન સ્પર્ધાનું આયોજન – પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

## પત્ર લખવાની કળાને પ્રોત્સાહન આપવા યુનિવર્સલ પોસ્ટલ યુનિયનની વૈશ્વિક પહેલ, 'ડિજિટલ વિશ્વમાં માનવીય જોડાણ' વિષય પર 9 થી 15 વર્ષની વયના બાળકો લખશે પત્રો

**અમદાવાદ, તા. 21**

ભારતીય ડાક વિભાગ દ્વારા પત્ર લેખનની વિધાને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે 9 થી 15 વર્ષની વયના બાળકો માટે 'યુનિવર્સલ પોસ્ટલ યુનિયન આંતરરાષ્ટ્રીય પત્ર લેખન સ્પર્ધા'નું આયોજન કરવામાં આવે છે. આ અંગે માહિતી આપતાં ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે ભારતીય ડાક વિભાગ શાળાના વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, વિવેચનાત્મક વિચારસરણી અને પત્ર લેખનની કળાને પ્રોત્સાહન આપવા માટે યુનિવર્સલ પોસ્ટલ યુનિયન ની એક વાર્ષિક વૈશ્વિક પહેલ હેઠળ યુવાઓ માટે 55મી યુપીયુ આંતરરાષ્ટ્રીય પત્ર લેખન સ્પર્ધા-2026નું આયોજન કરવા જઈ રહ્યું છે. પત્ર લેખનનો વિષય છે: "ડિજિટલ વિશ્વમાં માનવીય જોડાણ કેમ મહત્વનું છે, તે અંગે તમારા કોઈ મિત્રને પત્ર લખો." પત્ર હિન્દી, અંગ્રેજી અથવા બંધારણની આઠમી અનુસૂચિમાં દર્શાવેલી કોઈપણ ભાષામાં 800 શબ્દોની મર્યાદામાં લખવાનો રહેશે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે સ્પર્ધા માટે અરજીઓ મોકલવાની છેલ્લી તારીખ 13 માર્ચ, 2026 છે. ઈચ્છુક વિદ્યાર્થીઓ પોતાના શાળાના માધ્યમથી (જન્મતારીખનું પ્રમાણિતકરણ કરાવીને) નિર્ધારિત અરજીપત્રક (બે નકલમાં) સાથે પાસપોર્ટ સાઈઝના ત્રણ તાજેતરના ફોટોગ્રાફ જોડીને સંબંધિત અધિક્ષક/પ્રવર અધિક્ષકને મોકલી શકે છે. સ્પર્ધા માટે અરજી કરવાનો નમૂનો સંબંધિત પ્રવર અધિક્ષક/અધિક્ષક કચેરીમાંથી પ્રાપ્ત કરી શકાય છે. તેમ છતાં, તમામ મંડળના અધિક્ષકને વ્યાપક પ્રચાર કરવા તથા વિવિધ શાળાઓને અરજીપત્રકના નમૂના ઉપલબ્ધ કરાવવા સૂચનાઓ આપવામાં આવી છે. જો વિવિધ શાળા-કોલેજોના આચાર્ય ઈચ્છે તો આ સ્પર્ધા પોસ્ટ વિભાગ સાથે સંકલન કરીને પોતાના સ્તરે પણ સ્વતંત્ર રીતે યોજી શકે છે. પોસ્ટ વિભાગ સ્પર્ધાત્મક અરજીઓ તેમની પાસેથી એકત્ર કરી પરિમંડલીય કચેરી, ગુજરાતને મોકલશે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે પત્ર લેખન સ્પર્ધાનું મૂલ્યાંકન ગુજરાત ખાતે પરિમંડલીય સ્તરે કરવામાં આવશે અને શ્રેષ્ઠ ત્રણ પત્રોને રાષ્ટ્રીય સ્તરે સામેલ કરવા માટે ડાક નિદેશાલય, નવી દિલ્હી મોકલવામાં આવશે. રાજ્ય અથવા પરિમંડલ સ્તરે પસંદ થયેલા ટોચના ત્રણ પ્રતિભાગીઓને ક્રમશઃ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઈનામ તરીકે પ્રમાણપત્ર સાથે રૂ. 25,000, રૂ. 10,000 અને રૂ. 5,000 ની ઈનામ રકમ આપવામાં આવશે. તે જ રીતે, રાષ્ટ્રીય સ્તરે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઈનામ તરીકે પ્રમાણપત્ર સાથે રૂ. 50,000, રૂ. 25,000 અને રૂ. 10,000 ની ઈનામ રકમ આપવામાં આવશે. આંતરરાષ્ટ્રીય સ્તરે યુનિવર્સલ પોસ્ટલ યુનિયન દ્વારા પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઈનામ તરીકે અનુક્રમે સુવર્ણ, રજત અને કાંસ્ય પદક, પ્રમાણપત્ર તથા અન્ય આકર્ષક ઈનામો આપવામાં આવશે. ઉપરાંત, સુવર્ણ પદક વિજેતાને યુપીયુ મુખ્યાલય, બર્ન (સ્વિટ્ઝર્લેન્ડ)ની મુલાકાતનો અવસર અથવા યુપીયુ દ્વારા નિર્ધારિત કોઈ અન્ય વિશેષ ઈનામ પણ આપવામાં આવશે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે ડિજિટલ ક્રાંતિના આ યુગમાં, જ્યાં સંદેશાઓ ક્ષણભરમાં એક સ્થાનેથી બીજા સ્થાન સુધી પહોંચી જાય છે, ત્યાં પત્ર લેખનની મહત્વતા આજે પણ યથાવત છે. પત્ર લખવાથી આપણને થોભીને વિચારવાની અને પોતાના વિચારોને સંયમ તથા સંવેદનશીલતા સાથે વ્યક્ત કરવાની તક મળે છે. હાથથી લખાયેલ પત્ર લાગણીઓને સંભાળી રજૂ કરવાની એક જીવંત કળા છે. તેમાં માત્ર શબ્દો નહીં, પરંતુ લેખકની અનુભૂતિઓ અને ભાવનાઓ પણ સમાયેલી હોય છે. એટલા માટે હાથથી લખેલ પત્ર શબ્દોથી અનેક ગણા વધુ, દિલની સાચી અવાજ બને છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે પત્ર લેખન સ્પર્ધાનું મૂલ્યાંકન ગુજરાત ખાતે પરિમંડલીય સ્તરે કરવામાં આવશે અને શ્રેષ્ઠ ત્રણ પત્રોને રાષ્ટ્રીય સ્તરે સામેલ કરવા માટે ડાક નિદેશાલય, નવી દિલ્હી મોકલવામાં આવશે. રાજ્ય અથવા પરિમંડલ સ્તરે પસંદ થયેલા ટોચના ત્રણ પ્રતિભાગીઓને ક્રમશઃ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઈનામ તરીકે પ્રમાણપત્ર સાથે રૂ. 25,000, રૂ. 10,000 અને રૂ. 5,000 ની ઈનામ રકમ આપવામાં આવશે. તે જ રીતે, રાષ્ટ્રીય સ્તરે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઈનામ તરીકે પ્રમાણપત્ર સાથે રૂ. 50,000, રૂ. 25,000 અને રૂ. 10,000 ની ઈનામ રકમ આપવામાં આવશે. આંતરરાષ્ટ્રીય સ્તરે યુનિવર્સલ પોસ્ટલ યુનિયન દ્વારા પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઈનામ તરીકે અનુક્રમે સુવર્ણ, રજત અને કાંસ્ય પદક, પ્રમાણપત્ર તથા અન્ય આકર્ષક ઈનામો આપવામાં આવશે. ઉપરાંત, સુવર્ણ પદક વિજેતાને યુપીયુ મુખ્યાલય, બર્ન (સ્વિટ્ઝર્લેન્ડ)ની મુલાકાતનો અવસર અથવા યુપીયુ દ્વારા નિર્ધારિત કોઈ અન્ય વિશેષ ઈનામ પણ આપવામાં આવશે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે ડિજિટલ ક્રાંતિના આ યુગમાં, જ્યાં સંદેશાઓ ક્ષણભરમાં એક સ્થાનેથી બીજા સ્થાન સુધી પહોંચી જાય છે, ત્યાં પત્ર લેખનની મહત્વતા આજે પણ યથાવત છે. પત્ર લખવાથી આપણને થોભીને વિચારવાની અને પોતાના વિચારોને સંયમ તથા સંવેદનશીલતા સાથે વ્યક્ત કરવાની તક મળે છે. હાથથી લખાયેલ પત્ર લાગણીઓને સંભાળી રજૂ કરવાની એક જીવંત કળા છે. તેમાં માત્ર શબ્દો નહીં, પરંતુ લેખકની અનુભૂતિઓ અને ભાવનાઓ પણ સમાયેલી હોય છે. એટલા માટે હાથથી લખેલ પત્ર શબ્દોથી અનેક ગણા વધુ, દિલની સાચી અવાજ બને છે.

## શિક્ષણનું સાચું મૂલ્ય માત્ર પાઠ્યપુસ્તકમાં નહીં, પરંતુ સંસ્કાર, સંયમ અને સ્નેહમાં વસે છે : સચિવશ્રી એસ.જે.ડુમરાળિયા

**નડિયાદ, તા. 21**

કપડવંજ તાલુકાની નવાબોભા પ્રાથમિક શાળામાં જી.સી.ઈ.આર.ટી.ના સચિવશ્રી એસ.જે. ડુંમરાળિયાએ મુલાકાત લીધી હતી. ગાંધીનગરથી દૂર આવેલા અંતરિયાળ ગામોમાં પણ બાળકો સુધી પહોંચવાનો તેમનો સંકલ્પ અને સમર્પણ તેમના જીવનસૂત્ર બાળ દેવો ભવ" ને જીવંત સાકાર કરે છે. તેઓ માત્ર અધિકારી નહીં, પરંતુ બાળકોના હૃદય સુધી પહોંચતા માર્ગદર્શક છે. જેઓ બાળકો વચ્ચે જ રહેવાનું પસંદ કરે છે. શાળામાં પ્રવેશ કરતા જ તેમની આંખોમાં બાળકપ્રેમ ઝળહળતો દેખાતો હતો. શાળા પરિવારને સંબોધતા તેમણે હળવી, સરળ અને હૃદયસ્પર્શી ભાષામાં કહ્યું કે બાળકો દેવ સમાન છે. શિક્ષણનું સાચું મૂલ્ય માત્ર પાઠ્યપુસ્તકમાં નહીં, પરંતુ સંસ્કાર, સંયમ અને સ્નેહમાં વસે છે. તેઓ "શિક્ષક" શબ્દ કરતાં "ગુરુજી" શબ્દ બોલવાનું પસંદ કરે છે, કારણ કે ગુરુ માત્ર ભણાવે નહીં, પણ જીવન જીવવાનું શીખવે છે. બાળકો સાથે આત્મીય સંવાદ કરતા તેમણે બાળકો પાસેથી માતા-પિતાની સેવા કરવી, નિયમિત ગૃહકાર્ય કરવું, રોજ વાંચન કરવું, વહેલા સૂઈ જવું અને વહેલા ઉઠવું જેવી સારા આચરણોની પ્રતિજ્ઞા લેવડાવી હતી. આ પ્રતિજ્ઞાઓ માત્ર શબ્દો નહોતા, પરંતુ ઉજ્જવળ ભવિષ્ય તરફના પગલાં હતા. બાળકોના ચહેરા પર ઉત્સાહ અને આત્મવિશ્વાસની ઝલક સ્પષ્ટ દેખાતી હતી.

## ૧૦ લાખ જેટલા ખોટા ફોર્મ-૭ ભરીને મતદારોનો મતનો અધિકાર છીનવવાનું ષડયંત્ર: શ્રી અમિત ચાવડા

**ગાંધીનગર, તા. 21**

રાજીવ ગાંધી ભવન ખાતે વિશેષ પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિતભાઈ ચાવડાએ ચૂંટણી પંચની એસ.આઈ.આર. (SIR)ની કામગીરીમાં થઈ રહેલ ગેરરીતિ સામે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ભૂતકાળમાં ગુજરાત કોંગ્રેસ દ્વારા નવસારી લોકસભામાં ભૂતિયા શોધી વોટ ચોરી ઉજાગર કરી હતી. ચૂંટણી પંચના નાક નીચે કોંગ્રેસ પક્ષ અને નેતા વિપક્ષ શ્રી રાહુલ ગાંધી દ્વારા વારંવાર વોટ ચોરીને ખુલ્લી પાડવામાં આવી છે. ચૂંટણી પંચ દ્વારા જે ડ્રાફ્ટ મતદારયાદીમાં ક્ષતિ હોય તે સુધારા માટે વ્યવસ્થાનો દુરુપયોગ સામે આવ્યો છે. મતદાર રદ કરવા માટેના ફોર્મ ૭, જાન્યુઆરી ૧૫ સુધીમાં ચૂંટણી પંચ જોડે નહિવત પ્રમાણમાં આવ્યા હતા. કોંગ્રેસ પક્ષ દ્વારા પત્ર લખી ફોર્મ ૭ની વિગત માંગવા છતાં ચૂંટણી પંચ દ્વારા આપી નથી. જ્યારે એક ષડયંત્રની જેમ ૧૬,૧૭ અને ૧૮ જાન્યુઆરીમાં જથ્થાબંધ પ્રમાણમાં જમા થયા છે. એક સંગઠિત પ્લાનિંગ સાથે કેટલાક ચોક્કસ પક્ષ દ્વારા ત્રણ દિવસમાં પૂરતા પુરાવા વગર ફોર્મ ૭ને જે તે વિધાનસભામાં અધિકારીઓ ને આપવામાં આવ્યા છે. પહેલા વોટ ચોરી કરી હવે ૧૦ લાખ જેટલા ખોટા ફોર્મ-૭ ભરીને મતદારોનો મતનો અધિકાર છીનવવાનું ષડયંત્ર છે. બંધારણે મતનો અધિકાર આપ્યો છે ત્યા ભાજપના ચૂંટણીપંચ સાથેના મેળાપીપણાથી અધિકાર ખતમ કરવા માંગે છે. લોકશાહીમાં જનતાને મળેલા મતદાનના અધિકારને સુનિયોજિત કાવતરું ઘડીને છીનવવાનો પ્રયાસ છે. એક સરખા ચોક્કસ પ્રિન્ટેડ ફોર્મેટમાં મતદારની વિગત સાથે અલગ અલગ જિલ્લામાં ફોર્મ ૭ રજૂ કરવામાં આવ્યા છે તેના પુરાવા છે. મોટી સંખ્યામાં આવેલ ફોર્મ ૭ કોણ ચૂંટણી પંચમાં આપવા આવ્યું હતું તેના સીસીટીવી ફૂટેજ અને માહિતી જિલ્લાવાર ચૂંટણીપંચે આપવા પડશે. શું તે ફોર્મના જથ્થા આપનાર ચોક્કસ રાજકીય પક્ષના આગેવાનો હતા કે નહીં તેની વિગત ચૂંટણી પંચે જાહેર કરવી પડશે ફોર્મ ૭ અરજી કરનાર ક્યાંક વિદેશનો રહેનારા નીકળે, ક્યાંક ફોર્મ ૭ના વાંધો ઉપાડનારની વિગતમાં એપિક નંબર ના લખ્યો હોય તો ક્યાંક તેનો મોબાઈલ નંબરની વિગતો ના હોય તેવા ચૂંટણીપંચમાં જમા થયા છે. ક્યાંક જેમના નામે ફોર્મ ૭ના વાંધા રજૂ થયા છે તે બાબત થી અજાણ હોય તે પ્રકાર ની માહિતી સામે આવી છે.

કોંગ્રેસ પક્ષ એક પણ નાગરિકના મતદાનનો અધિકાર છીનવવા નહીં દે. કોંગ્રેસ પક્ષ દ્વારા બંધારણથી મળેલ મતદાનના અધિકાર માટે આગેવાનો કાર્યકરો સાથે મામલતદાર - કલેક્ટર કચેરીનો ઘેરાવો કરશે અને ધરણાં પ્રદર્શન કરશે. જ્યાં કાયદાકીય લડાઈ લડવાની હશે તો તે પણ કોંગ્રેસ સંવિધાન અને લોકશાહી બચાવવા માટે લડશે.

## 'ડાયપર નહીં, ડિગ્નિટી': બ્લેડર એક્સ્ટ્રોફીની સમસ્યા ધરાવતા બાળકો માટે તૈયાર કરાયું રિયૂઝેબલ 'BE-Dry' ડાયપર

### સર્જરીથી આગળનો વિચાર: ભીના કપડાંના કારણે બ્લેડર એક્સ્ટ્રોફીની સમસ્યા ધરાવતું બાળક હવે શિક્ષણથી વંચિત નહી રહે



**ગાંધીનગર, તા. 21**

બાળપણ એટલે નિખાલસતા અને શિક્ષણનો સમય. પરંતુ કલ્પના કરો કે એક નાનકડું બાળક માત્ર એટલા માટે શાળાએ જતાં ડરે છે કે તેના કપડાં વારંવાર ભીના થઈ જાય છે. સાથી મિત્રોની મજાક અને કપડાંમાંથી આવતી પેશાબની દુર્ગંધ બાળકને માનસિક રીતે તોડી નાખે છે. આ કોઈ સામાન્ય કલ્પના નથી, પરંતુ 'બ્લેડર એક્સ્ટ્રોફી'ની સમસ્યા ધરાવતા બાળકોની વરવી વાસ્તવિકતા છે. આ બાળકોના જીવનમાં અંધકારને સ્થાને આશાનું કિરણ લાવવા માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ, ઈન્ટરનેશનલ બ્લેડર એક્સસ્ટ્રોફી કોલાબોરેટિવ (IBEC), અમેરિકાની સંસ્થા એસોસિએશન ફોર ધ બ્લેડર એક્સસ્ટ્રોફી કોમ્યુનિટી (A-BE-C) અને સુરતના પરોપકારી મોદી પરિવારે હાથ મિલાવ્યા છે. પરિણામ સ્વરૂપ તૈયાર થયું છે 'BE-Dry' રિયૂઝેબલ ડાયપર, જે આ બાળકો માટે માત્ર એક વસ્ત્ર નથી, પરંતુ તેમના આત્મસન્માનની રક્ષાનું કવચ છે.

તબીબી પડકાર: જ્યારે સર્જરી પૂરતી નથી

અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ અને પીડિયાટ્રિક સર્જરી વિભાગના વડા ડૉ. રાકેશ જોષી જણાવે છે કે, બ્લેડર એક્સ્ટ્રોફીની જન્મજાત બીમારીમાં અનેક જટિલ સર્જરીઓ બાદ પણ ૨૦ થી ૨૫ ટકા બાળકોમાં યુરીન લીકેજની સમસ્યા કાયમી રહે છે. શાળામાં ચાલુ વર્ગખંડે કપડાં ભીના થઈ જવાથી બાળક લઘુતાગ્રંથિ અનુભવે છે. ગરીબ પરિવારો માટે રોજના મોંઘા ડિસ્પોઝેબલ ડાયપર ખરીદવા અશક્ય હોય છે, જેના કારણે 'ભીના કપડાંના કારણે બાળક શિક્ષણથી વંચિત' રહી જતું હોય છે.આ સમસ્યાના ઉકેલ માટે છેલ્લા ૧૮ વર્ષથી કાર્યરત ડૉ. જોષીના માર્ગદર્શન હેઠળ વૈશ્વિક સંસ્થાઓ સાથે સંકલન સાધવામાં આવ્યું. A-BE-C સંસ્થાના પામેલા આર્ટિગાસે પણ સ્વીકાર્યું કે, 'બ્લેડર એક્સ્ટ્રોફી એ માત્ર તબીબી સમસ્યા નથી, પરંતુ સામાજિક અને માનસિક સમસ્યાની સાથે બાળકનાં આત્મસન્માનનો પ્રશ્ન છે.'તબીબી પડકાર: જ્યારે સર્જરી પૂરતી નથી

અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ અને પીડિયાટ્રિક સર્જરી વિભાગના વડા ડૉ. રાકેશ જોષી જણાવે છે કે, બ્લેડર એક્સ્ટ્રોફીની જન્મજાત બીમારીમાં અનેક જટિલ સર્જરીઓ બાદ પણ ૨૦ થી ૨૫ ટકા બાળકોમાં યુરીન લીકેજની સમસ્યા કાયમી રહે છે. શાળામાં ચાલુ વર્ગખંડે કપડાં ભીના થઈ જવાથી બાળક લઘુતાગ્રંથિ અનુભવે છે. ગરીબ પરિવારો માટે રોજના મોંઘા ડિસ્પોઝેબલ ડાયપર ખરીદવા અશક્ય હોય છે, જેના કારણે 'ભીના કપડાંના કારણે બાળક શિક્ષણથી વંચિત' રહી જતું હોય છે.આ સમસ્યાના ઉકેલ માટે છેલ્લા ૧૮ વર્ષથી કાર્યરત ડૉ. જોષીના માર્ગદર્શન હેઠળ વૈશ્વિક સંસ્થાઓ સાથે સંકલન સાધવામાં આવ્યું. A-BE-C સંસ્થાના પામેલા આર્ટિગાસે પણ સ્વીકાર્યું કે, 'બ્લેડર એક્સ્ટ્રોફી એ માત્ર તબીબી સમસ્યા નથી, પરંતુ સામાજિક અને માનસિક સમસ્યાની સાથે બાળકનાં આત્મસન્માનનો પ્રશ્ન છે.'

સુરતના મોદી પરિવારનો સેવાયજ્ઞ: ખર્ચ નહીં, ભવિષ્યમાં રોકાણ

આ ગંભીર સમસ્યાનો ઉકેલ મોંઘા વિદેશી ડાયપર હતા, જે સામાન્ય માણસને પરવડે તેમ નહોતા. આ સમયે સુરતના વિનય મોદી અને અંજુ મોદી મદદે આવ્યા. તેમણે અમેરિકન ડિઝાઈનને ભારતીય જરૂરિયાત મુજબ તૈયાર કરવામાં અને ઉત્પાદન ખર્ચ ઘટાડવામાં મહત્વની ભૂમિકા ભજવી.પોતાની ઉદારતા દર્શાવતા મોદી પરિવારે અંદાજે ૧.૫ લાખ રૂપિયાના ખર્ચે ૧૪૦ જેટલા બાળકોને ૮ રિયૂઝેબલ BE-Dry ડાયપરની ગિફ્ટ આપી છે. 'સર્જરીથી આગળનો વિચાર' કરી કરવામાં આવેલા આ આર્થિક સહયોગથી હવે બ્લેડર એક્સ્ટ્રોફી ધરાવતા બાળકોના પરિવારો પરથી ડાયપરના ખર્ચનો મોટો બોજ હળવો થયો છે. આ ગંભીર સમસ્યાનો ઉકેલ મોંઘા વિદેશી ડાયપર હતા, જે સામાન્ય માણસને પરવડે તેમ નહોતા. આ સમયે સુરતના વિનય મોદી અને અંજુ મોદી મદદે આવ્યા. તેમણે અમેરિકન ડિઝાઈનને ભારતીય જરૂરિયાત મુજબ તૈયાર કરવામાં અને ઉત્પાદન ખર્ચ ઘટાડવામાં મહત્વની ભૂમિકા ભજવી.પોતાની ઉદારતા દર્શાવતા મોદી પરિવારે અંદાજે ૧.૫ લાખ રૂપિયાના ખર્ચે ૧૪૦ જેટલા બાળકોને ૮ રિયૂઝેબલ BE-Dry ડાયપરની ગિફ્ટ આપી છે. 'સર્જરીથી આગળનો વિચાર' કરી કરવામાં આવેલા આ આર્થિક સહયોગથી હવે બ્લેડર એક્સ્ટ્રોફી ધરાવતા બાળકોના પરિવારો પરથી ડાયપરના ખર્ચનો મોટો બોજ હળવો થયો છે.

નવી સવાર, નવો આત્મવિશ્વાસ

સિવિલ હોસ્પિટલના નિષ્ણાતો અને સુરતના દાતા પરિવારના આ સમન્વયથી હવે સેંકડો બાળકો ફરી શાળાએ જતા થયા છે. અનુભા ઈનોવેટર્સ દ્વારા તૈયાર કરાયેલા આ ડાયપર્સમાં રીયૂઝેબલ અન્ડરવેર સાથે બદલી શકાય તેવા પેડ્સ હોવાથી તે લાંબા ગાળા સુધી ઉપયોગી છે. ડૉ. રાકેશ જોષી વિશ્વાસ સાથે કહે છે કે, આ પહેલથી હવે કોઈ પણ બાળક માત્ર પેશાબ લીક થવાની શરમથી સમાજ કે શાળાથી દૂર નહીં રહે. આ પ્રોજેક્ટ સાબિત કરે છે કે જ્યારે તબીબી નિષ્ણાતો અને સમાજ શ્રેષ્ઠીઓ સાથે મળે, ત્યારે જન્મે છે– 'ડાયપર નહીં, પણ ડિગ્નિટી'. સિવિલ હોસ્પિટલના નિષ્ણાતો અને સુરતના દાતા પરિવારના આ સમન્વયથી હવે સેંકડો બાળકો ફરી શાળાએ જતા થયા છે. અનુભા ઈનોવેટર્સ દ્વારા તૈયાર કરાયેલા આ ડાયપર્સમાં રીયૂઝેબલ અન્ડરવેર સાથે બદલી શકાય તેવા પેડ્સ હોવાથી તે લાંબા ગાળા સુધી ઉપયોગી છે. ડૉ. રાકેશ જોષી વિશ્વાસ સાથે કહે છે કે, આ પહેલથી હવે કોઈ પણ બાળક માત્ર પેશાબ લીક થવાની શરમથી સમાજ કે શાળાથી દૂર નહીં રહે. આ પ્રોજેક્ટ સાબિત કરે છે કે જ્યારે તબીબી નિષ્ણાતો અને સમાજ શ્રેષ્ઠીઓ સાથે મળે, ત્યારે જન્મે છે–

## વંદે ભારત સ્લીપર ટ્રેન મુસાફરોમાં લોકપ્રિય બની




**અમદાવાદ, તા. 21**

કામાખ્યા (KYQ) અને હાવડા (HWH) વચ્ચે વંદે ભારત સ્લીપર ટ્રેન (ટ્રેન નં. 27576) ના પ્રથમ કોમર્શિયલ રનને મુસાફરો તરફથી જબરદસ્ત પ્રતિસાદ મળ્યો છે. PRS અને અન્ય સાઈટ્સ દ્વારા ટિકિટ રિઝર્વેશન ખુલ્યાના થોડા જ કલાકોમાં તમામ બેઠકો બુક થઈ ગઈ હતી. ટિકિટોનું ઝડપી વેચાણ 17 જાન્યુઆરી, 2026 ના રોજ માનનીય પ્રધાનમંત્રી દ્વારા ઉદઘાટન કરવામાં આવેલી વંદે ભારત સ્લીપરની ઝડપ, આરામ અને આધુનિક સુવિધાઓનો અનુભવ કરવા માટે મુસાફરોની આતુરતાને સ્પષ્ટપણે પ્રતિબિંબિત કરે છે. આ ટ્રેન તેની પ્રથમ કોમર્શિયલ મુસાફરી કામાખ્યાથી 22 જાન્યુઆરી 2026 થી અને હાવડાથી 23 જાન્યુઆરી 2026 થી શરૂ કરવા માટે નિર્ધારિત છે. આ નવી સેવા માટે ટિકિટ બુકિંગ બારીઓ 19 જાન્યુઆરી 2026 ના રોજ 08:00 કલાકે ખુલી હતી. 24 કલાકથી ઓછા સમયમાં, તમામ વર્ગોની ટિકિટો સંપૂર્ણપણે વેચાઈ ગઈ હતી, જે રજૂ કરવામાં આવેલી પ્રીમિયમ સેમી-હાઈ-સ્પીડ સેવા માટે જબરદસ્ત જન ઉત્સાહ દર્શાવે છે. તેના પ્રથમ કોમર્શિયલ રન માટેનો આ નોંધપાત્ર પ્રતિસાદ ઝડપી, સુરક્ષિત અને વધુ આરામદાયક રેલવે મુસાફરીના વિકલ્પો માટે મુસાફરોની વધતી જતી પસંદગીને રેખાંકિત કરે છે. કામાખ્યા - હાવડા વંદે ભારત સ્લીપરથી ઉત્તર-પૂર્વ અને પૂર્વ ભારત વચ્ચેની કનેક્ટિવિટીમાં નોંધપાત્ર વધારો થવાની અપેક્ષા છે, જે આધુનિક સુવિધાઓ, સુધારેલ મુસાફરી સમય અને વિશ્વ-સ્તરીય રાત્રિ મુસાફરીનો અનુભવ પ્રદાન કરશે. ગણતરીના કલાકોમાં ફુલ બુકિંગનું સ્ટેટસ ભારતીય રેલવે દ્વારા રજૂ કરવામાં આવતી આધુનિક ટ્રેન સેવાઓ પ્રત્યે મુસાફરોના વિશ્વાસ અને ઉત્સાહના મજબૂત પુરાવા તરીકે ઊભું છે, જે આ પ્રદેશ માટે પ્રીમિયમ રેલવે કનેક્ટિવિટીમાં એક નવો અધ્યાય ચિહ્નિત કરે છે.

## નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં મકરબા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ગણતંત્ર દિવસે ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે

**ગાંધીનગર, તા. 21**

દેશના ૭૭મા ગણતંત્ર દિવસ નિમિત્તે આગામી ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ અમદાવાદના મકરબા સ્થિત પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં સવારે ૯-૦૦ કલાકે ધ્વજવંદન સમારોહ યોજાશે. આ સંદર્ભે જિલ્લા કલેક્ટર સુજીત કુમારે કાર્યક્રમ સ્થળની મુલાકાત લઈ, નિરીક્ષણ કર્યું હતું અને સમીક્ષા બેઠક યોજી હતી. આ આયોજનના ભાગરૂપે અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા પોલીસ વિભાગ દ્વારા પરેડ ગ્રાઉન્ડ ખાતે તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. ત્યારે આ સમગ્ર કાર્યક્રમના સુચારુ, શિસ્તબદ્ધ અને ગૌરવસભર આયોજન માટે જિલ્લા કલેક્ટર દ્વારા જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. આ બેઠકમાં ધ્વજવંદન સમારોહ, પરેડ વ્યવસ્થા, સુરક્ષા અને ટ્રાફિક નિયંત્રણ, આમંત્રિત મહેમાનોની વ્યવસ્થા, ટેબ્લો, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ ઉપસ્થિત રહેનારા નાગરિકોને ધ્યાનમાં રાખીને વિવિધ સુવિધાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર સુજીત કુમારે તમામ સંબંધિત વિભાગોને પરસ્પર સંકલન સાથે પોતાની જવાબદારીઓ નિભાવવાની સૂચના આપી હતી તેમજ ગણતંત્ર દિવસનો કાર્યક્રમ રાષ્ટ્રીય ગૌરવ અને આન-બાન-શાન સાથે ઉજવાય તે માટે તમામ જરૂરી વ્યવસ્થાઓ સમયસર પૂર્ણ કરવા માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ઓમપ્રકાશ જાટ, નિવાસી અધિક કલેક્ટર શ્રી ભાવિન સાગર સહિત જિલ્લાના વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કોહલી એક અઠવાડિયામાં વન-ડે રેન્કિંગમાં નંબર-1 પરથી હટ્યો : ડેરીલ મિચેલે પાછળ છોડ્યો, ટૉપ-10માં 4 ભારતીય બેટર્સ

## માઈકલ બ્રેસવેલને બોલિંગમાં ફાયદો ન્યૂઝીલેન્ડના કેપ્ટન માઈકલ બ્રેસવેલ પણ વન-ડે બોલિંગ રેન્કિંગમાં 6 સ્થાન ઉપર ચઢીને 33મા નંબર પર આવી ગયો છે

**દિલ્હી, તા. 21**

વિરાટ કોહલીને એક જ અઠવાડિયામાં વન-ડે બેટિંગ રેન્કિંગમાં નંબર-1નો તાજ ગુમાવવો પડ્યો છે. બુધવારે જાહેર થયેલી ICCની લેટેસ્ટ રેન્કિંગમાં ન્યૂઝીલેન્ડના ડેરીલ મિચેલે તેમને પાછળ છોડીને ટોચનું સ્થાન હાંસલ કરી લીધું. ભારત સામેની તાજેતરની સિરીઝમાં શાનદાર પ્રદર્શનનો ફાયદો મિચેલને મળ્યો, જ્યારે કોહલી હવે બીજા સ્થાને સરકી ગયો છે. મિચેલે આ સ્થાન 845 રેન્કિંગ પોઈન્ટ્સ સાથે હાંસલ કર્યું છે, જ્યારે કોહલી પાસે 795 પોઈન્ટ્સ છે. રોહિત ચોથા અને ગિલ પાંચમા નંબર પર મિચેલે તાજેતરમાં ભારત સામેની ત્રણ મેચની વન-ડે સિરીઝમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું, જેમાં તેણે 352 રન બનાવ્યા હતા. આ દરમિયાન તેણે બે સદી અને એક અડધી સદી પણ ફટકારી હતી. કોહલી હવે બીજા સ્થાને છે. જ્યારે અફઘાનિસ્તાનના ઈબ્રાહિમ ઝાદરાન ત્રીજા અને ભારતના રોહિત શર્મા ચોથા નંબર પર છે. મિચેલ પાસેથી છેલ્લી વખત રોહિતે પોઝિશન છીનવી હતી ડેરીલ મિચેલ તેના વન-ડે કરિયરમાં બીજી વખત નંબર-1 રેન્કિંગ પર પહોંચ્યો છે. છેલ્લી વખત તે નવેમ્બર, 2025માં નંબર-1 બેટર બન્યો હતો. ત્યારે તેની પાસેથી આ પોઝિશન રોહિત શર્માએ છીનવી લીધી હતી, જે તેના વન-ડે કરિયરમાં પહેલીવાર નંબર-1 રેન્કિંગ પર પહોંચ્યો હતો. ફિલિપ્સે લાંબી છલાંગ લગાવી ઈન્દોરમાં ભારત સામે 88 બોલમાં 106 રન બનાવનાર ગ્લેન ફિલિપ્સે રેન્કિંગમાં સીધા 16 સ્થાનની છલાંગ લગાવી



છે. હવે ફિલિપ્સ 20મા નંબર પર આવી ગયા છે. ફિલિપ્સ વન-ડે ઓલરાઉન્ડરોની યાદીમાં પણ 14 સ્થાન ઉપર આવીને હવે 31મા નંબર પર આવી ગયો છે. ઓલરાઉન્ડર યાદીમાં અફઘાનિસ્તાનનો અઝમતુલ્લાહ ઓમરઝાઈ જ નંબર-1 પર યથાવત છે. માઈકલ બ્રેસવેલને બોલિંગમાં ફાયદો ન્યૂઝીલેન્ડના કેપ્ટન માઈકલ બ્રેસવેલ પણ વન-ડે બોલિંગ રેન્કિંગમાં 6 સ્થાન ઉપર ચઢીને 33મા નંબર પર આવી ગયો છે. અફઘાનિસ્તાનનો ઓલરાઉન્ડર રાશિદ ખાન ટૉપ બોલર છે. વિરાટ કોહલીને એક જ અઠવાડિયામાં વન-ડે બેટિંગ રેન્કિંગમાં નંબર-1નો તાજ ગુમાવવો પડ્યો છે. બુધવારે જાહેર થયેલી ICCની લેટેસ્ટ રેન્કિંગમાં ન્યૂઝીલેન્ડના ડેરીલ મિચેલે તેમને પાછળ છોડીને ટોચનું સ્થાન હાંસલ કરી લીધું. ભારત સામેની તાજેતરની સિરીઝમાં શાનદાર પ્રદર્શનનો ફાયદો મિચેલને મળ્યો, જ્યારે કોહલી હવે બીજા સ્થાને સરકી ગયો છે. મિચેલે આ સ્થાન 845 રેન્કિંગ પોઈન્ટ્સ સાથે હાંસલ કર્યું છે, જ્યારે કોહલી પાસે 795 પોઈન્ટ્સ છે. રોહિત ચોથા અને ગિલ પાંચમા નંબર પર મિચેલે તાજેતરમાં ભારત સામેની ત્રણ મેચની વન-ડે સિરીઝમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું, જેમાં તેણે 352 રન બનાવ્યા હતા. આ દરમિયાન તેણે બે સદી અને એક અડધી સદી પણ ફટકારી હતી. કોહલી હવે બીજા સ્થાને છે. જ્યારે અફઘાનિસ્તાનના ઈબ્રાહિમ ઝાદરાન ત્રીજા અને ભારતના રોહિત શર્મા ચોથા નંબર પર છે. મિચેલ પાસેથી છેલ્લી વખત રોહિતે પોઝિશન છીનવી હતી ડેરીલ મિચેલ તેના વન-ડે કરિયરમાં બીજી વખત નંબર-1 રેન્કિંગ પર પહોંચ્યો છે. છેલ્લી વખત તે નવેમ્બર, 2025માં નંબર-1 બેટર બન્યો હતો. ત્યારે તેની પાસેથી આ પોઝિશન રોહિત શર્માએ છીનવી લીધી હતી, જે તેના વન-ડે કરિયરમાં પહેલીવાર નંબર-1 રેન્કિંગ પર પહોંચ્યો હતો. ફિલિપ્સે લાંબી છલાંગ લગાવી ઈન્દોરમાં ભારત સામે 88 બોલમાં 106 રન બનાવનાર ગ્લેન ફિલિપ્સે રેન્કિંગમાં સીધા 16 સ્થાનની છલાંગ લગાવી છે. હવે ફિલિપ્સ 20મા નંબર પર આવી ગયા છે. ફિલિપ્સ વન-ડે ઓલરાઉન્ડરોની યાદીમાં પણ 14 સ્થાન ઉપર આવીને હવે 31મા નંબર પર આવી ગયો છે. ઓલરાઉન્ડર યાદીમાં અફઘાનિસ્તાનનો અઝમતુલ્લાહ ઓમરઝાઈ જ નંબર-1 પર યથાવત છે. માઈકલ બ્રેસવેલને બોલિંગમાં ફાયદો ન્યૂઝીલેન્ડના કેપ્ટન માઈકલ બ્રેસવેલ પણ વન-ડે બોલિંગ રેન્કિંગમાં 6 સ્થાન ઉપર ચઢીને 33મા નંબર પર આવી ગયો છે. અફઘાનિસ્તાનનો ઓલરાઉન્ડર રાશિદ ખાન ટૉપ બોલર છે.

# વર્લ્ડકપ પહેલાં સાઉથ આફ્રિકામાં T20 રમશે ઈન્ડિયન વુમન્સ ટીમ

**મુંબઈ, તા. 21**

વુમન્સ T20 વર્લ્ડ કપ 2026 પહેલા ટીમ ઈન્ડિયા હવે સાઉથ આફ્રિકામાં 5 T20ની સિરીઝ રમશે. 17 થી 27 એપ્રિલની વચ્ચે ડરબન, જોહાનિસબર્ગ અને બેનોનીમાં પાંચેય મેચ રમાશે. ICC ટુર્નામેન્ટ 12 જૂનથી ઈંગ્લેન્ડમાં રમાશે. ઓસ્ટ્રેલિયા સામે પણ રમશે ભારત ટીમ ઈન્ડિયાએ નવેમ્બર 2025માં વન-ડે વર્લ્ડ કપ જીત્યા બાદ ડિસેમ્બરમાં શ્રીલંકા સામે T20 સિરીઝ રમી. ભારતને તેમાં 5-0થી જીત મળી. ટીમ હવે ફેબ્રુઆરી-માર્ચમાં ઓસ્ટ્રેલિયા સામે વન-ડે અને T20ની સિરીઝ રમશે. પછી એપ્રિલમાં સાઉથ આફ્રિકા સામે રમ્યા બાદ ટીમ વર્લ્ડ કપ પહેલા જ ઈંગ્લેન્ડમાં હોમ ટીમ સામે પણ T20 સિરીઝ રમશે. સાઉથ આફ્રિકા પણ 2 ટીમ સામે ટકરાશે સાઉથ આફ્રિકાને ફેબ્રુઆરી-માર્ચમાં પાકિસ્તાન સામે T20 અને વન-ડે સિરીઝ રમવાની છે. ટીમ માર્ચ-એપ્રિલમાં ન્યૂઝીલેન્ડનો પ્રવાસ કરશે, પછી ઘરે પરત ફરીને ભારત સામે 5 T20 રમશે. 17 અને 19 એપ્રિલે ડરબનમાં 2 મેચ રમાશે. 22 અને 25 એપ્રિલે જોહાનિસબર્ગમાં 2 મેચ રમાશે. જ્યારે 27 એપ્રિલે બેનોનીમાં છેલ્લી T20 રમાશે. એક જ ગ્રુપમાં સાઉથ આફ્રિકા અને ભારત વિમેન્સ T20 વર્લ્ડ કપ ઈંગ્લેન્ડમાં 12 જૂનથી રમાશે. સાઉથ આફ્રિકા અને ભારત બંને ગ્રુપ-1માં છે. આ ગ્રુપમાં ઓસ્ટ્રેલિયા, પાકિસ્તાન અને ક્વોલિફાયર સ્ટેજમાંથી આવનારી 2 ટીમ પણ રહેશે. સાઉથ આફ્રિકા છેલ્લા 3 ICC વર્લ્ડ કપથી ફાઈનલ હારી રહ્યું છે. ટીમને T20 ટુર્નામેન્ટમાં ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ સામે હાર મળી, જ્યારે વન-ડેમાં તેમને ભારતે ખિતાબી મુકાબલામાં હરાવ્યા.

# લિટન દાસે કહ્યું- અમને ખુદને નથી ખબર ક્યાં રમીશું : વર્લ્ડ કપની મેચ ભારતમાં રમવા નથી માગતું બાંગ્લાદેશ



**મુંબઈ, તા. 21**

T20 વર્લ્ડ કપ 2026માં બાંગ્લાદેશ રમશે કે નહીં, તે અંગે આજે નિર્ણય થઈ શકે છે. આ પહેલાં, બાંગ્લાદેશના કેપ્ટન લિટન દાસે ભારત જવા અંગે પોતાની ચૂપકીદી તોડી છે. BPL મેચ પછી મંગળવારે પ્રેસ કોન્ફરન્સમાં લિટન દાસે કહ્યું, 'આનો જવાબ આપવો સુરક્ષિત નથી. તમને ખબર નથી, મને ખબર નથી, આપણે બંને એક જ પેજ પર છીએ. વર્લ્ડ કપ હજુ ઘણો દૂર છે. અમને હજુ એ પણ પાક્કું નથી કે અમે વર્લ્ડ કપમાં જઈશું કે નહીં.' દાસે જણાવ્યું કે તેમને આ મામલે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB) તરફથી કોઈ માહિતી મળી નથી. 'મારી જેમ આખું બાંગ્લાદેશ હજુ અનિશ્ચિતતામાં છે. મને ખબર નથી, પણ મારી સાથે કોઈ વાત થઈ નથી. જીવનમાં ઘણી વસ્તુઓ આદર્શ હોતી નથી, પરંતુ તમારે પરિસ્થિતિ અનુસાર તેમને સ્વીકારવી પડે છે.' સુરક્ષા કારણોસર બાંગ્લાદેશ T20 વર્લ્ડ કપમાં પોતાની મેચ ભારતમાં રમવા માગતું નથી. આને લઈને બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB)એ ICCને માગ કરી હતી કે ટીમના મુકાબલા સહ-યજમાન શ્રીલંકામાં કરાવવામાં આવે. જોકે ICCએ આ માગને ફગાવી દીધી હતી. ત્યારબાદ BCBએ ફરીથી ICCને મેલ લખ્યો. 17 જાન્યુઆરીના રોજ ICC અને BCB વચ્ચે થયેલી બેઠકમાં બાંગ્લાદેશે સ્પષ્ટ કહ્યું કે તે T20 વર્લ્ડ કપ રમવા માગે છે, પરંતુ ભારતની બહાર. આમ છતાં ICC પોતાના નિર્ણય પર અડગ છે. કાઉન્સિલે સ્પષ્ટ કરી દીધું છે કે ટુર્નામેન્ટનું શેડ્યૂલ બદલાશે નહીં અને બાંગ્લાદેશને ગ્રુપ-Cમાં જ રમવું પડશે. જો બાંગ્લાદેશ T20 વર્લ્ડ કપમાંથી હટી જાય છે, તો સ્કોટલેન્ડને ટુર્નામેન્ટમાં સ્થાન મળી શકે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ICCના વલણ પર કાયમ રહ્યા બાદ બાંગ્લાદેશે ટુર્નામેન્ટમાંથી હટવાની વાત કહી છે. જો બાંગ્લાદેશ બોર્ડ ભારતમાં રમવાનો ઈનકાર કરે છે, તો ટીમ રેન્કિંગના આધારે સ્કોટલેન્ડને એન્ટ્રી મળી શકે છે.

# હાંડે અર્સેલ 'કિંગ'નો વીડિયો લેતાં પકડાઈ ગઈ, ભોંઠી પડતાં અહંકારી નિવેદન આપ્યું



- તુર્કીશ એક્ટ્રેસે શાહરુખ ખાનને 'અંકલ' કહીને હડધૂત કર્યો!:ફેન્સે આડેહાથ લીધી

**મુંબઈ તા. 21**

બોલિવૂડ સુપરસ્ટાર શાહરુખ ખાન તાજેતરમાં રિયાદમાં યોજાયેલા 'જોય એવોર્ડ્સ 2026'માં હાજર રહ્યો હતો. તે આ ઈવેન્ટમાં એવોર્ડ આપવા પહોંચ્યો હતો. આ જ ઈવેન્ટનો એક વીડિયોએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું, જેમાં પ્રખ્યાત તુર્કીશ એક્ટ્રેસ હાંડે અર્સેલ ચૂપકે ચૂપકે શાહરુખનો વીડિયો લઈ રહી હોય છે. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં લોકોએ હાંડેને એસઆરકેની ફેન ગણાવી. આ જોઈને હાંડેએ સોશિયલ મીડિયા પર એક સ્ટોરી પોસ્ટ કરી, જેમાં તેણે શાહરુખ ખાનને 'અંકલ' કહ્યો. તુર્કીશ એક્ટ્રેસના આ અહંકારી નિવેદનને લઈને 'કિંગ ખાન'ના ચાહકો લાલઘૂમ થયા છે અને એક્ટ્રેસને ટ્રોલ કરી છે. 'જોય એવોર્ડ્સ 2026' દરમિયાન શાહરુખ ખાન સ્ટેજ પર એવોર્ડ આપવા માટે આવ્યો હતો. તેની સાથે ઈજિપ્તની એક્ટ્રેસ અમીના ખલીલ પણ સ્ટેજ પર હાજર હતી. આ સમયે તુર્કીશ એક્ટ્રેસ હાંડે અર્સેલ તેનો વીડિયો લેતી કેમેરામાં કેદ થઈ હતી. આ વીડિયોને શાહરુખ સાથે જોડાયેલા ઘણા ફેન પેજ પર પોસ્ટ કરવામાં આવ્યો. ઘણા યુઝર્સે હાંડેને શાહરુખની ફેન પણ કહી દીધી. જોકે તુર્કીશ એક્ટ્રેસને 'શાહરુખની ચાહક' હોવાનું ટેગ ન ગમ્યું. તેણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર એક સ્ટોરી પોસ્ટ કરી, જેમાં લખ્યું હતું, 'આ અંકલ કોણ છે? હું તો માત્ર મારી ફ્રેન્ડનો

# પ્રખ્યાત માર્શલ આર્ટિસ્ટ અને એક્ટર બ્રુસ લિયુંગનું નિધન



**મુંબઈ, તા. 21**

ફિલ્મ 'કુંગ ફુ હસલ'માં જોવા મળેલા પ્રખ્યાત માર્શલ આર્ટિસ્ટ અને એક્ટર બ્રુસ લિયુંગનું 77 વર્ષની વયે નિધન થયું છે. તેઓ લિયુંગ સિઉ-લુંગ તરીકે પણ ઓળખાતા હતા. સીએનએ લાઈફસ્ટાઈલના અહેવાલ મુજબ, તેમનું નિધન 14 જાન્યુઆરી 2026 ના રોજ થયું. જોકે, મૃત્યુનું કારણ હજુ સામે આવ્યું નથી. પરિવાર અંતિમ સંસ્કારની તૈયારી કરી રહ્યો છે. 26 જાન્યુઆરીએ ચીનના શેનઝેન શહેરના લોંગગાંગ જિલ્લામાં અંતિમ વિદાયનો કાર્યક્રમ યોજાશે. બ્રુસ લિયુંગના ડોયિન (ટિકટોકની ચીન સ્થિત સહયોગી કંપની) એકાઉન્ટ પર એક ભાવનાત્મક સંદેશ પણ પોસ્ટ કરવામાં આવ્યો હતો, જે તેમના નામે લખાયેલો હોવાનું કહેવાય છે. તેમાં કહેવામાં આવ્યું હતું, 'હું ખૂબ દૂર એક ફિલ્મ બનાવવા ગયો છું. અલવિદા કહ્યા વિના ચાલ્યા જવા બદલ મને માફ કરજો. બસ એટલું સમજી લો કે હું કોઈ ખૂબ દૂરની જગ્યાએ શૂટિંગ માટે ગયો છું. હું તેને એક રહસ્ય જ રાખવા માંગતો હતો, તેથી મારા નજીકના શિષ્યો પહેલાની જેમ વીડિયો પોસ્ટ કરતા રહ્યા. મને થોડું રહસ્ય ગમે છે. મારી તરફથી સારું જીવન જીવો. પ્રેમ હંમેશા અહીં જ રહેશે. યાદ રાખજો, હું તમારા બધાને ખૂબ પ્રેમ કરું છું.' તેમના નિધનના સમાચાર આવતા જ ચાહકો અને ફિલ્મ કલાકારો સહિત ઘણા લોકોએ દુઃખ વ્યક્ત કર્યું. ફિલ્મ કુંગ ફુ હસલના ડિરેક્ટર સ્ટીફન ચાઉએ લખ્યું, 'હંમેશા યાદ રહેશો લિયુંગ સિઉ-લ્યુંગ.'



# શાહિદ-તૃપ્તિની લોહીયાળ લવસ્ટોરી; દમદાર ડાયલોગ્સ, એક્શનથી ભરપૂર 'ઓ રોમિયો'નું ટ્રેલર રિલીઝ

**મુંબઈ તા. 21**

શાહિદ કપૂર-તૃપ્તિ ડિમરીની લાંબા સમયથી રાહ જોવાતી ફિલ્મ 'ઓ રોમિયો'નું ટ્રેલર આજે રિલીઝ કરવામાં આવ્યું છે. 3.8 મિનિટ લાંબા આ ટ્રેલરમાં રોમાન્સ, લાગણીઓ, જુસ્સો, છેતરપિંડી, બદલો, હિંસા, લોહિયાળ દ્રશ્યો અને દમદાર ડાયલોગ્સ છે. 'ઓ રોમિયો' માત્ર લવ સ્ટોરી નહીં પરંતુ જુસ્સો અને બલિદાનની વાર્તા હોય તેવું ટ્રેલર પરથી સ્પષ્ટ થાય છે. ફિલ્મ 13 ફેબ્રુઆરી 2026ના રોજ રિલીઝ થશે.શાહિદ કપૂર ફિલ્મમાં ઉસ્ત્રાનું પાત્ર ભજવી રહ્યો છે, જે કોઈના મોતની સોપારી દેવા આવેલી તૃપ્તિ ડિમરીના પ્રેમમાં પડે છે. ફિલ્મમાં શાહિદનું અલગ રૂપ જોવા મળે છે, ટ્રેલરમાં એક દ્રશ્યમાં તે તૃપ્તિ સાથે રોમાન્સ કરતો તો બીજા દ્રશ્યમાં તેની સાથે બળજબરી કરતો જોવા મળે છે. શાહિદ ઠંડા કાળજે અનેકના લોહી વહાવતો જોવા મળે છે. તે કહે છે, 'ઉસ્ત્રા સે પંગા નહીં લેને કા, શરીર સે આત્મા કાટ કે લે જાતા હૈ.' ફિલ્મમાં તૃપ્તિ ડિમરીનું પાત્ર રહસ્યથી ભરેલું છે. તે કોઈ વ્યક્તિને મારી નાખવાની સોપારી લઈને શાહિદ પાસે આવે છે. ટ્રેલરમાં તે ક્યારેક શાહિદ સાથે પ્રેમ કરતી, ક્યારેક ઘૃણા કરતી અને ક્યારેક તેની જ વિરુદ્ધ બંદૂક લઈને ઉભેલી જોવા મળે છે. 'લૈલા મજનૂ' અને 'ખાખીઃ ધ બિહાર ચેપ્ટર' ફેમ એક્ટર અવિનાશ તિવારી 'ઓ રોમિયો'માં ખતરનાક ભૂમિકા ભજવી રહ્યો છે. તે કહે છે, 'હમારી તો મોહબ્બત મહેંગી હૈ, ઔર તુમને તો રંજીશ ખરીદ લી.' સાજિદ નાડિયાડવાલાના પ્રોડક્શન હેઠળ બનેલી 'ઓ રોમિયો'નું ડિરેક્શન વિશાલ ભારદ્વાજે કર્યું છે. ફિલ્મમાં નાના પાટેકર, ફરીદા જલાલ, વિક્રાંત મેસી, તમન્ના ભાટિયા, અરુણા ઈરાની જેવા કલાકારો પણ મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. ફિલ્મ એક્શન પેક્ડ તો છે જ, સાથે તેમાં ડાયલોગ્સ પણ દમદાર છે. એક સીનમાં તૃપ્તિ શાહિદને કહે છે, 'મહોબ્બત એક બદુઆ હૈ, જો મુજે મીલી હુઈ હૈ ઔર આપકો ભી.' જ્યારે બીજા એક સીનમાં શાહિદ કહે છે,

# સોનું પહેલીવાર ₹1.5 લાખ પાર, ₹7795 વધ્યું: 21 દિવસમાં 22 હજાર મોંઘું થયું, ચાંદી 10 હજાર વધીને ₹3.20 લાખ પર પહોંચી

નવી દિલ્હી, તા.21

સોનાની કિંમત આજે એટલે કે 21 જાન્યુઆરીએ 1.50 લાખ રૂપિયાને પાર કરી ગઈ છે. ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) અનુસાર, સોનું આજે 7,795 રૂપિયા વધીને 1,55,204 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર ખુલ્યું છે. ગઈકાલે તે 1,47,409 રૂપિયા પર હતું. સોનું આ વર્ષે અત્યાર સુધીમાં 21,744 રૂપિયા મોંઘું થઈ ચૂક્યું છે.

જ્યારે 1 કિલો ચાંદીની કિંમત આજે 10,730 રૂપિયા વધીને 3,20,075 રૂપિયા પર પહોંચી ગઈ છે. આ પહેલા ગઈકાલે તે 3,09,345 રૂપિયા પર હતી. ચાંદી આ વર્ષે માત્ર 21 દિવસમાં જ 90,825 રૂપિયા મોંઘી થઈ ચૂકી છે. સોના-ચાંદીના ભાવ સતત ત્રીજા દિવસે તેમની સર્વોચ્ચ સપાટી પર છે. વૈશ્વિક તણાવ અને 'ગ્રીનલેન્ડ' વિવાદ: અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ગ્રીનલેન્ડ પર કબજો કરવાની જીદ અને આ મુદ્દે યુરોપિયન દેશોને ટેરિફની ધમકીએ વૈશ્વિક બજારોમાં અસ્થિરતા વધારી દીધી છે. જ્યારે પણ દુનિયામાં ટ્રેડ વોરનો ખતરો વધે છે, રોકાણકારો શેરબજારમાંથી પૈસા કાઢીને સુરક્ષિત રોકાણ એટલે કે સોના તરફ ભાગે છે.



રૂપિયાની રેકોર્ડ નબળાઈ : ભારતમાં સોનાની કિંમત ફક્ત વૈશ્વિક દરો પર જ નહીં, પરંતુ ડોલર-રૂપિયાના એક્સચેન્જ રેટ પર પણ નિર્ભર કરે છે. આજે રૂપિયો ડોલર સામે 91.10ના ઓલ-ટાઇમ લો પર છે. LKP સિક્યોરિટીઝના જતિન ત્રિવેદી અનુસાર, રૂપિયાની નબળાઈને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ખરીદવામાં આવતા સોનાની લેન્ડિંગ કોસ્ટ ભારતમાં ખૂબ મોંઘી થઈ ગઈ છે, જેનાથી સ્થાનિક બજારમાં કિંમતો 1.5 લાખને પાર નીકળી ગઈ છે.

સેન્ટ્રલ બેંકોની ભારે ખરીદી: વિશ્વભરની સેન્ટ્રલ બેંકો (જેમ કે ભારતની RBI) તેમના વિદેશી મુદ્રા ભંડારને સુરક્ષિત રાખવા માટે સોનાનો સ્ટોક વધારી રહી છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના આંકડા મુજબ, 2025માં રેકોર્ડ ખરીદી પછી 2026ની શરૂઆતમાં પણ સેન્ટ્રલ બેંકોની માગ મજબૂત બની રહી છે, જેના કારણે સપ્લાય ઓછી અને ડિમાન્ડ વધુ હોવાને કારણે કિંમતો વધી રહી છે.

1.80 લાખથી 1.90 લાખ સુધી: રિસર્ચ હેડ ડૉ. રેનિશા ચૈનાનીના મતે, જો અમેરિકી ટેરિફ અને મધ્ય પૂર્વમાં તણાવ વધે, તો સોનું 2026ના મધ્ય સુધીમાં 1,90,000ના સ્તરને સ્પર્શી શકે છે. ગયા વર્ષે એટલે કે 2025માં સોનાની કિંમત 57,033 રૂપિયા (75%) વધી છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે 31 ડિસેમ્બર 2025ના રોજ 1,33,195 રૂપિયા થઈ ગયું.

ચાંદીનો ભાવ પણ આ સમયગાળા દરમિયાન 1,44,403 રૂપિયા (167%) વધ્યો. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે આ વર્ષના છેલ્લા દિવસે 2,30,420 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ. ઔદ્યોગિક માગ- સોલર, ઈલેક્ટ્રોનિક્સ અને EVમાં ભારે ઉપયોગ, ચાંદી હવે માત્ર જ્વેલરી નહીં, પણ જરૂરી કાચો માલ બની ગઈ છે.

ટ્રમ્પનો ટેરિફનો ડર- અમેરિકી કંપનીઓ ચાંદીનો મોટો સ્ટોક જમા કરી રહી છે, ગ્લોબલ સપ્લાયમાં ઘટાડાથી કિંમતો વધી.

ઉત્પાદકોની હોડમાં- ઉત્પાદન અટકવાના ડરથી બધા પહેલેથી જ ખરીદી રહ્યા છે, આ જ કારણોસર આવનારા મહિનાઓમાં પણ તેજી જળવાઈ રહેશે.

મોતીલાલ ઓસવાલ ફાઈનાન્સિયલ સર્વિસિસ: 2026માં ચાંદી 3.20 લાખ પ્રતિ કિલો સુધી પહોંચી શકે છે. સોલર અને EV ડિમાન્ડને જોતાં દરેક ઘટાડા પર ખરીદી કરવાની સલાહ છે.

સેમકો સિક્યોરિટીઝ: ટેકનિકલ બ્રેકઆઉટ અને મજબૂત વૈશ્વિક સંકેતોના આધારે ચાંદીની કિંમતો 3.94 લાખ પ્રતિ કિલોના સ્તરને પણ સ્પર્શી શકે છે.

નીલેશ સુરાના (કોમોડિટી એક્સપર્ટ): ગ્રીન એનર્જીની વધતી માગ અને અમેરિકી વ્યાજ દરોમાં ઘટાડાથી ચાંદી $100 પ્રતિ ઔંસ (લગભગ 3.5-4 લાખ) સુધી જઈ શકે છે.

પોનમુડી આર (CEO, એનરિચ મની): ચાંદીમાં લાંબા ગાળાની તેજીનો દોર હજુ ચાલુ રહેશે, તેથી રોકાણકારોએ કિંમતોમાં આવતા દરેક નાના ઘટાડાનો લાભ લેવો જોઈએ.

રોબર્ટ કિયોસાકી (ગ્લોબલ ઈન્વેસ્ટર): ડોલરની નબળાઈ અને મોંઘવારીને જોતાં ચાંદી વર્ષ 2026માં $200 પ્રતિ ઔંસના ચોંકાવનારા સ્તર સુધી પણ જઈ શકે છે.

# ભારત-યુરોપિયન યુનિયનમાં પ્રજાસત્તાક દિવસ પર વેપાર કરાર શક્ય: EU કમિશન ચીફ બોલ્યા- આ 'મધર ઓફ ઓલ ડીલ્સ', ટ્રમ્પ ટેરિફની અસર ઘટાડવાની તૈયારી

નવી દિલ્હી, તા.21

યુરોપિયન કમિશનના ચીફ ઉર્સુલા વોન ડેર લેયેને મંગળવારે જણાવ્યું હતું કે ભારત અને યુરોપિયન યુનિયન (EU) વચ્ચે ઐતિહાસિક વેપાર કરાર થવા જઈ રહ્યો છે. આ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ 200 કરોડ લોકો માટે નવું બજાર બનાવશે, જે વૈશ્વિક GDPના લગભગ 25 ટકા હિસ્સાનું પ્રતિનિધિત્વ કરશે.



ઉર્સુલાએ દાવોસમાં આયોજિત વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF)માં તેને 'મધર ઓફ ઓલ ડીલ્સ' ગણાવ્યો. તેઓ 25 થી 27 જાન્યુઆરી સુધી ભારતની મુલાકાતે રહેશે અને 27 જાન્યુઆરીએ યોજાનારી ભારત-EU સમિટમાં આ કરાર પૂર્ણ થવાની જાહેરાત કરવામાં આવી શકે છે. ઉર્સુલાએ કહ્યું- આ મુક્ત વેપાર કરાર (FTA) બંને પક્ષો વચ્ચેના વેપારમાં ઘણો વધારો કરશે. EU સાથેનો વેપાર 2023-24માં $137.41 બિલિયન રહ્યો હતો, આ કરાર પછી બમણો થવાની અપેક્ષા છે.

કરારથી માલસામાન અને સેવાઓ પરના ટેરિફ ઘટશે, જેનાથી વેપાર સરળ બનશે. બંને પક્ષો એક સંરક્ષણ કરાર અને 2026-2030 માટેની વ્યૂહાત્મક યોજના પણ જાહેર કરશે.

આ કરાર એવા સમયે થઈ રહ્યો છે જ્યારે ટ્રમ્પની નવી ટેરિફ નીતિઓ અને વ્યાપારી પ્રતિબંધોએ વૈશ્વિક સપ્લાય ચેઈનમાં સમસ્યાઓ ઊભી કરી છે. અમેરિકાના 'ટેરિફ વોર'થી ભારત અને યુરોપિયન યુનિયનના તમામ 27 દેશો પ્રભાવિત થયા છે.

આવી સ્થિતિમાં, બંને પક્ષોએ પરસ્પર વેપારને મજબૂત કરવાનો નિર્ણય લીધો છે. ભારત યુરોપિયન દેશો સાથે કરાર કરીને ભારતીય ઉત્પાદનો વેચવા માટે નવા બજારો શોધી રહ્યું છે.

આ વખતે ભારતના ગણતંત્ર દિવસ સમારોહમાં યુરોપિયન કાઉન્સિલના અધ્યક્ષ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન કમિશનના અધ્યક્ષ ઉર્સુલા વોન ડેર લેયેન મુખ્ય અતિથિ તરીકે સામેલ થશે. 25 થી 27 જાન્યુઆરી દરમિયાન થનારી આ મુલાકાતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય વાટાઘાટો થશે. ભારત અને યુરોપિયન યુનિયન (EU) વચ્ચે મુક્ત વ્યાપાર કરાર (FTA) નો પ્રથમ પ્રયાસ વર્ષ 2007 માં શરૂ થયો હતો. જોકે, મહત્વાકાંક્ષાઓ અને નિયમોમાં મતભેદને કારણે 2013 માં આ વાટાઘાટો અટકાવી દેવામાં આવી હતી. લગભગ 9 વર્ષના અંતરાલ પછી જૂન 2022 માં ફરીથી વાતચીત શરૂ કરવામાં આવી હતી. હવે 2026 ની શરૂઆતમાં આ ડીલ ફાઈનલ થવા જઈ રહી છે.

આ પહેલા 24 જુલાઈએ ભારત અને યુનાઈટેડ કિંગડમ વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ થયો હતો. આનાથી ભારતમાં યુકેની કાર, વ્હિસ્કી, કપડાં અને ફૂટવેર સસ્તા થશે. લગભગ 3 વર્ષમાં 14 રાઉન્ડની વાતચીત પછી ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

હવે ભારતના 99% સામાનને યુકેમાં ઝીરો ટેરિફ પર નિકાસ કરવામાં આવશે. જ્યારે યુકેના 99% સામાન 3% સરેરાશ ટેરિફ પર આયાત થશે. આનાથી 2030 સુધીમાં દ્વિપક્ષીય વેપાર બમણો થઈને 120 બિલિયન ડોલર સુધી પહોંચવાની સંભાવના છે.

# એશિયા મેન્યુફેક્ચરિંગ ઇન્ડેક્સ 2026માં ભારત 6ઠ્ઠા નંબરે: ચીન નંબર-1 પર કાયમ, ભારતને ઇન્ફ્રા અને ટેક્સમાં સુધારાની જરૂર....

નવી દિલ્હી, તા.21

એશિયાના મેન્યુફેક્ચરિંગ હબ તરીકે ઉભરી આવવાના ભારતના પ્રયાસોને થોડો ધીમો પ્રતિસાદ મળ્યો છે. એશિયા મેન્યુફેક્ચરિંગ ઈન્ડેક્સ (AMI) 2026ના રિપોર્ટમાં ભારત 11 મુખ્ય એશિયન દેશોની યાદીમાં 6ઠ્ઠા સ્થાને છે.

2024ના રિપોર્ટમાં ભારત 8 દેશોમાં ચોથા સ્થાને હતું, પરંતુ ગયા વર્ષથી તે છઠ્ઠા સ્થાને સ્થિર રહ્યું છે. રિપોર્ટ અનુસાર, ભારતને ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ હબ બનવા માટે તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેક્સ નિયમોમાં વધુ સુધારા કરવાની જરૂર છે. ઈન્ડેક્સ અનુસાર, ચીન હજુ પણ એશિયામાં મેન્યુફેક્ચરિંગના મામલે વિશ્વની પ્રથમ પસંદગી બની રહ્યું છે. જ્યારે મલેશિયાએ આ વખતે મોટી સફળતા મેળવી છે. મલેશિયાએ વિયેતનામને પાછળ ધકેલીને બીજું સ્થાન મેળવ્યું છે. વિયેતનામ ત્રીજા, સિંગાપોર ચોથા અને દક્ષિણ કોરિયા 5મા સ્થાને છે. ભારત આ દેશોથી પાછળ છઠ્ઠા સ્થાને છે, જ્યારે ઈન્ડોનેશિયા 7મા અને થાઈલેન્ડ 8મા સ્થાને છે. આ રિપોર્ટ ડિઝન શિરા એન્ડ એસોસિએટ્સ દ્વારા બહાર પાડવામાં આવ્યો છે. તેમાં કોઈપણ દેશની મેન્યુફેક્ચરિંગ ક્ષમતાને 8 મુખ્ય આધારો પર ચકાસવામાં આવી છે. આમાં અર્થતંત્ર, રાજકીય જોખમ,



બિઝનેસ એનવાયરમેન્ટ, આંતરરાષ્ટ્રીય વેપાર, ટેક્સ પોલિસી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, લેબર ફોર્સ અને એનવાયરમેન્ટ-સોશિયલ-ગવર્નેન્સ(ESG) નો સમાવેશ થાય છે. મજબૂતી: ભારત પાસે મોટો વર્કફોર્સ (કામદારોની ઉપલબ્ધતા) અને વધતું સ્થાનિક બજાર સૌથી મોટી તાકાત છે. સરકારની PLI (પ્રોડક્શન લિંક્ડ ઇન્સેન્ટિવ) સ્કીમ જેવી નીતિઓને કારણે ઈલેક્ટ્રોનિક્સ અને ફાર્મા સેક્ટરમાં ઘણું રોકાણ આવી રહ્યું છે.

નબળાઈ: ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મામલે ભારત હજુ પણ સિંગાપોર અને ચીન જેવા દેશોથી ઘણું પાછળ છે. આ ઉપરાંત, ભ્રષ્ટાચાર અંગેની ધારણા અને સંસ્થાકીય સ્થિરતાના મામલે પણ ભારતને ઓછા ગુણ મળ્યા છે. ટેક્સ પોલિસી અને લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવો એ ભારત માટે મોટો પડકાર છે.

રિપોર્ટમાં જણાવાયું છે કે ભ્રષ્ટાચારના મામલે ભારત તેના સ્પર્ધક 6 દેશોથી પાછળ છે. સિંગાપોર આ મામલે સૌથી પારદર્શક અને સુરક્ષિત માનવામાં આવ્યું છે. નિષ્ણાતોનું કહેવું છે કે જો ભારતને 'મેક ઈન ઈન્ડિયા'ને સંપૂર્ણપણે સફળ બનાવવું હોય, તો તેણે તેની રેગ્યુલેટરી પ્રક્રિયાને વધુ સરળ બનાવવી પડશે. ભારતનું લક્ષ્ય નાણાકીય વર્ષ 2026 સુધીમાં 1 ટ્રિલિયન ડોલરની મેન્યુફેક્ચરિંગ ઈકોનોમી બનવાનું છે. રિપોર્ટમાં સૂચવવામાં આવ્યું છે કે ભારતે ફક્ત લેબરની ઉપલબ્ધતા પર નિર્ભર રહેવાને બદલે સ્કિલ ડેવલપમેન્ટ અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે.

# ટોલ ન ચૂકવ્યો તો ગાડી વેચી નહીં શકો: NOC અને ફિટનેસ સર્ટિફિકેટ જારી નહીં થાય, નેશનલ પરમિટ પણ નહીં મળે

નવી દિલ્હી, તા.21

સરકારે મંગળવારે નેશનલ હાઈવે પર ટોલના નિયમો કડક કર્યા છે. હવે ટોલ ન ચૂકવનારા વાહનોને NOC, ફિટનેસ સર્ટિફિકેટ અને નેશનલ પરમિટ જેવી સેવાઓ નહીં મળે. આ ફેરફારો સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રૂલ્સ 2026 હેઠળ કરવામાં આવ્યા છે. તેનો હેતુ ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શનને મજબૂત બનાવવાનો અને ટોલ ચોરી અટકાવવાનો છે.

ઘણીવાર નેશનલ હાઈવેના ટોલ પ્લાઝા પર ગાડીનું ફાસ્ટેગ સ્કેન થવા છતાં ટેકનિકલ ખામીને કારણે ટોલ કપાતો નથી. ફાસ્ટેગમાં બેલેન્સ ઓછું હોવા છતાં પણ ગાડીઓ ટોલ ક્રોસ કરી જાય છે. હવે આવા વાહનોની બાકી રકમ ગાડીના રેકોર્ડ સાથે જોડાઈ જશે.

નવા નિયમો લાગુ થયા પછી, જો કોઈ ગાડી પર ટોલની બાકી રકમ મળશે, તો તેની આ સેવાઓ રોકવામાં આવશે.

નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ (NOC): જો તમે તમારી ગાડી કોઈ અન્ય વ્યક્તિને વેચવા માંગો છો અથવા ગાડીને એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં ટ્રાન્સફર (Shift) કરવા માંગો છો, તો ટોલ ક્લિયરન્સ વિના NOC જારી કરવામાં આવશે



નહીં. ફિટનેસ સર્ટિફિકેટ: કોમર્શિયલ અને અન્ય વાહનો માટે ફિટનેસ સર્ટિફિકેટનું રિન્યુઅલ અથવા નવું સર્ટિફિકેટ જારી કરવું ત્યાં સુધી શક્ય બનશે નહીં, જ્યાં સુધી જૂનો ટોલ બાકી જમા ન થઈ જાય. નેશનલ પરમિટ: ટ્રક અને બસો જેવા કોમર્શિયલ વાહનોને નેશનલ પરમિટ જારી કરતા પહેલાં એ તપાસવામાં આવશે કે તે વાહન પર કોઈ ટોલ બાકી તો નથી ને.

ગાડીના રેકોર્ડ સાથે ટોલ બાકી જોડાવાની પ્રક્રિયા સંપૂર્ણપણે ડિજિટલ અને ઓટોમેટેડ હશે. તેને 3 સ્ટેપ્સમાં સમજી શકાય છે:

1. ટોલ પ્લાઝા પર લાગેલ સેન્સર અને કેમેરા: જેમ જ તમારી ગાડી કોઈ ટોલ પ્લાઝા પરથી પસાર થાય છે, ત્યાં લાગેલ RFID રીડર તમારા ફાસ્ટેગને સ્કેન કરે છે. જો ફાસ્ટેગમાં બેલેન્સ ઓછું હોય અથવા તે બ્લેકલિસ્ટ થયેલ હોય, તો સિસ્ટમ તરત જ તે ગાડીના રજીસ્ટ્રેશન નંબર (VRN)ને રેકોર્ડ કરી લે છે. ભવિષ્યમાં આવનારી 'મલ્ટી-લેન ફ્રી ફ્લો' (MLFF) સિસ્ટમમાં તો બેરિયર પણ નહીં હોય, ત્યાં હાઈ-ડેફિનેશન કેમેરા સીધા તમારી નંબર પ્લેટનો ફોટો ખેંચી લેશે. 2. NPCI અને બેંકને સૂચના: ટોલ પ્લાઝાનો સર્વર આ જાણકારી નેશનલ ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શન (NETC)ને મોકલે છે, જેને NPCI મેનેજ કરે છે. અહીંથી ખબર પડે છે કે કઈ બેંકના ફાસ્ટેગમાંથી પૈસા કપાવાના હતા અને શા માટે ન કપાયા.

3. 'વાહન' પોર્ટલ સાથે ડેટા સિંક: માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે તેના 'વાહન' ડેટાબેઝને ટોલ કલેક્શન સિસ્ટમ સાથે સિંક કર્યો છે. જેમ જ કોઈ ટોલ અનપેડ રહી જાય છે, NPCI તે ડેટાને મંત્રાલયના સર્વર પર મોકલી દે છે. ત્યાં ગાડીના એન્જિન નંબર અને ચેસિસ નંબરના આધારે તે બાકી રકમને તમારા ડિજિટલ રેકોર્ડમાં ઉમેરી દેવામાં આવે છે.

સરકારે નિયમોમાં 'અનપેડ ટોલ યુઝર' શબ્દને પણ વ્યાખ્યાયિત કર્યો છે. આ અંતર્ગત, જો કોઈ વાહનની અવરજવર ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શન (ETC) સિસ્ટમ એટલે કે ફાસ્ટેગ જેવા માધ્યમોથી રેકોર્ડ કરવામાં આવી છે, પરંતુ તેની ચુકવણી નેશનલ હાઈવે એક્ટ, 1956 અનુસાર મળી નથી, તો તેને બાકી ગણવામાં આવશે.

એટલે કે જો તમારા ફાસ્ટેગમાં બેલેન્સ ઓછું હતું અને તમે ટોલ પાર કરી લીધો, તો તે બાકી રકમ તમારી ગાડીના રેકોર્ડ સાથે જોડાઈ જશે. સરકારનું આ પગલું ભવિષ્યમાં શરૂ થનારી 'મલ્ટી-લેન ફ્રી ફ્લો' (MLFF) ટોલિંગ સિસ્ટમ માટે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ સિસ્ટમમાં હાઈવે પર કોઈ ફિઝિકલ ટોલ પ્લાઝા કે બેરિયર નહીં હોય. વાહનો હાઈવે પરથી ઝડપથી પસાર થશે અને લાગેલા કેમેરા અને સેન્સર આપમેળે ટોલ કાપી લેશે.

આનાથી ટોલ પ્લાઝા પર લાગતી લાંબી કતારો સમાપ્ત થઈ જશે અને ઈંધણની બચત થશે. કારણ કે બેરિયર વિના ટોલ વસૂલીમાં કોઈ વાહનને સ્થળ પર રોકી શકશે નહીં, તેથી સરકારે તેને વાહનના કાગળો (NOC અને ફિટનેસ) સાથે જોડી દીધું છે જેથી લોકો પોતે જ સમયસર ચુકવણી કરે. NOC માટે ઉપયોગમાં લેવાતા ફોર્મ 28 ને પણ અપડેટ કરવામાં આવ્યું છે. હવે વાહન માલિકે આ ફોર્મમાં પોતે જ એ ઘોષણા કરવી પડશે કે તેની ગાડી પર કોઈ ટોલ બાકી નથી. આ સાથે જ ગાડી માલિકે સંબંધિત ટોલ વિવરણ પણ આપવું પડશે. ડિજિટલ રીતોને પ્રોત્સાહન આપવા માટે સરકારે એ પણ જોગવાઈ કરી છે કે ફોર્મ 28 ના કેટલાક ભાગો હવે ઓનલાઈન પોર્ટલ દ્વારા ઈલેક્ટ્રોનિક રીતે પણ જારી કરી શકાશે.

# અટલ પેન્શન યોજનાને વર્ષ 2031 સુધી લંબાવાઈ: તેમાં દર મહિને 210 રૂપિયાના રોકાણ પર ₹5000 પેન્શન મળશે...

નવી દિલ્હી, તા.21

અટલ પેન્શન યોજના (APY) ને નાણાકીય વર્ષ 2030-31 સુધી લંબાવવામાં આવી છે. આજ રોજ એટલે કે 21 જાન્યુઆરીના રોજ યોજાયેલી કેન્દ્રીય કેબિનેટમાં તેને લંબાવવાને મંજૂરી આપવામાં આવી. આ યોજના હેઠળ 60 વર્ષના થવા પર દર મહિને 1,000 થી લઈને 5,000 રૂપિયાનું પેન્શન મળે છે. આ સ્કીમ મે 2015 માં શરૂ કરવામાં આવી હતી. અટલ પેન્શન યોજના હેઠળ 60 વર્ષના થવા પર દર મહિને 1000 થી લઈને 5000 રૂપિયાનું પેન્શન મળે છે. તેમાં 18 વર્ષથી 40 વર્ષ સુધીની વ્યક્તિ રોકાણ કરી શકે છે. જો કોઈ વ્યક્તિ આ સ્કીમમાં જોડાય છે, તો તેને ઓછામાં ઓછા 20 વર્ષ રોકાણ કરવું પડશે. આ યોજનામાં રોકાણ માટે તમારી રકમમાંથી કેટલું કપાશે તે આ વાત પર નિર્ભર કરશે કે તમે નિવૃત્તિ પછી કેટલું પેન્શન ઈચ્છો છો. દર મહિને 1 થી 5 હજાર રૂપિયા પેન્શન મેળવવા માટે સબ્સ્ક્રાઈબરને દર મહિને 42 થી લઈને 210 રૂપિયા સુધી ચૂકવવા પડશે. આ 18 વર્ષની ઉંમરે સ્કીમ લેવા પર થશે. જો કોઈ સબ્સ્ક્રાઈબર 40 વર્ષની ઉંમરે સ્કીમ લે છે તો તેને




દર મહિને 291 થી લઈને 1,454 રૂપિયા સુધીનું યોગદાન આપવું પડશે. સબ્સ્ક્રાઈબર જેટલું વધુ યોગદાન આપશે, તેને નિવૃત્તિ પછી તેટલું જ વધુ પેન્શન મળશે.

આ યોજના હેઠળ રોકાણકારો માસિક, ત્રિમાસિક અથવા અર્ધ-વાર્ષિક એટલે કે 6 મહિનાના સમયગાળામાં રોકાણ કરી શકે છે. યોગદાન ઓટો-ડેબિટ થઈ જશે, એટલે કે તમારા ખાતામાંથી નિર્ધારિત રકમ આપમેળે કપાઈ જશે અને તમારા પેન્શન ખાતામાં જમા થઈ જશે. સબસ્ક્રાઈબરના મૃત્યુ પછી તેના જીવનસાથીને સમાન પેન્શન ચૂકવવામાં આવશે અને સબસ્ક્રાઈબર અને જીવનસાથી બંનેના અવસાન પર 60 વર્ષની ઉંમર સુધી જમા થયેલી પેન્શનની રકમ નોમિનીને પરત કરવામાં આવશે. જો 60 વર્ષ પહેલાં મૃત્યુ થાય, તો તેનો જીવનસાથી APY ખાતામાં યોગદાન ચાલુ રાખી શકે છે. ગ્રાહકના પતિ કે પત્ની તે જ પેન્શનની રકમ મેળવવા હકદાર હશે જે ગ્રાહકને મળવાની હતી.

# રોકાણકારોના 3 દિવસમાં 15 લાખ કરોડ સ્વાહા!: ટ્રમ્પની ગ્રીનલેન્ડની જીદ ભારતીય શેરબજારનો કાળ બની....

## સેન્સેક્સ 270 પોઈન્ટ ઘટીને 81,909ના સ્તરે બંધ, નિફ્ટી પણ 75 પોઈન્ટ ઘટ્યો

મુંબઈ, તા.21

શેરબજારમાં આજે એટલે કે 21 જાન્યુઆરી (બુધવાર)ના રોજ ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 270 પોઈન્ટ ઘટીને 81,909ના સ્તરે બંધ થયો. નિફ્ટી પણ 75 પોઈન્ટ ઘટ્યો, તે 25,157ના સ્તરે બંધ થયો. દિવસ દરમિયાન સેન્સેક્સમાં તેના નીચલા સ્તર 81,124 થી 1,000 પોઈન્ટ થી વધુ અને નિફ્ટીમાં ડે-લો 24,919 થી 300 પોઈન્ટ થી વધુની રિકવરી જોવા મળી હતી. આજે બેંકિંગ શેરોમાં સૌથી વધુ વેચવાલી જોવા મળી હતી. રોકાણકારોને મોટો ફટકો પહોંચ્યો માત્ર ત્રણ દિવસમાં જ રોકાણકારોના 15 લાખ કરોડ રૂપિયાથી વધુ સ્વાહા થઈ ગયા છે. સોમવારે BSE માર્કેટ કેપિટલાઈઝેશન 465.68 લાખ કરોડ હતું, જે બુધવાર સુધીમાં ઘટીને અંદાજે 453 લાખ કરોડ રૂપિયા પર આવી ગયું છે.

એશિયાઈ બજારોમાં કોરિયાનો કોસ્પી 0.49% વધીને 4,909 પર અને જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ




0.41% ઘટીને 52,774 પર બંધ થયો. હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 0.37% વધીને 26,585 પર અને ચીનનો શંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.080% વધીને 4,116 પર બંધ થયો. 20 જાન્યુઆરીએ અમેરિકાનો ડાઉ જોન્સ 1.76% નીચે 48,488 પર બંધ થયો. જ્યારે, નેસ્ડેક કમ્પોઝિટમાં 2.39% અને S&P 500માં 2.06% નો ઘટાડો રહ્યો. ટ્રેડ વોરનું જોખમ: બજારમાં આવેલી મંદીનું કારણ વધતી વૈશ્વિક અનિશ્ચિતતા છે. ટ્રમ્પ ગ્રીનલેન્ડને તેનાં સંસાધનો માટે અમેરિકાનો ભાગ બનાવવા માગે છે. યુરોપ તેનો વિરોધ કરી રહ્યું છે. અમેરિકા અને યુરોપ વચ્ચે ઉત્પન્ન થયેલા નવા ભૌગોલિક-રાજકીય તણાવ પછી ટ્રેડ વોરનો ખતરો વધી ગયો છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એ યુરોપિયન સહયોગી દેશોમાંથી થતી આયાત પર ટેરિફ લગાવવાની જાહેરાત કરી છે, જેઓ ગ્રીનલેન્ડ પર કબજાનો વિરોધ કરી રહ્યા છે. આ સ્થિતિ પર ચર્ચા કરવા અને જવાબી કાર્યવાહી પર નિર્ણય લેવા માટે યુરોપિયન યુનિયન (EU)ના નેતાઓ ગુરુવારે બ્રસેલ્સમાં એક ઈમર્જન્સી સમિટ કરવા જઈ રહ્યા છે. અમેરિકી સુપ્રીમ કોર્ટનો નિર્ણય :ગઈકાલે 20 જાન્યુઆરીના રોજ અમેરિકી સુપ્રીમ કોર્ટમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નવી ટેરિફ (આયાત શુલ્ક) નીતિઓની કાયદેસરતા પર સુનાવણી થઈ હતી. બજાર સંબંધિત રિપોર્ટ્સ અનુસાર, કોર્ટના વલણથી એવા સંકેતો મળી રહ્યા છે કે ટ્રમ્પ પ્રશાસનને વ્યાપારિક કડક નિર્ણયો લેવાની છૂટ મળી શકે છે. આનાથી ભારતના IT અને ફાર્મા જેવાં એક્સપોર્ટ ઓરિયેન્ટેડ સેક્ટર્સમાં આજે ભારે વેચવાલી જોવા મળી છે, કારણ કે આ કંપનીઓની મોટી કમાણી અમેરિકાથી આવે છે. રૂપિયાની રેકોર્ડ નબળાઈ અને FIIsની સતત વેચવાલી: ભારતીય રૂપિયો ડોલર સામે 91.10ના ઓલ-ટાઈમ લો (રેકોર્ડ નીચલા સ્તર) પર ટ્રેડ કરી રહ્યો છે. જ્યારે રૂપિયો નબળો પડે છે, ત્યારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FIIs)નો ડોલરમાં મળતો નફો ઘટી જાય છે. NSDLના પ્રારંભિક આંકડા મુજબ, જાન્યુઆરીમાં 29,000 કરોડથી વધુ રકમ પાછી ખેંચી ચૂક્યા હતા.

# દીપિન્દર ગોયલનું ઝોમેટોના CEO પદ પરથી રાજીનામું: બ્લિંકિટના અલ્બિન્દર ઢીંડસા સંભાળશે કમાન.....

નવી દિલ્હી, તા.21

ઝોમેટોની પેરન્ટ કંપની ઈટરનલના ફાઉન્ડર દીપિન્દર ગોયલે ગ્રુપ CEOના પદ પરથી હટવાનો નિર્ણય કર્યો છે. તેમની જગ્યાએ હવે બ્લિંકિટના CEO અલ્બિન્દર ઢીંડસા નવા ગ્રુપ CEO હશે. કંપનીએ બુધવાર, 21 જાન્યુઆરીના રોજ સ્ટોક એક્સચેન્જને આ અંગે જાણકારી આપી.



CEO પદ પરથી રાજીનામાનું કારણ જણાવતા દીપિન્દરે કહ્યું- હું કેટલાક એવા નવા આઈડિયા પર કામ કરવા માંગુ છું જેમાં જોખમ વધારે છે અને ઘણા પ્રયોગોની જરૂર છે. આવા આઈડિયાને ઈટરનલ જેવી પબ્લિક લિસ્ટેડ કંપનીના દાયરાની બહાર રહીને કરવા વધુ સારું છે.

દીપિન્દર ગોયલ હવે બોર્ડમાં વાઈસ ચેરમેન હશે. તેમણે કહ્યું- મેં મારા જીવનના 18 વર્ષ આ કંપની બનાવવામાં આપ્યા છે. હું લોંગ-ટર્મ સ્ટ્રેટેજી, કંપની કલ્ચર અને લીડરશિપ ડેવલપમેન્ટ સાથે જોડાયેલો રહીશ.


**AHMEDABAD MUNICIPAL CORPORATION**
**ELECTRICAL DEPARTMENT**
**SHORT E-TENDER NOTICE**

Operation & Comprehensive Maintenance contract work of Existing VRF AC System for the period of 2 Years at 7th and 8th Floor(ICU Ward) in L.G. Multistoried Hospital Buliding Maninagar, Ahmedabad.

| | |
|---|---|
| Last Date of Online submission up to | Dt.02/02/2026 up to 6.00 p.m only |
| Last Date of Submission of Hard copy(Technical Bid Only) | Up to Dt.03/02/2026 4.00 p.m. |
| Tender Detilas available on | tender.nprocure.com |

# 75 વિસ્થાપિતોને શેલ્ટર હોમમાં ખસેડાયા, વટવા વાનરવટ તળાવની જગ્યામાં 450 ગેરકાયદે બાંધકામ તોડી પાડ્યાં

## કુલ 54,883 ચોરસમીટર જગ્યા ખુલ્લી કરાઈ, 770 મીટરનો રસ્તો ખુલ્લો થયો, તળાવને ઈન્ટરલિંક કરાશે



અમદાવાદ, તા.21

દક્ષિણ ઝોનમાં અગાઉ ચંડોળા, ઈસનપુર પછી મંગળવારે વટવા વોર્ડમાં આવેલા વાનરવટ તળાવની જગ્યામાં બાંધી દેવામા આવેલા ૪૫૦ કાચા-પાકા ગેરકાયદે રહેણાંક અને કોમર્શિયલ બાંધકામ કોર્પોરેશનના ૩૦૦થી વધુ અને પોલીસના ૪૦૦ કર્મચારીઓ અને અધિકારીઓની હાજરીમાં ૧૦ હિટાચી મશીન સહિતની મશીનરીની મદદથી તોડી પડાયા હતા. આ કામગીરીના કારણે તળાવની ૨૮,૨૨૭ ચોરસમીટર સહિત કુલ ૫૪,૮૮૩ ચોરસમીટર જગ્યા ખુલ્લી થવા પામી હતી. કામગીરી દરમિયાન ૭૫ વિસ્થાપિતોને અલગ અલગ શેલ્ટર હોમમા ખસેડાયા હતા. આગામી સમયમાં આ તળાવને અન્ય તળાવ સાથે ઈન્ટરલિંક કરી વરસાદી પાણીનો સંગ્રહ કરવામા આવશે, વાનરવટ તળાવની જગ્યામાં વર્ષોથી થયેલા ગેરકાયદે બાંધકામોને કોર્પોરેશન તરફથી અગાઉ નોટિસ આપવામા આવી હતી.મંગળવારે સવારથી જ અલગ અલગ ટીમ બનાવી તળાવની જગ્યામા તેમજ આસપાસના વિસ્તારના રહેણાંક અને કોમર્શિયલ બાંધકામ તોડવાની સવારે ૮ વાગ્યાથી કામગીરી શરૃ કરવામાં આવી હતી. આ કામગીરીમાં કોર્પોરેશનના એસ્ટેટ ઉપરાંત હેલ્થ, ફાયર અને યુ.સી.ડી. વિભાગનો સ્ટાફ જોડાયો હતો. કામગીરીને ચાર બ્લોકમાં વહેંચવામા આવી હતી.કામગીરીના કારણે ટી.પી.સ્કીમ મુજબ બગીચા માટે રીઝર્વ ફાઈનલ પ્લોટ નંબર-૬૬ની ૬,૬૫૮ ચોરસ મીટરની જગ્યા તથા તળાવની આસપાસના ૧૮ અને ૨૪ મીટર પહોળાઈના રસ્તા ઉપરથી ૧૯૦ જેટલા દબાણ દુર કરવામા આવ્યા હતા.કોર્પોરેશન તરફથી એ.એમ.ટી.એસ.ની બસ દ્વારા ૭૫ વિસ્થાપિતોને લાંભા અને નારોલ ખાતે આવેલા શેલ્ટર હોમ ખાતે ખસેડાયા હતા. આગામી સમયમાં આ તળાવને તળાવ ઈન્ટરલિંક પ્રોજેકટ અંતર્ગત મહાલક્ષ્મી અને રોપડા તળાવ સાથે જોડવામા આવશે. આ પ્રોજેકટથી નીચાણવાળા વિસ્તારોમા વરસાદી પાણી ભરાવાની સમસ્યા ઉકેલાશે. રસ્તાઓ ઉપર ટ્રાફિકની સમસ્યામા ઘટાડો થશે.

# પાણીજન્ય રોગચાળાને નાથવા અમદાવાદમાંથી વધુ 27 પાણીપુરીના પાણી, રગડાના સેમ્પલ લેવાયા

## શહેરના તમામ સાત ઝોનમાં પાણીપુરીના ખુમચા,લારીવાળા સામે સઘન કાર્યવાહી કરાશે



અમદાવાદ, તા.21

અમદાવાદમાં સતત વધી રહેલા પાણીજન્ય રોગના કેસને નાથવા અલગ અલગ વિસ્તારમાં કોર્પોરેશન દ્વારા ઝૂંબેશ ચલાવાઈ રહી છે.મંગળવારે શહેરના હાઈરીસ્ક એવા ૨૬ સ્પોટમાંથી પાણીપુરીના પાણી અને રગડાના ૨૭ સેમ્પલ લેવાયા હતા. તમામ સાત ઝોનમાં આગામી સમયમા પણ પાણીપુરીના ખુમચા અને લારીઓવાળાઓની સઘન તપાસ કરવામા આવશે.૨૮૦ સેમ્પલમાંથી નોન પરમીટેડ ફુડ કલર મળતા આ નિર્ણય કરાયો હોવાનુ સત્તાવારસૂત્રોમાંથી જાણવા મળે છે.

શહેરના સૈજપુર ટાવર ઉપરાંત હીરાવાડી તેમજ કૃષ્ણનગર ચાર રસ્તા ,રામેશ્વર ચાર રસ્તા, ભાર્ગવ રોડની સાથે બાપાસીતારામ ચોક સહિતના વિસ્તારોમાં હેલ્થ વિભાગની અલગ અલગ ટીમ દ્વારા પાણીપુરીના ખુમચાઓ ઉપર વેચાતી પાણીપુરીના પાણી અને રગડાના સેમ્પલ લીધા હતા. ઉપરાંત સ્થળ ઉપરથી સડેલા બટાકા,ચણાં ઉપરાંત તેનો માવો મળી આવ્યો હતો. કોર્પોરેશને કરાવેલ તપાસમાં પાણીપુરીના રગડામા નોન પરમીટેડ ફુડ કલર મળી આવતા સમગ્ર શહેરના ૪૮ વોર્ડમાં પાણીપુરી વેચનારાઓ સામે તપાસ કરવામા આવી હતી. હવે પછી જે તે ઝોન લેવલે ડેપ્યુટી હેલ્થ ઓફિસરને પાણીપુરીના ખુમચા અને લારીઓની તપાસ કરવાની જવાબદારી સોંપવામા આવી છે. નોંધનીય છે કે,કોર્પોરેશનની અલગ અલગ ટીમોએ ૧૧૨૧ જેટલા પાણીપુરીના પાણીના સેમ્પલ લીધા હતા.

# જ્ઞાન, મૂલ્યો અને રાષ્ટ્ર નિર્માણનો સંગમ: એલ.જે. યુનિવર્સિટીમાં ત્રીજો દીક્ષાંત સમારોહ











ગાંધીનગર, તા.21

એલ.જે. યુનિવર્સિટી દ્વારા 20 જાન્યુઆરી, 2026ના રોજ સાંજે 6:00 વાગ્યે એલ.જે. યુનિવર્સિટી કેમ્પસ ખાતે ત્રીજી દીક્ષાંત સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દીક્ષાંત સમારોહ દરમિયાન ફાર્મસી, MCA, B. Sc., M.Sc., MBA, એન્જિનિયરિંગ, IMBA, કોમર્સ, ઈન્ટિગ્રેટેડ MCA, MLT, આર્કિટેક્ચર, પ્લાનિંગ અને ડિપ્લોમા એન્જિનિયરિંગ જેવા વિવિધ અભ્યાસક્રમોના પીએચ. ડી., પોસ્ટગ્રેજ્યુએટ, ગ્રેજ્યુએટ અને ડિપ્લોમા સહિત કુલ આશરે 4400 વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી. આ પ્રસંગે ઉત્કૃષ્ટ શૈક્ષણિક પ્રદર્શન બદલ 48 વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા. આ પ્રસંગે શ્રી અરિફ મોહમ્મદ ખાન, માનનીય રાજ્યપાલ, બિહાર રાજ્ય, મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત દીપ પ્રગટાવા અને પ્રાર્થના સાથે કરવામાં આવી.

દીક્ષાંત સંબોધનમાં માનનીય રાજ્યપાલ શ્રી અરીફ મોહમ્મદ ખાન તેમના સંબોધનમાં સન્માનપૂર્વક વાઈસ-ચાન્સેલર, શૈક્ષણિક અને શાસનના સભ્યો, અતિથિગણ, શિખણાર્થીઓ, માતાપિતા અને મહેમાનોનું સ્વાગત કર્યું. તેમણે યુનિવર્સિટીના ત્રીજા સ્નાતક સન્માન માટે આમંત્રણ બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરી અને વિદ્યાર્થીઓને તેમની શિસ્તબદ્ધ મહેનત અને શૈક્ષણિક સફળતા બદલ અભિનંદન આપ્યા. સાથે જ તેમણે માતાપિતા અને શિક્ષકોની મહેનત અને માર્ગદર્શનને પણ અભિનંદન પાઠવ્યા, જે વિદ્યાર્થીઓની સફળતાનો આધાર છે.

શ્રી ખાન એ ભારતની સંસ્કૃતિના એક અત્યંત મૂલ્યવાન સિદ્ધાંત પર ભાર મૂક્યો કે, જ્યારે સામાન્ય માનવ ઈચ્છે છે કે તે અન્ય લોકોથી આગળ વધે, ત્યારે માતાપિતા અને શિક્ષકો એમ ઈચ્છે છે કે તેમના બાળકો અને વિદ્યાર્થીઓ તેમના કરતાં આગળ વધે. આ મૂલ્ય યુનિવર્સિટીઓ અને સમાજમાં સંસ્કૃતિ, સર્જનાત્મકતા અને વૃદ્ધિ જાળવવામાં મહત્વપૂર્ણ છે.

શ્રી ખાન એ પ્રોફ. બી. એમ. પીરઝાદાને શ્રદ્ધાંજલિ આપી, અને એલ.જે. યુનિવર્સિટીને તેમની ગુણવત્તાયુક્ત અને તમામ માટે ગુણવત્તાયુક્ત, સુલભ શિક્ષણના દ્રષ્ટિકોણનું પ્રતિબિંબ કહીને સન્માનિત કર્યું. તેમણે યુનિવર્સિટીની પારદર્શક શૈક્ષણિક વ્યવસ્થાઓ, જેમાં બ્લોકચેઈન ટેકનોલોજીનો ઉપયોગ શામેલ છે, તેની પ્રશંસા કરી અને આ પ્રકારની પહેલને અન્ય સંસ્થાઓ માટે મોડેલ તરીકે ગણાવી.

ભારતીય જ્ઞાન પરંપરા (Bharatiya Gyan Parampara) પર આધાર રાખતાં, તેમણે જણાવ્યું કે શિક્ષણ દરેક માટે, ખાસ કરીને સ્ત્રીઓ માટે, સુલભ હોવું જોઈએ, કારણ કે જનતાની શિક્ષણ વિના સમાજનો પ્રગતિ શક્ય નથી. તેઓએ ભારતને જ્ઞાનની સંસ્કૃતિ તરીકે દર્શાવ્યો અને પ્રશ્ન ઉઠાવ્યો કે એ દેશ, જેને જ્ઞાન અને વિજ્ઞાન માટે ઓળખવામાં આવતું હતું, તે શતાબ્દીઓ સુધી આ નિયંત્રણ હેઠળ કેમ રહી? શ્રી ખાને સ્વામી વિવેકાનંદ અને સ્વામી રંગનાથનંદનો ઉલ્લેખ કરીને સમજાવ્યું કે ભારતે જ્ઞાન મેળવવાનું ચાલુ રાખ્યું પરંતુ તે લોકો સાથે વહેંચ્યું નથી, ખાસ કરીને ગરીબ અને પછાત વર્ગ સાથે. તેમણે શ્રીમદ ભગવતમાંથી ઉદ્ધૃત કર્યું કે, જે વિદ્યાવાન પોતાની જ્ઞાનની પાછળ જાળવણી કરે છે તે સાચો સરસ્વતીના ભક્ત નથી. સામાન્ય લોકોને શિક્ષણથી વંચિત રાખવું સાંસ્કૃતિક પતનનું મુખ્ય કારણ બન્યું.

ઉપનિષદમાં 'તપ'નો અર્થ તેમણે સ્પષ્ટ કર્યો કે, તપ = સ્વાધ્યાય (આત્મ-અધ્યયન) + પ્રવચન (જ્ઞાન વહેંચવું). તે માત્ર શારીરિક તપ નથી, પરંતુ વિચાર, ચર્ચા અને બુદ્ધિપ્રવર્તન છે. તેમણે ધ્યાન આપ્યું કે વિકાસ વિચારશીલતા, બુદ્ધિ અને શિસ્તબદ્ધ વિચારણાથી થાય છે, ભાવનાત્મકતા દ્વારા નહીં.

શ્રી ખાને વિદ્યાર્થીને સામાજિક જવાબદારી યાદ અપાવી, સ્વામી વિવેકાનંદનું ઉદ્ધરણ આપ્યું કે, "જ્યાં સુધી લાખો લોકો ભૂખ અને અજ્ઞાનમાં જીવતા હોય, તેમને ધ્યાન ન આપનાર દરેક વ્યક્તિ શીખવાની વ્યવસ્થા માટે એક વિત્રારક છે." તેમણે વિદ્યાર્થીઓને જ્ઞાનના ઉપકારને સમાજ માટે ઉપયોગમાં લેવા માટે પ્રેરણા આપી.

તેમણે **લોક સંગ્રહ (Loka Sagraha)**ની મહત્તા પણ સમજાવી–વિશ્વના કલ્યાણ માટે કાર્ય કરવું. તેમણે વિદ્યાર્થીઓને નમ્રતા, શિસ્ત, નૈતિકતા અને સમાજસેવા સાથે વ્યક્તિગત અને વ્યાવસાયિક જીવન સમન્વય કરવા પ્રોત્સાહિત કર્યું. જીવનભર શીખવાની મહત્વતા અને એઆઈ યુગમાં અનુકૂલન ક્ષમતા પણ તેમણે ઊંડા ભારથી રજૂ કરી.

શ્રી ખાને પોતાના સંબોધનનું નિષ્ઠાપૂર્વક સમાપન કર્યું અને જણાવ્યું કે સાચું જ્ઞાન એ બધા જીવને પોતાના એક્સટેન્શન તરીકે જોવું શીખવે છે અને દરેક હૃદયમાં સમાન દૈવીય ઉપસ્થિતિને ઓળખાવે છે. તેમણે જણાવ્યું કે ભારતની સર્વવ્યાપી દૃષ્ટિ વિશ્વને સુમેલ તરફ દોરી શકે છે, જો **વિચાર (vichr)**ને **ક્રિયા (chr)**માં રૂપાંતરિત કરવામાં આવે. તેમણે પ્રાર્થના સાથે અંત કર્યો: "લોકા: સમસ્તા: સુખિનો ભવંતુ" - સર્વ જીવ સુખી રહે. ડૉ. મનીષ શાહ, પ્રમુખ, એલ.જે. યુનિવર્સિટી,એ અધ્યક્ષીય સંબોધન આપ્યું અને વિદ્યાર્થીઓને તેમની સિદ્ધિઓ બદલ અભિનંદન પાઠવ્યા. તેમણે વિદ્યાર્થીઓને શ્રેષ્ઠતા તરફ સતત પ્રયત્નશીલ રહેવા, નૈતિક મૂલ્યો સાથે આગળ વધવા અને સમાજ તથા રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપવા પ્રેરણા આપી. પ્રમુખશ્રીએ શિલ્પકારના હથોડાની ઉપમા આપતાં જણાવ્યું કે જેમ શિલ્પને સૌંદર્ય અને આકાર આપવા માટે હથોડાની આવશ્યકતા હોય છે, તેમ જીવનમાં આવતી મુશ્કેલીઓ પણ માનવને ઘડતી, મજબૂત બનાવતી અને અંતે વધુ તેજસ્વી તથા ઉજ્જ્વળ બનાવતી હોય છે.

પ્રોફ. દિનેશ આવસ્થિ, કુલપતિ, એલ.જે. યુનિવર્સિટી,એ મુખ્ય અતિથિ, મહાનુભાવો, વાલીગણ, ફેકલ્ટી સભ્યો અને દીક્ષાર્થી વિદ્યાર્થીઓનું સ્વાગત કર્યું. પોતાના સંબોધનમાં તેમણે લોક જાગૃતિ કેન્દ્ર તથા સ્વ. પ્રોફ. બી. એમ. પીરઝાદાના સ્થાપનાત્મક દ્રષ્ટિકોણને ઉજાગર કર્યો અને યુનિવર્સિટીના મૂલ્યઆધારિત શિક્ષણ તથા સર્વાંગી વિકાસ પરના ધ્યાન અંગે માહિતી આપી. તેમણે યુનિવર્સિટીની શૈક્ષણિક પ્રગતિ, સંશોધન, નવીનતા, ઉદ્યોગ-શૈક્ષણિક સહકાર, ટકાઉ વિકાસ, સામાજિક સેવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને રમતગમત ક્ષેત્રે થયેલી સિદ્ધિઓનો સંક્ષિપ્ત પરિચય આપ્યો. સમારોહનો અંત આભારવિધિ સાથે કરવામાં આવ્યો અને ત્યારબાદ મુખ્ય અતિથિ તથા મહેમાનોના સન્માનમાં ભવ્ય ગાલા ડિનરનું આયોજન કરવામાં આવ્યું.

# અમદાવાદના માણેકચોકમાં બંગાળી યુવકનો આપઘાત, પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ



અમદાવાદ, તા.21

અમદાવાદના માણેકચોકમાં એક યુવકે ગળેફાંસો ખાઈ પોતાનું જીવન ટૂંકાવ્યું હોવાની ઘટના સામે આવી છે. રૂગનાથ બમ્બાની પોળમાં આવેલા ઓમકાર ફ્લેટમાં આ બનાવ બન્યો હતો, જેના કારણે સ્થાનિક રહીશોમાં ભારે અરેરાટી ફેલાઈ ગઈ છે. પ્રાથમિક દ્રષ્ટિએ આપઘાત પાછળનું કારણ આર્થિક તંગી હોવાનું મનાઈ રહ્યું છે, જે અંગેની જાણ થતાં જ ખાડિયા પોલીસે ઘટનાસ્થળે પહોંચીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, મૃતક યુવક મૂળ બંગાળનો વતની હતો અને અહીં ઓમકાર ફ્લેટમાં વસવાટ કરતો હતો. છેલ્લા કેટલાક સમયથી તે ગંભીર આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો હતો. સૂત્રોના જણાવ્યાનુસાર, યુવક પર દેવાનો બોજ વધી જવાથી તે સતત માનસિક તણાવમાં રહેતો હતો. આ આર્થિક સંકડામણ અને દેવાના ભારથી કંટાળીને આખરે તેણે પોતાના મકાનમાં પંખા સાથે લટકીને અંતિમ પગલું ભરી લીધું હોવાની શક્યતા તપાસવામાં આવી રહી છે.

# કુદરતનો માર અને સરકારની લાલિયાવાડી! 1 લાખથી વધુ ખેડૂતોને કૃષિ સહાયનો બીજો હપ્તો મળ્યો નથી....

અમદાવાદ, તા.21

ગુજરાતમાં આ વર્ષે કમોસમી વરસાદને કારણે ખેડૂતોને આર્થિક નુકશાન ભોગવવાના વારો આવ્યો હતો. ત્યારે રાજ્ય સરકારે 10 હજાર કરોડ રૂપિયાનું કૃષિ સહાય પેકેજ જાહેર કર્યું હતું. જો કે, હવે પાક નુકશાની ચૂકવવામાં પણ સરકારે જાણે ઠાગાતૈયા શરૂ કર્યા છે. પરિણામે સ્થિતિ એવી સર્જાઈ છેકે, એક લાખથી વધુ ખેડૂતોને કૃષિસહા પેસહાયનો બીજો હપ્તો પણ ચૂકવાયો નથી. ગુજરાતમાં ખેડૂતોની દશા કફોડી થઈ છે કેમકે, ખેતી કરવી દિવસે દિવસે મોંઘી થઈ રહી છે. ખાતર, બિયારણથી માંડીને જંતુનાશક દવાઓ અને ખેતમજૂરી પણ મોંઘી થઇ છે. અથાગ મહેનત કર્યા પછી પણ ખેડૂતોને ખેત ઉત્પાદનના પુરતા ભાવ મળતાં નથી. તેમાંય આ વર્ષે કમોસમી વરસાદે ખેડૂતોના મોંઢામાંથી કોળિયો છીનવી લીધો હતો કેમકે, વરસાદી પાણીને લીધે ખેતરમાં ઊભા પાક ધોવાયા હતાં. પાક નુકશાનીને કારણે ખેડૂતોને આર્થિક માર પડ્યો હતો. ખેડૂત આગેવાનોનો આરોપ છેકે, રાજ્ય સરકારે 10 હજાર કરોડ રૂપિયાનું કૃષિ સહાય પેકેજ જાહેર કર્યું, પરંતુ હજુ સુધી એક લાખથી વધુ ખેડૂતો એવાં છે જેમને પહેલો અથવા બીજો હપ્તો ચૂકવાયો નથી.

રાજ્ય સરકારે બે હેકટરની મર્યાદામાં 44 હજાર રૂપિયા સહાય ચૂકવવા નક્કી કર્યું હતું. ત્યારે સહાય માટે હજુય ખેડૂતો રાહ જોઈને બેઠાં છે. ખેડૂતોનું કહેવુ છેકે, રાજ્ય સરકારે પાક નુકશાની તરત જ આપી દેવા વચન આપ્યુ હતું. પરંતુ બે-અઢી મહિના વિત્યા છે ત્યારે હજુ હજારો ખેડૂતો કૃષિ સહાયથી વચિંત રહ્યાં છે. નોંધનીય છે કે, રાજ્ય સરકારે 10 હજાર કરોડ રૂપિયાના કૃષિ સહાય પેકેજમાંથી ખેડૂતોને કેટલાં કરોડ રૂપિયા સહાય ચૂકવી, કેટલાં ખેડૂતો સહાયથી વંચિત રહ્યાં, કેટલી અરજીઓ નામંજૂર થઈ તે મુદ્દો કોઈ ફોડ પાડ્યો નથી. રાજ્ય સરકારે ખેડૂતોને મદદરુપ થવા માટે ટેકાના ભાવે ખેત ઉત્પાદન ખરીદવાનું શરૂ કર્યુ છે. જેના ભાગરુપે ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી ખરીદી લીધી છે. હજારો મણ મગફળીની ખરીદી થઈ ચૂકી છે. આ વાતને આજે 50 દિવસથી વધુ થવા આવ્યાં છે ત્યારે હજુ સુધી સરકારે ખેડૂતોને મગફળીના પૈસા ચૂકવ્યાં નથી. એક બાજુ લગ્ન સિઝન આવી છે ત્યારે ખુદના પાક ઉત્પાદનના પૈસા મળ્યાં નથી, જેના કારણે ખેડૂતોએ વ્યાજે પૈસા લેવા મજબૂર થવુ પડયુ હતું.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393

જાનકી ટ્રેડર્સ
Finolex PIPES
NILKANTH STEEL
JK SUPER CEMENT BUILD SAFE
BUILD SAFE #YehPuccaHai
નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર